
આશીર્વાદ
શ્રી ભાગવત વિદ્યાપીઠ અને
માનવમંદિરના સૌજન્યથી
પ્રથમ વર્ષ
પ્રથમ અંક
નવેમ્બર
S.S. Panchal

सत्यम् शिवम् सुंदरम् ।

# આશીર્વાદ

સર્વે સુખિનઃ સન્તુ

વર્ષ : ૧ ]  સંવત ૨૦૨૨ આશ્વિન : નવેમ્બર ૧૯૬૬  [ અંક : ૧

સંસ્થાપક

દેવેન્દ્ર વિજય
'જય ભગવાન'

*

અધ્યક્ષ

કૃષ્ણશંકર શાસ્ત્રી

*

સંપાદન સમિતિ

એમ. જે. ગોરધનદાસ
કનૈયાલાલ દવે

*

માનદ્ વ્યવસ્થાપક

'શિવશક્તિ'

*

કાર્યાલય

ભાઉની પોળની બારી પાસે,
રાયપુર, અમદાવાદ-૧.

*

વાર્ષિક લવાજમ

ભારતમાં રૂ. ૩-૦૦
વિદેશમાં શિલિંગ ૬-૦૦

## तस्मिन्प्रसन्ने सकलाशिषां प्रभौ किं दुर्लभम् ॥

સ્વાશ્રયને નિત્ય સમ્પત્તિના આશીર્વાદ છે;

સ્વાધ્યાયને નિત્ય સરસ્વતીના આશીર્વાદ છે;

પરિશ્રમને સદા સાફલ્યના આશીર્વાદ છે;

પરોપકારને કાયમ પરમેશ્વરના આશીર્વાદ છે;

પ્રામાણિકતાને પ્રતિક્ષણ પ્રતિષ્ઠાના આશીર્વાદ છે;

પવિત્રતાને પ્રતિદિન પુણ્યરાશિના આશીર્વાદ છે;

વિશ્વાસને શ્વાસેશ્વાસે પ્રભુકૃપાના આશીર્વાદ છે;

શ્રધ્ધાને છાંયડે સદાય શ્રીકૃષ્ણના આશીર્વાદ છે;

આશીર્વાદ સૌના આશીર્વાદ મેળવશે અને
આશીર્વાદ નીવડશે—

એવી અવિચલ શ્રધ્ધાથી વિરમું છું

—અતિથિ

# સંદેશાઓ

■ ભગવાન શ્રી દ્વારકાધીશ અને ચન્દ્રમૌલિશ્વરના આશીર્વાદથી "આશીર્વાદ" ચિરંજીવ બને અને જનતાને આશીર્વાદ સમાન બને, જેથી જનતા ધર્મસંસ્કારનિષ્ઠ અને શ્રેયોભાગી બને.
—જગદ્‌ગુરૂ શંકરાચાર્ય (દ્વારકા)

■ આશીર્વાદને સફળતા મળે એવા મારા શુભાશીષ છે.
—કનૈયાલાલ મુન્શી

■ ભગવાન 'આશીર્વાદ'ને ચિરભીના બનાવે અને સૌને માટે આશીર્વાદરૂપ બની રહે તેવી પ્રાર્થના કરૂં છું.
—મહંત શ્રી શાન્તિપ્રસાદજી વેદાન્તાચાર્ય

■ 'આશીર્વાદ' દ્વારા જનતામાં ધાર્મિક સંસ્કારોનું સિંચન થાય, અને એક અનોખી વિચારધારા ગુજરાતની પ્રજા સમક્ષ વહેતી મુકાય તેવી આશા સાથે આશીર્વાદને મારી શુભેચ્છા પાઠવું છું.
—વિનોદીનીબ્હેન નિલકંઠ

■ અત્યારે જ્યારે સાંસ્કૃતિક અને નૈતિક મુલ્યોનું અધઃપતન થતું ચારે બાજુ દેખાય છે ત્યારે 'આશીર્વાદ' ઉંચા સ્તરનું વાંચન પુરૂં પાડશે એવી શ્રધ્ધા સાથે આશીર્વાદની સફળતા ઈચ્છું છું.
—ગુલાબદાસ બ્રોકર

## આવશ્યક માહિતી

**પ્રકાશનના સામાન્ય નિયમો**

- દર મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- તા. ૨૨મી સુધીમાં અંક ન મળે તો પોષ્ટ ઓફિસ સાથે સંપર્ક સાધી તેના જવાબ સહિત કાર્યાલયને જાણ કરવી.
- પત્રવ્યવહાર સમયે ગ્રાહક નંબર અથવા લવાજમ પહોંચ નંબર જણાવવો જરૂરી છે.
- શિષ્ટ અને સંસ્કારી લેખો, રાષ્ટ્રિય ચારિત્ર્ય અને ભાવના ખિલવતા પ્રસંગો, ભજનો, પ્રવચનો વગેરે સ્વીકારવામાં આવશે.
- પુરસ્કારનું ધોરણ સ્વીકાર્યું છે.
- લેખોની જવાબદારી લેખકોની રહેશે.
- લેખો પરત મંગાવવા જરૂરી ટપાલખર્ચ બીડવું.

## અગત્યની સુચના

■

આશીર્વાદ ન મળવા બાબત,
અગર કોઈ પણ ફરિયાદ અંગે
પત્રવ્યવહાર કરતી વખતે
આપનો ગ્રાહક નંબર અથવા
લવાજમ પહોંચ નંબર જણાવવા
ખાસ વિનંતી છે.

# પ્રાસંગિક

છેલ્લા એકાદ બે વર્ષથી ધાર્મિક ક્ષેત્રે સાહિત્યના માધ્યમ દ્વારા જનસમાજ અને રાષ્ટ્ર માટે કંઈક કરવું એવી હૃદયની તીવ્ર ઉત્કંઠા શ્રી દેવેન્દ્રવિજયની હતી. આ ભાવનાને વડીલો અને સ્નેહીજનો સમક્ષ જ્યારે જ્યારે તેઓએ રજૂ કરી ત્યારે ત્યારે ઉત્સાહપૂર્વક વધાવી લેવામાં આવી. વિચારો પાછળ કાર્ય ચાલ્યું આવે છે તેમ આ વિચારોને સમર્થન મળ્યું અને અંતે સાકાર સ્વરૂપમાં પ્રગટ થયા. પરિણામે "આશીર્વાદ"ને આપના કરકમળમાં રજૂ કરતાં આજે હર્ષ થાય છે.

'આશીર્વાદ' પાસે પોતાની મૌલિકતા અને આગવી નીતિ રહેશે. વિજ્ઞાનના આ યુગમાં આપણે ભૌતિકવાદ તરફ વધુને વધુ દોટ મુકી રહ્યા છીએ – માનવતાને વિસારી માનવી–માનવી વચ્ચેનું અંતર ઓછું કરી રહ્યા છીએ, તેવા સમયમાં માનવધર્મ, નીતિ, ચારિત્ર્ય, રાષ્ટ્રભાવના અને ભારતીય સંસ્કૃતિની સુવાસ ફેલાય તે જોવાની તમન્ના સાથે "આશીર્વાદ"નું નિર્માણ કરવામાં આવ્યું છે. 'આશીર્વાદ' ઘર ઘરનું માસિક બને એ હૃદયની ભાવના છે. તેની પ્રગતિ, તેની સમૃદ્ધિ અને વિકાસમાં આપના સહકારના સિંચનની આશા રાખું તો અયોગ્ય ગણાશે નહિ.

'આશીર્વાદ'ને પોતાનું માની તેના પ્રત્યે સદ્‌ભાવ બતાવી અંગત રસ લઈ, સમયનો ભોગ આપી, શ્રી દેવીપ્રસાદ એમ. જાની (જાની એન્ડ કું. વાળા), શ્રી લક્ષ્મી-નારાયણ સત્સંગ મંડળે તથા અન્ય સેવાભાવી પ્રતિનિધિ ભાઈઓએ સહકાર આપી જે અપૂર્વ ઉત્સાહ બતાવ્યો છે તે બદલ આભારી છું.

અંતમાં 'આશીર્વાદ'ને જનતા જનાર્દનના 'આશીર્વાદ' પ્રાપ્ત થાવ એ જ પ્રભુ પ્રત્યે અભ્યર્થના.

— 'માનદ્ વ્યવસ્થાપક'

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| तस्मिन्प्रसन्ने सकलाशिषां | અતિથિ | ૧ |
| આશીર્વાદ | પૂ. શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રી | ૫ |
| એક પ્રાર્થના | પૂ. શ્રી માતાજી | ૬ |
| तेन त्यक्तेन भुंजिथा | પૂ. શ્રી વિજયશંકર મહારાજ | ૭ |
| આવકાર | શ્રી દુલાભાયા 'કાગ' | ૭ |
| શિક્ષણમાં નૈતિકતા | પૂ. શ્રી જગદ્‌ગુરુ શંકરાચાર્યજી | ૮ |
| शांताकारम् भुजग शयनम् | શ્રી ૐકાર નાથજી | ૯ |
| કળિયુગમાં ધર્મ | પૂ. શ્રી ડોંગરે મહારાજ | ૧૦ |
| જીવન: એક સંવાદ | પૂ. શ્રી ચિત્રભાનુજી મહારાજ | ૧૧ |
| ગીતાનો સિધ્ધ પુરુષ | પૂ. શ્રી અરવિંદ | ૧૨ |
| વીરની વાણી | પૂ. શ્રી વિજય લબ્ધિસુરિજી મહારાજ | ૧૫ |
| જીંદગીની કિંમત | શ્રી કિશનસિંહ ચાવડા | ૧૬ |
| અર્પણ વિના | પૂ. શ્રી નાનચંદજી મહારાજ | ૧૭ |
| ગીતા જ્ઞાન | 'જય ભગવાન' | ૧૭ |
| કાશી અને મઘા | શ્રી મંગળદાસ જે. ગોરધનદાસ | ૧૮ |
| નિર્બળનો બળ રામ | શ્રી નાનાભાઈ ભટ્ટ | ૧૯ |
| માનવ ! | પૂજાલાલ | ૨૦ |
| મહાપુરુષોનું મૂલ્યાંકન | પૂ. શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રી | ૨૧ |
| તેં માતાનું દૂધ લજાવ્યું | શ્રી કનૈયાલાલ દવે | ૨૪ |
| સાક્ષીભાવ | —— | ૨૫ |
| ગીતાનું મંડાણ | પૂ. ગાંધીજી | ૨૬ |
| વિશ્વગીત | ધીરજ વોરા | ૨૮ |
| સાચો ભક્ત | —— | ૨૯ |
| શિબિની સુવાસ | શ્રી નાનાભાઈ | ૩૦ |
| અમુલા પાઠ શમદમના | હૃદયયોગી | ૩૨ |
| આત્મશ્લાઘા | શ્રી જ્યોતિન્દ્ર દવે | ૩૩ |
| सर्वेऽत्र सुखिनः | શ્રેયાનંદ સ્વામી | ૩૯ |
| શબરી તું બડભાગી | શ્રી કરસનદાસ માણેક | ૪૦ |
| હૈયા વરાળ | પૂ. સંત 'પુનિત' | ૪૦ |
| સાચું શિક્ષણ | અતિથિ | ૪૧ |
| રામજી રખવાળ | પૂ. શ્રી વિજયશંકર મહારાજ | ૪૨ |
| નોબત | 'જય ભગવાન' | ૪૨ |

# આશીર્વાદ

*
* *

—પૂ. શ્રી. કૃષ્ણશંકર શાસ્ત્રી

**ये ऽसूयानृतदम्भेर्ष्या हिंसा मान विवर्जिता ।**
**न तेषां सत्यशीलानामाशिषो विफलाः कृता ।।**

આશીર્વાદ એટલે સફલવાણી. વેદની ઋચાઓથી આરંભી વિપ્રની વાકયાવલિઓ, આશીર્વાદ વાકયોથી ભરેલી છે. એક તો આશીર્વાદ અનુવાદ વાકયો છે. વેદો જે વાકયોને બોલે તે મંત્રોને ઋષિઓ ઉચ્ચારે.

બીજાં આશીર્વાદ વાક્યો સિધ્ધ મુનિઓ બોલે. તે પ્રમાણે સર્વ કાર્યો બને. બન્ને વાકયોમાં સત્ય, તપ, મૌનની શક્તિ છે.

આશીર્વાદ બોલવાથી જ આશીર્વાદ બનતો નથી. પરંતુ આશીર્વાદ વાકય બોલનારનાં જીવનવ્રતથી અને તપથી સંકલિત હોય છે. જયારે જયારે તે વાકયો મુખમાંથી નીકળે છે ત્યારે ત્યારે તે સફળ જ બને છે.

વાણીથી વ્યકત થતું વાકય આશીર્વાદ લાગે છે. પરંતુ એ વાણી કોઈ એક "વ્રતી"ની હોય છે. વ્રતીની પાસે અપૂર્વ આત્મબળ અને તપોબળ હોય છે.

સમસ્ત સૃષ્ટિની રચના કરનાર વિધાતાએ પ્રથમ ભગવાનના આદેશથી દૃઢ તપશ્ચર્યા આદરી. તેમાંથી અમોઘ બળ મેળવ્યું. તે બળના આધારે બ્રહ્માએ બ્રહ્માંડ રચ્યું. "તન, મન અને વચન" એ ત્રણેનું તપોબળ એકત્રિત થતાં વાકયસિધ્ધિ આવે છે.

આવી વાકયસિધ્ધ સદાવ્રત જેવી નથી હોતી. ગમે ત્યારે ગમે તે વાકય બોલ્યા જ કરે અને તે વાકય સફળ થયાં જ કરે એવું નથી. પરંતુ જયારે આશીર્વાદ આપનારનું હૃદય આર્દ્ર બન્યું હોય છે, અને ઈશ્વર પ્રેરિત વાકય વાણીમાંથી વ્યક્ત થઈ જાય છે, ત્યારે આશીર્વાદ સ્વયંસિધ્ધ થઈ જાય છે.

પ્રથમ વ્રતીના જીવનની શરૂઆત થાય છે "તન" થી. શીલ અને સદાચારથી શુધ્ધ કરેલા શરીરથી તપશ્ચર્યાનો પ્રારંભ થાય છે. શીત જલથી સ્નાન કરવું, ગ્રીષ્મ કાળમાં સૂર્યની કિરણાવલી સહેવી, વર્ષાઋતુમાં મુશળધાર ધારા નીચે બેસવું અને ઈશ્વરનું આરાધન કરવું એ તપ કહેવાય છે.

આહાર વિહાર બન્ને સાત્વિક અને વ્યવસ્થિત કરવા પડે છે ત્યારે જ તપસ્વી બનાય છે. આહારમાં અન્નનો ત્યાગ કરવો પડે, અથવા તો હવિષ્પાન્ન લેવું પડે છે. તપસ્વીના નિયમો પૂર્ણપણે પાળવા પડે છે.

તપસ્વીના નિયમોમાં પ્રથમ બ્રહ્મચર્ય આવે છે. બ્રહ્મચર્ય આવતાં જ નખ–કેશનાંભ છેદન વર્જ્ય ગણ્યા છે. એકાન્તવાસ પણ તપશ્ચર્યાનું અંગ જ છે. પ્રથમ પ્રયોગે તો તે એક કષ્ટ સ્વરૂપ લાગે છે. પરંતુ બીજી ભૂમિકામાં તે તપશ્ચર્યા રસમયી બનતી જાય છે.

સાચું પૂછો તો લોખંડના ગોળાને અગ્નિની ભઠ્ઠીમાં મુકીને તેને સર્વથા લાલચોળ બનાવવામાં આવે છે. એ સ્થિતિ શરીર માટે આવશ્યક બને છે. સંયમના અગ્નિમાં સંપૂર્ણ કાયાને મુકવાથી તેના દેહના પરમાણુઓનું આમૂલ શુધ્ધ વિશુધ્ધિકરણ થાય છે. વિશુધ્ધ બનેલ દેહ બીજું સોપાન આગળ ભરે છે તે વચનશુધ્ધિ.

વચનશુધ્ધિ સત્યથી અને મૌનથી થાય છે. સત્યવચન એટલે વેદવાણીનો જ ઉચ્ચાર, તેમજ શાસ્ત્રવાકયોનો જ ઉચ્ચાર.

વ્યવહારની ભાષા જયારે શરૂ થાય ત્યારે અંગ નેત્રની ચેષ્ટાથી કાર્ય નભે તો વાણીથી પણ વ્યવહાર ન કરવો એ એક મૌનનું પૂર્વાંગ સિધ્ધ થાય છે. તેમજ તે વાણીનું તપ મનાય છે.

મૌનથી સત્ય સચવાય છે એટલે વાણીના તપમાં મૌનને મોખરે રાખ્યું છે પરંતુ મૌનની વાસ્તવિકતા તો મનનથી અને મંત્રજાપથી બને છે. કેવળ વાણીનો

વિરામ એજ મૌન નથી. કારણકે વાણીનો વિરામ થતાં જ વિચારની દુનિયા શરૂ થાય છે.

વાણીના ભયથી જેટલું બળ ક્ષીણ થાય છે, તેટલું આત્મબળ વિચારોની પરંપરાથી પણ ક્ષીણ થાય છે જ. વિચારોનો વિરામ કરવા માટે મંત્રજાપ અને અંતમાં ધ્યાન. ધ્યાન સમયે પણ ભગવાનના સુમંગલ સ્વરૂપમાં તાદાત્મય સાધવું જોઈએ.

આમ વચનશુધ્ધિનાં "સત્ય, મૌન, વિચાર વિરામ અને મંત્રજાપ" આ અનિવાર્ય અંગો થયાં. આ અંગોથી વચનનું તપ સિધ્ધ થયું.

વચનના તપની સિધ્ધિ પછીથી મનના તપશ્ચરણનો પ્રારંભ થાય છે. સદા વિચારપરાયણ મનને પ્રથમ તત્વવિચારમા રોકી દેવું. એ માટે એને તત્વવિચારનું ભાથું આપવું. બાદ તત્વશીલ મનને વિશ્વના વિચારો નહીં રૂચે. કારણકે જ્યાં મન કેન્દ્રિત થયું ત્યાંથી બીજા ક્ષેત્રમાં જવું તેને નથી રૂચતું. વ્યાપારમાં પરોવાયેલ વ્યાપારીનું મન કોઈપણ ક્ષણમાં વ્યાપાર વિષયક જ હોય છે. તે રીતે તત્વશીલન મન તત્વમય હોય છે.

મનને તત્વવિચારમાંથી પણ પાછું વાળીને ભગવાનના સ્વરૂપમાં કેન્દ્રિત કરી દેવાય છે. ત્યાં કેન્દ્રિત થતું મન સચ્ચિદાનંદમય બને છે. સચ્ચિદાનંદાત્મક મન નિત્યારદથી પૂર્ણ હોય છે, અચિંત્યશક્તિથી પણ પૂર્ણ હોય છે.

આ પ્રકારે "તન, વચન, મન" ત્રણ નિર્મળ, તપસ્વી અને ભગવન્મય બની જતાં જગતની કલ્યાણભાવનાથી તે કોઈ વાર વાકય બોલી જાય છે અને તે આશીર્વાદ બની જાય છે.

આશીર્વાદવાકયોને સ્પર્શતો એક શ્લોક ચિંતનીય છે, પુષ્કળ માર્ગદર્શક છે.

"સત્યશીલ પુરુષોની આશીષ કદિ નિષ્ફળ નથી થતી. માનવમાં છ અવગુણો છે. તેનું નિવારણ કરનાર તપસ્વી મનાય છે. જ્યારે સત્યશીલ પુરુષોમાં તો તે હોતા જ નથી. અસૂયા—અનૃત્ત—દંભ—ઈર્ષા—માન—મદ સત્યશીલ પુરુષમાં પ્રવેશી શકતા નથી."

એક સૂર્ય અનંત અંધારને નિવારી શકે છે એ રીતે કેવળ એક સત્યશીલ પુરૂષ જ આશીર્વાદ આપવા સમર્થ છે.

આર્યાવતમાં અનન્ત તપઃશ્રી પુરુષો અને એઓશ્રીનાં વિપુલ વાઙ્મયો વિશ્વને સદા આશીર્વાદ સ્વરૂપ નીવડે એવી શુભાશા આશીર્વાદના પ્રથમ અંક પ્રભુના પદપંકજમાં પ્રકટ કરી વિરમુ છું.

# એક પ્રાર્થના

હે વિઘ્ન માત્રના વિજેતા, તારો જય હો પ્રભુ !

આ અમારી પ્રાર્થના છે.

અમારી અંદર કંઈ પણ તારા કાર્યમાં વિઘ્નરૂપ ન બનો.

તારા આવિર્ભાવમાં કશું પણ વિલંબરૂપ ન બનો.

સર્વ પદાર્થોમાં પ્રત્યેક પળે તારી ઇચ્છા પૂર્ણ બનો.

તારી સમક્ષ અમે આવ્યા છીએ—એટલા માટે કે તારી ઇચ્છા અમારામાં સિધ્ધ થાય, અમારા એકેએક તત્ત્વમાં, અમારી એકેએક પ્રવૃત્તિમાં, અમારી ચેતનાનાં ઉચ્ચોચ્ચ શિખરોથી માંડી અમારા શરીરના નાનામાં નાના અણુ સુધી.

અમારી નિષ્ઠા કેવળ તારામાં જ રહો, સંપૂર્ણ અને સદાયને માટે.

અમારે ઝીલવી છે કેવળ તારી જ છાયા,બીજા કોઈની નહિ. અમે તારા પ્રત્યે હૃદયના ઊંડાણમાંથી તીવ્ર ભાવે કૃતજ્ઞ રહેવાનું ભૂલીએ નહિ.

તું હર પળે અમને અદ્‌ભુત વસ્તુઓ તારી પ્રસાદીરૂપે આપી રહ્યો છે. એનો અમે કદી દુર્વ્યય ન કરીએ.

અમારામાંની પ્રત્યેક વસ્તુ તારા કાર્યમાં સહકાર આપો. તારા સાક્ષાત્કાર માટે સર્વ કંઈ તૈયાર થાઓ.

સર્વ સાક્ષાત્કારોના હે પરમ ગુરો, તારો જય હો પ્રભુ ! તારા વિજયમાં અમને શ્રદ્ધા આપ, જીવંત અને જ્વલંત, અનન્ય અને અચલ.

— શ્રીમાતાજી

## तेनत्यक्तेन भूंजिथा।

પરમ પદો પર સેવા સુમનોંકો
હે નાથ ચઢાને દો
ભક્તિ ભાવમેં લીન કર મુઝકો
મૌન ગીત અબ ગાને દો
નયન વિમોહન દર્શન કર કે
જીવન શુદ્ધ બનાને દો
ચરણ રેણુ પર લૌટ લૌટકર
તન મન શુધ બિસરાને દો
ઈસ શુષ્ક ધરા પર પ્રેમ નહિ
સો પ્રભુ આજ બહાને દો
દીન દુઃખિત ઔર પતિત જનોંકો
ઉરસે નાથ લગાને દો

—વિજયશંકર મહારાજ

## આવકારો મીઠો આપજે

તારે આંગણિએ કોઈ આશ કરીને આવે રે
આવકારો મીઠો આપજે રે જી
તારે કાને કોઈ સંકટ સંભળાવે રે
બને તો થોડું કાપજે રે જી
માનવી પાસે કોઈ માનવી ન આવે રે (૨)
તારા દિવસની પાસે દુઃખિયા આવે રે....આવકારો.
કેમ તમે આવ્યા છો એમ નવ કે'જે રે (૨)
એને ધીરે ધીરે તું બોલવા દેજે રે....આવકારો.
વાતું એની સાંભળીને....આડું નવ જોજે રે.... (૨)
એને માથું હલાવી હોંકારો દેજે રે....આવકારો.
"કાગ" એને પાણી પાજે....સાથે બેસી ખાજે
એને ઝાંપાએ સુધી તું મેલવા જાજે રે....આવકારો.

—ભક્ત શ્રી. દુલા ભાયા "કાગ"

# શિક્ષણમાં નૈતિકતા

—પ. પૂ. જગદ્‌ગુરુ શ્રી શંકરાચાર્યજી (દ્વારિકા)

રાષ્ટ્રને બળવાન બનાવવા માટે અને તેને પ્રગતિને માર્ગે દોરવા માટે ચારિત્ર્યવાન નવી પેઢીનું ઘડતર કરવું જોઈએ, અને તે માટે વર્તમાન શિક્ષણ પધ્ધતિમાં નૈતિકતાનું તંત્ર દાખલ કરવામાં આવે તે જરૂરી છે. આજે વિદ્યાર્થીઓની ગેરશિસ્ત વિષે ઘણી ફરીયાદો ઉઠતી રહે છે, અને એ અનિષ્ટને દૂર કેમ કરવું તે વિષે ચર્ચાઓ પણ થાય છે. પરંતુ સફળતા નથી મળતી. આજે સર્વત્ર કર્તવ્યપરાયણતા ઓછી થઈ ગઈ છે, અને બાહ્ય આકર્ષણો વધી ગયા છે. આ વાતાવરણ છેક બાળકો સુધી પહોંચી ગયું છે. અગાઉના સમયમાં આપણા દેશમાં ઋષિકુળ, ગુરુકુળ દ્વારા અધ્યાપન કાર્ય થતું હતું. ગુરુકુલની શિક્ષણપધ્ધતિમાં અધ્યાપક માત્ર પુસ્તકિયા જ્ઞાન નહોતા આપતા, પણ પોતાનું વધુ કિંમતી એવું અનુભવ જ્ઞાન આપતા હતા. વિદ્યાર્થીઓમાં શિસ્ત અને સંયમ ખીલવવાં હોય તો વાલીઓએ પ્રથમ કર્તવ્યપાલનની ભાવનાને અને સંયમને જીવનમાં ઉતારવા જોઈએ. વિદ્યાર્થીઓને શિક્ષણ આપનાર શિક્ષકવર્ગે પણ પોતાનું આચરણ એ રીતનું જ રાખવું જોઈએ. તદુપરાંત આપણા શિક્ષણક્રમમાં નીતિ અને સદાચાર શિક્ષણ અંગે નિમાયેલી માજી રાજ્યપાલ શ્રીપ્રકાશ સમિતિની ભલામણ કાર્યગત કરવી જોઈએ.

આજકાલ માનવીના અંતઃકરણમાં આધ્યાત્મિક તત્વ ઘટયું છે. એક રીતે કહીએ તો આખી દુનિયા ઉપર અસંતોષનું પ્રચંડ મોજું ફરી વળ્યું છે. ભારત પણ તેમાં અપવાદરૂપ નથી. આ અસંતોષની ભાવના નાના–મોટા, ગરીબ–તવંગર, સૌ કોઈને સ્પર્શી ગઈ છે. જીવનનું સાચું દર્શન ન કરનારને સંતોષ કેમ મળી શકે? અને સંતોષ વિના શાન્તિ પણ કેમ મળે?

આપણા દેશમાં અગાઉ ઘણા અભણ માણસો પણ સંતોષ અને શાન્તિ અનુભવી શકતા. કારણકે ત્યારે પ્રામાણિક અને અન્ય ધાર્મિક કથાઓના પ્રસારને લીધે સામાન્યમાં સામાન્ય માનવી પણ ઉચ્ચ નીતિમત્તાની ભાવના સેવતો. પરંતુ આજે એ ભાવનાની ઓટ આવેલી છે. તેથી જ સર્વત્ર અશાન્તિ અને અસંતોષનું વાતાવરણ જન્મેલું છે. જીવનમાં રાજકારણ ઉપર સદાચાર અને નીતિનો અંકુશ હોય ત્યાં સુધી રાજકારણ વ્યક્તિ કે સમાજ માટે ઉપયોગી નીવડે નહિ. નીતિ વિનાનું રાજકારણ વ્યક્તિને સ્વાર્થ તરફ દોરી જાય. કારણકે નીતિ વિનાનું માનસ બહિર્મુખ જ રહે, અને બહિર્મુખતા એટલે વિષયપરાયણતા અને વિષયપરાયણ વ્યક્તિની સ્વાર્થ તરફ જ દોટ હોય.

માનવીને આધ્યાત્મિકતાનો માર્ગ અર્થાત્ અન્તર્મુખવૃત્તિના માર્ગમાં આગળ લઈ જનાર તત્ત્વો પ્રાર્થના અને ધ્યાન છે. સત્સંગ દ્વારા આ બન્નેને પુષ્ટિ મળે છે. પરંતુ આધ્યાત્મિકતા કેળવવા માટે જે કોઈ પણ સાધન સ્વીકારો તેમાં નિયમિતતા કેળવવું કદી ભૂલતા નહિ. નિયમિત ધ્યાન, પ્રાર્થના કે ભગવદ્‌ગીતા જેવા ગ્રંથોનું વાંચન જ માનવીને વધુ લાભકર્તા બને છે.

# शांताकारम्
# भुजग शयनम् !

— ૐકારદાસજી.

ભગવાનનું સ્વરૂપ કેવું હશે? અને ખરેખર ભગવાન જેવું કોઈ તત્વ છે કે નહિ? – આવો છેવટનો પ્રશ્ન પણ આપણને થાય તો આપણને કોઈ ઘોર નાસ્તિકમાં ખપાવી દે એવી બીકથી કદાચ આવો થતો પ્રશ્ન પણ આપણે જાહેર કરતા નથી.

પ્રભુનું અસ્તિત્વ જાહેર કરતાં આપણા ઋષિઓએ બે નકાર જાહેર કર્યા છે: नेति नेति.! બે નકાર સૂચવે છે કે એ ચોક્કસ છે. नेति नेति – એ વચન તો વાણી પણ જે વિસ્તારે પહોંચી શકતી નથી એ પ્રભુ છે. એનું વર્ણન કેવી રીતે થઈ શકે?

આમછતાંય પ્રભુનાં દર્શન કરનાર આપણાં સંખ્યાબંધ સંતપુરુષોએ પ્રભુનું વર્ણન સરસ રીતે કર્યું છે. પ્રભુ એમને એ સ્વરૂપે જણાયા. એમણે પ્રભુના એ સ્વરૂપની સ્તુતિ કરી.

આ જગતનું ધારણ કરનાર, એનું પોષણ સંવર્ધન કરનાર ભગવાન વિષ્ણુના સ્વરૂપદર્શનનું ખૂબ જાણીતું વર્ણન આપણને આપણા વ્યવહાર-જીવનમાં કેટલું પ્રેરક બની રહે એવું છે એ આજે આપણે જોઈએ.

જેમ બે નકાર એ પ્રભુના અસ્તિત્વની નક્કરતા દર્શાવે છે એમ બે સમાન એ પ્રભુનું સ્વરૂપ નક્કી કરી આપે છે. ભૌતિક વિજ્ઞાને એમ પૂરવાર કર્યું છે કે બે અસમાન ધ્રુવ વચ્ચે આકર્ષણ હોય છે. પ્રભુની ઉપાસના પણ આપણે ત્યાં પુરુષપ્રકૃતિ રૂપે, શિવશક્તિ રૂપે થયા કરી છે.

અહીં પ્રભુનું – ભગવાન વિષ્ણુના સ્વરૂપનું–જે વર્ણન છે એના પહેલા બે જ શબ્દોથી ભગવાનના સ્વરૂપનું રહસ્ય સમજાઈ જાય છે. એમાં પહેલા શબ્દમાં પ્રભુનો આકાર અને બીજામાં પ્રભુનો આવાસ.

ભગવાનની આકૃતિ શાંત છે. 'शांताकारम्' શાંત આકારની મુદ્રાવાળા ભગવાને આ જગતની ઉત્પત્તિ પછીનું સંરક્ષણ અને સંવર્ધનનું કામ કરવાનું છે. તેમછતાંય શાંતિ! આપણને તો ઘરમાંથી સાબુ કે મગફળી લેવાનું કામ સોંપાય તો પણ આપણે શાંતિ જાળવી શકતા નથી. ચહેરા પરની નસો તંગ થઈ જાય છે. આપણે ઉકળી ઉઠીએ છીએ કે 'એ મારું કામ નથી! હું તો ભગવાનનું ભજન કરું કે મગફળી લાવું?.' પરંતુ ભગવાનનું આ અવિરત સંવર્ધન અને સંરક્ષણ કાર્ય થતું રહે છે અને છતાંયે પેલી અપૂર્વ શાંતિ તો ત્યાં પથરાયેલી જ રહે છે. શાંતિ વિના કશું જ થઈ શકતું નથી. અશાંત માણસ અંધાધૂંધી મચાવી દે છે. એનો વ્યવહાર પણ સાચવી શકતો નથી. એ તો પોતાને નુકશાન કરે છે એટલું જ નહિ પણ બીજાને પણ નુકશાનમાં ઉતારી દે છે! આવા શાંતસ્વરૂપ પ્રભુનું શયન કયાં? આવું ભગીરથ કાર્યકરનાર આરામ કરે છે ભુજગની શૈયા પર. કામ કરનારને સૂવા માટે રૂ તથા મશરૂની તળાઈઓ જ જોઈએ એવું હોતું નથી. પ્રભુ તો શયનમાંયે કામ કરે છે. એને વળી ઊંઘવાનું કેવું? ભુજગની કલ્પના જ આપણી તો ઊંઘ ઉડાડી દે!

પણ ખરેખર આપણે જો ઊંઘતા જ હોઈએ તો એ ઊંઘ ઉડાડવાની જરૂર છે. આ માટે પ્રભુનું આ સ્વરૂપ–વિષ્ણુનું–જેટલું મનોહર છે એટલું જ પ્રેરક છે. ભગવાનને પોતાનું સ્વરૂપ એના સંતાનોમાં સંક્રાન્ત કરવું છે. આપણે સૌએ તો પ્રભુના એ કાર્યમાં સહયોગ આપવાનો છે.

સંસારસાગરમાં આપણો આવાસ છે. સુખની શય્યામાં આળોટવાની કલ્પના કર્યા કરવાથી શાંતિ મળવાની નથી. ચિંતા, ભય અને ક્રોધની લાગણીઓને પંપાળવાથી આનંદ મળવાનો નથી. આ પણી ભગવાન વિષ્ણુને વંદના એટલા માટે છે કે એ 'भव भय हरणम्' છે, આ જીવનના ભયને હરી લેનાર છે. ભગવાન ભય હરી લેવા તો તૈયાર છે, પણ આપણે આપણી આજુબાજુ એવા તો મજબૂત બંધ રાખ્યા છે કે આપણા અંતરમાં ભય દૂર થતો નથી. આ ભવમાં આપણો મોટો ભય મૃત્યુનો છે. આપણે જીવવા માટે ફાંફાં મારીને બંધનોથી મૃત્યુને જાણે વીંટી દેતા હોઈએ એવી ભ્રમણામાં ફરીએ છીએ. પરંતુ વાસ્તવમાં તો પ્રત્યેક દિવસે મૃત્યુ વિજયવંત બનતું કૂચ કર્યા જ કરે છે. એટલા માટે એના ભયનું હરણ કરનાર કેવળ પ્રભુ જ છે, અને આથી એને સર્વસ્વ સમર્પણ કરવાથી હળવા ફૂલ બની જવાશે.

ત્યાર પછી ભુજગના શયન પર પણ શાંત આકારની મુદ્રા ઉઠશે અને પ્રભુનું સ્વરૂપ પ્રત્યેક માનવમાં પ્રગટશે.

આ સુવર્ણ દિવસ આ પૃથ્વી પર આવવાનો છે. પરંતુ આપણે આપણી પૃથ્વીને એવી રીતે તૈયાર કરવાની છે.

# કળિયુગમાં ધર્મ

—શ્રી ડોંગરે મહારાજ

ધર્મના ચાર અંગો મુખ્ય છે (૧) સત્ય (૨) તપ (૩) પવિત્રતા અને (૪) દયા. ધર્મ ત્રણ પગ ઉપર ટકી રહ્યો એટલે તે યુગનું નામ પડયું ત્રેતા-યુગ. ધર્મ બે પગ ઉપર ટકી રહ્યો તે યુગનું નામ પડયું દ્વાપર અને એક પગ ઉપર ધર્મ રહ્યો તે યુગનું નામ પડયું કળિયુગ.

**સત્ય:** અસત્ય બોલે છે તેનાં પુણ્યનો ક્ષય થાય છે. સત્ય દ્વારા નર નારાયણ પાસે જઈ શકે છે. હિતભાષી, મીતભાષી હોય તે સત્યવાદી બની શકે છે.

**તપ:** તપ કરો. દુ:ખ સહન કરી જે પ્રભુ ભજન કરે તે શ્રેષ્ટ. લૂલી માંગે તે લૂલીને આપશો નહીં. થોડું સહન કરો. ઈન્દ્રિયોનો ગુલામ ના બનો. વિધિપૂર્વક ઉપવાસ કરવાથી પાપ બળે છે. ભગવાનના માટે દુ:ખ સહન કરવું, કષ્ટ ભોગવવું એ તપ. વાણી અને વર્તનમાં સંયમ અને તપ જોઈએ.

**પવિત્રતા:** કપડાને પડેલો ડાઘો જશે, પણ કાળજાને પડેલો ડાઘો જશે નહીં. જીવાત્મા બધું છોડીને જાય છે પણ મનને સાથે લઈને જાય છે. પૂર્વજન્મનું શરીર રહ્યું નથી, પણ મન રહ્યું છે. મરણ પછી જે સાથે રહેવાનું છે તેની કાળજી રાખો.

**દયા:** ધર્મનું ચોથું અંગ છે દયા. શ્રુતિ એમ કહે છે કેવળ પોતાના માટે રાંધીને જે ખાય છે, તે અન્ન ખાતો નથી, પાપ ખાય છે.

ધર્મના ચાર ચરણોમાં સત્ય સર્વોપરી છે. મહાભારતમાં સત્યદેવ રાજાની કથા આવે છે. લક્ષ્મી ચંચળ છે. અમુક પેઢીએ તો તે જવાની જ.

એક દિવસ પ્રાત:કાળે સત્યદેવ ઉઠયો, તો તેણે પોતાના ઘરમાંથી એક સુંદર સ્ત્રીને ઘરમાંથી બહાર નીકળતા જોઈ. રાજાને આશ્ચર્ય થયું. તેણે પેલી સ્ત્રીને પૂછ્યું કે આપ કોણ છો ? તે સ્ત્રીએ જવાબ આપ્યો, મારું નામ લક્ષ્મી. હું હવે તારા ઘરમાંથી જવા માગું છું. રાજાએ કહ્યું, આપ જઈ શકો છો.

થોડીવાર પછી એક સુંદર પુરુષ ઘરમાંથી બહાર નીકળ્યો. રાજાએ પૂછ્યું, આપ કોણ છો? તે પુરુષે જવાબ આપ્યો, મારું નામ દાન. લક્ષ્મી અત્રેથી ચાલી ગઈ એટલે તમે દાન કયાંથી કરી શકશો? એટલે લક્ષ્મી સાથે હું જવાનો. રાજા એ કહ્યું, તમે પણ જઈ શકો છો.

થોડીવારે ત્રીજો એક પુરુષ ઘરની બહાર આવ્યો. રાજાએ પૂછ્યું, તમારું નામ? તે ત્રીજા પુરુષે જવાબ આપ્યો, મારું નામ સદાચાર. તમારે ત્યાંથી લક્ષ્મી અને દાન ગયા તો હું પણ જાઉં છું. રાજાએ કહ્યું, તમે પણ જઈ શકો છો.

ત્યાર બાદ એક ચોથો પુરુષ બહાર નીકળ્યો. સત્યદેવે પૂછ્યું, આપ કોણ છો? તે પુરુષે જવાબ આપ્યો, મારું નામ યશ છે. તમારે ત્યાંથી લક્ષ્મી, દાન અને સદાચાર ચાલ્યા ગયા તો એ ત્રણે વિના હું અત્રે કેવી રીતે રહી શકું ? સત્યદેવે કહ્યું :– ઠીક આપ કોણ છો? તમારું નામ શું ? તે પુરુષે જવાબ આપ્યો, મારું નામ સત્ય છે. તારા ઘરમાંથી લક્ષ્મી, દાન, સદાચાર અને યશ ચાલ્યા ગયા, હું પણ તેઓની સાથે જઈશ. સત્યદેવે કહ્યું, મેં તમને કોઈ દિવસ છોડયા નથી તમે મને શામાટે છોડીને જાવ છો ? અરે, તમારે માટે મેં તેઓ સઘળાં–લક્ષ્મી, યશ વગેરેના ત્યાગ કર્યો. તમને હું નહીં જવા દઉં. તમે જાવ તો મારું સર્વસ્વ જાય. સત્ય ન ગયું. સત્ય રહી ગયું એટલે યશ, સદાચાર, દાન, લક્ષ્મી પરત આવ્યા. જ્યાં સત્ય હોય ત્યાં આ બધાએ આવવું જ પડે. સત્ય વગરના આ બધા નકામા છે. લક્ષ્મી, દાન, સદાચાર અને યશ બહાર ગયેલા. તેઓએ સત્યની રાહ જોઈ. સત્ય ન આવ્યું એટલે તેઓ પરત આવ્યા. સત્ય વગરની કીર્તિ, સદાચાર, દાન, લક્ષ્મી શા કામના? માટે સત્ય એ સર્વસ્વ છે. ઉપર પૈકીના પહેલા ચાર સંપત્તિ, સદાચાર, યશ દાન જાય તો જવા દેજો. ગભરાશો નહીં પણ સત્ય ન જવું જોઈએ. જો સત્ય રહેશે તો તેઓને આવ્યા વગર છૂટકો નથી.

ધર્મના આ ચારે અંગો જેના પરિપૂર્ણ હશે તે ધાર્મિક થાય.

ત્રેતામાં સત્ય ગયું. દ્વાપરમાં સત્ય અને તપ ગયાં. કળિયુગમાં સત્ય, તપ, અને પવિત્રતા ગયાં. કળિયુગમાં એક જ દાન પ્રધાન છે. કળિયુગમાં દયાદાન ઉપર, એક પગ ઉપર ધર્મ ટકયો છે.

# એક સંવાદ

*
* *

— પૂ. મુનિશ્રી ચિત્રભાનુ મહારાજ

કોઈ એક સુંદર સાજ હોય, અને એ જો સારા સંગીતકારના હાથમાં, સારા કુશળ કારીગરના હાથમાં આવે તો એમાંથી એવું મધુર, સુંદર અને શાંત સંગીત નીકળે છે કે જેના વડે માણસ પોતે પોતાનું જીવન મધુર કરી શકે, ભક્તિ વડે કરીને મન નિર્મળ કરી શકે, ભાવના વડે કરીને આત્માને ઉર્ધ્વગામી બનાવી શકે. પણ એવું એ સાજ જો અનાડીના હાથમાં આવી જાય, કોઈ અણસમજુના હાથમાં આવી જાય તો એ તાર વગાડી વગાડીને એવી કર્કશતા ઊભી કરે કે સાંભળનારને બેચેન કરી મૂકે–આજુબાજુમાં બેઠા હોય તેને થાય કે આ બંધ થાય તો સારું! સાજ પણ તૂટી જાય અને નકામી કર્કશતા એવી ભરાઈ જાય કે માણસને ત્રાસ ત્રાસ થઈ જાય.

તો સાજ એ જ છે પણ ઉપયોગ કરનાર કોણ છે એ જ મોટો પ્રશ્ન છે. એ જો કારીગર હોય તો સંગીત નીકળે, અણઘડ હોય તો કર્કશતા.

એમ આ સંસાર, આ ધર્મ અને આપણું જીવન. એનો ઉપયોગ કરનાર કોણ છે એના ઉપર બહુ મોટો આધાર રહે છે. લોકો કહે છે કે ધર્મ ખરાબ છે, જમાનો ખરાબ છે. એ લોકો ઓછું સમજે છે. કારણ કે એ લોકો સતત ફરિયાદ કરવામાં જ સમજે છે, પ્રયત્ન કરવામાં નથી સમજતા. જે લોકો આમ ફરિયાદ કરે છે એ લોકો બોલી બોલીને હારી જાય છે, થાકી જાય છે. અંતે એક દિવસ નિરાશ થઈને કહે છે કે અમે ઘણું કર્યું, પણ કંઈ ન વળ્યું. હું એમને કહું છું કે તમે કાંઈ કર્યું જ નથી. તમે એક જ કાર્ય કર્યું–માત્ર ફરિયાદ કરવાનું. અને યાદ રાખજો કે ફરિયાદ કરવાથી કોઈ દિવસ જગતનો પલટો નથી થતો કે જગતમાં નવ-સર્જન નથી થતું.

નવસર્જન કરવા માટે તો આપણે એક પ્રકારનો સંવાદ પેદા કરવો પડે અને જીવનમાં સંવાદ ઉત્પન્ન થાય તો જ આપણા જીવનમાંથી એક ગીત પ્રગટ થાય, આપણું જીવન આદર્શ બને, આપણા જીવનમાંથી એક નવી હવા ઊભી થાય. પછી એ હવાના જોનારા થોડાક માણસો હોય. અને આદર્શોને અપનાવનારા ભલે મૂઠીભર માણસો હોય તો પણ એ મૂઠીભર માણસોથી જે કામ થઈ શકે તે માત્ર ફરિયાદ કરનારાં હજારો માણસોથી પણ નથી થતું. તમે જોયું હશે કે હડતાળિયાઓ હજાર ભેગા થાય અને જેહાદ બોલાવવા સિવાય કાંઈ ન કરી શકે. એ હડતાળ પાડી શકે, બૂમરાણ કરી શકે. કોઈવાર ચાલતા કામકાજને બંધ કરી શકે, પણ સર્જન કાંઈ જ ન કરી શકે. સર્જન તો જે થોડા માણસો કરતાં હોય એ જ કરી શકે. સૂત્રો પોકારવાનું કાર્ય અને જેહાદ કરવાનું કાર્ય જગતમાં ઘણા માણસો કરતા હોય છે, પણ જે સંવાદ સર્જવાનું કામ છે એ તો દુનિયામાં બહુ થોડા માણસો જ કરતા હોય છે. આવા લોકો સંવાદ સર્જી શકે છે અને એ સંવાદ દ્વારા આ સંસારની અંદર કાંઈક પરિવર્તન લાવી શકે છે.

તો આપણે એક વિચાર કરવાનો છે, તમારે વિચાર કરવાનો છે. આટલા વર્ષોથી ભેગા થાઓ છો તો ફરિયાદમાં તમારો નંબર છે કે સંવાદમાં? ફરિયાદમાં હશે તો જગતનો જે પ્રવાહ ચાલે છે તેમાં તમે પણ ગોઠવાઈ જશો, તમારો પણ નંબર લાગી જશે.

તમે જે શ્રવણ કરો છો અને જે વિચારધારાઓ અપનાવો છો એના દ્વારા સંવાદ સર્જવાનો છે. આવું સરસ સાજ–વાજીંત્ર ફરી નહિ મળે. ૮૪ લાખ જીવયોનિમાં ઊંચામાં ઊંચું જો કોઈ સાજ હોય તો એ માનવદેહ. એ માનવદેહમાં રહેલા સૂરોથી, સંગીતથી તો ભગવાન કહે છે કે તું મોક્ષ મેળવી શકે એમ છે. આનાથી વધારે તારે શું જોઈએ છે?

## ગીતાનો સિદ્ધ પુરુષ !

જગતનું કલ્યાણ કરવાની વાસના જેટલી ભયંકર વાસના બીજી એકે નથી. સદ્‌ગુણની પાછળ તો એટલું બધું દૃઢ અભિમાન હોય છે કે તેને ચલિત કરવું એ મહાવિકટ કામ બની રહે છે. કારણકે સદ્‌ગુણની વૃત્તિ એમ જ માની લે છે કે પોતે સંપૂર્ણપણે સાચી જ છે. વળી બીજા માણસો પણ એ વૃત્તિને ખરેખર સાચી માને છે. પરંતુ એ સદ્‌ગુણવૃત્તિમાં એ જ્ઞાન નથી કે એનાથી પણ મહાન એવું એક ઉર્ધ્વ સત્ય આવેલું છે અને તેની સમક્ષ તેણે ઝૂકવાનું છે.

રાજસિક અહંકારની પેઠે સાત્વિક અહંકાર પણ છે. મનુષ્યને જેમ પાપ બંધનમાં નાખે છે તેમ પુણ્ય પણ બંધનમાં નાખે છે......સત્વ આપણને જ્ઞાન અને સુખ દ્વારા બંધનકારક નીવડે છે. સત્વ હંમેશા કોઈ અપૂર્ણ સાક્ષાત્કારની અંદર જ પુરાઈ રહે છે. આપણે ગુણવાન છીએ, આપણા અભિપ્રાયો, આપણા સિધ્ધાંતો તદ્દન સાચા છે એમ તે આપણામાં ઠસાવ્યે જાય છે. અથવા તો અર્જુને કહ્યું હતું તે મુજબ, વિશ્વકલ્યાણ, ન્યાય-અન્યાય અથવા પાપ-પુણ્ય અંગેના આપણા અંગત ખ્યાલો જ આપણે હંમેશા આગળ ધર્યા કરીએ છીએ, અને પ્રભુ આપણી પાસે આપણી ઇચ્છાશક્તિનું જે સમર્પણ માગે છે તે સમર્પણ કરતા નથી. આ સાત્વિક અહંકારમાંથી મુક્ત થવા માટે આપણે પાપ અને પુણ્ય પ્રત્યેની આસક્તિમાંથી उभे सुकृतदुष्कृतेમાંથી નીકળી જઈ ઉપર ચાલ્યા જવાનું છે.

......તમારે ઊંચામાં ઊંચા સાત્વિક અહંકાર-માંથી પણ મુક્ત થવાનું છે મુમુક્ષત્વના, મુક્ત બનવાની ઇચ્છાના સૂક્ષ્મ અજ્ઞાનમાંથી પણ છૂટવાનું છે. અને હરેક પ્રકારના આનંદ અને સુખને કશી આસક્તિ વિના સ્વીકારવાના છે. એમ કરી શકશો ત્યારે તમે ગીતાના સિધ્ધ પુરુષ, પૂર્ણ માનવ બનશો.

—શ્રી અરવિંદ

માણસની પ્રગતિનું છેલ્લામાં છેલ્લું બિંદુ તે મોક્ષ. ગમે તે ધર્મ હોય પણ તે અંતિમ કોઈક વિશ્રામને તો ઇચ્છે જ છે.

Christianity માં Salvation છે, તો હિન્દુઓમાં મુક્તિ છે. વૈષ્ણવોમા વૈકુંઠ છે, તો મુસલમાનોમાં જન્નત છે. એ બધા લોકો જિંદગીનું એક છેલ્લું બિંદુ તો ઇચ્છે જ છે. એ છેલ્લા બિંદુએ પહોંચવા માટે દરેક ધર્મના મહાપુરુષોએ એક વાત તો કબૂલ રાખી છે કે એ બિંદુએ પહોંચી શકાય એમ હોય તો એ માત્ર માનવદેહથી જ પહોંચી શકાય, બીજા કોઈ દેહથી નહિ.

આવું સરસ માનવદેહ સમું સાજ મળ્યું છે તો માનવ આ સાજમાંથી સંગીત કેમ પ્રગટાવી શકતા નથી? કેટલો વિષાદ છે! દુનિયાને સુધારવાની વાત ઘણા કરે છે, પણ દિલ તો સુધરતું જ નથી. તમે દુનિયાને સુધારતા પહેલાં દિલ સુધારો. બસ, દિલમાં સંગીત હોય તો દુનિયામાં સંગીત છે. સંગીત ભરેલા દિલની ભાષામાં સંગીત હોય, ભાવમાં સંગીત હોય, એના વાતાવરણમાં સંગીત હોય, એના જીવન વ્યવહારમાં સંગીત હોય. એમ લાગવું જોઈએ કે હું "જીવન જીવું છું." જે દિવસ આર્તધ્યાન વગરનો છે, જે દિવસ રૌદ્રધ્યાન વગરનો છે એ દિવસ તમારી જિંદગીની નોંધપોથીમાં લખાઈ જાય છે! એ દિવસ ઊંચામાં ઊંચો દિવસ છે. સમજી લેજો કે એ જ જાત્રાનો દિવસ છે. સમજી લેજો કે એ જ તપનો દિવસ છે. સમજી લેજો કે એ જ પ્રભુના પ્રકાશને પામ્યાનો દિવસ છે. કારણકે તમારો એ દિવસ આર્ત અને રૌદ્રધ્યાન વગરનો ગયો અને ધર્મક્રિયા કરવાની પાછળ પણ આ ભાવ સિવાય શું છે એ તમે જ શાંતિથી વિચાર કરો. આપણે આ જીવન શા માટે મેળવ્યું છે? દિવસો પૂરા કરવા માટે? નહિ જ. જો જીવનમાં આગ હોય, મનમાં જ વિષાદ હોય, જે દુનિયામાં રહેતા હો ત્યાં જ સતત ઘર્ષણ હોય અને તેમ છતાં પણ તમારા દિવસો પૂરા થતાં હોય તો એવા પ્રકારના દિવસો શહેરમાં પૂરા કરવા કરતાં એકલા જંગલમાં બેસીને શાંતિથી જીવન જીવવું એ વધુ સારું છે. વિસંવાદવાળું, ઘર્ષણવાળું, કલહવાળું અને જેમાં નિશદિન મનની કટુતા હોય

અવા એ રાજમહેલના જીવન કરતાં ઝૂંપડાનું સાદું પણ શાંત જીવન સારું છે.

એટલે કવિઓને કહેવું પડ્યું કે **वरम् वने वनवासः** । વનવાસ સારો. પણ કેવી રીતે ? સારા માણસોનો સંસર્ગ હોય, સારા માણસોની વાતો હોય, જીવન ઘડે એવા કોઈ બે–ચાર વિચારો હોય, તો રામનો વનવાસ પણ સારો છે અને રાવણનો લંકા નિવાસ પણ નકામો છે. કારણ એ છે કે જે લંકાનો પ્રાસાદ છે તે લંકાના પ્રાસાદમાં વિષયોની ભૂખ છે, કામનો તરફડાટ છે, પ્રેમના પ્રકાશને બદલે પશુતાની પરવશતા છે. એ સોનાની લંકામાં શું ધૂળ છે ?

એટલા માટે તમે જિંદગીમાં સૂત્ર નક્કી કરો કે જેથી દુઃખ ઉત્પન્ન થતું હોય, અશાંતિ મળતી હોય એવા કરોડોની કિંમતના સાધનો હોય તો પણ જતા કરવા, પણ સહન કરીને અશાંતિમાં દિવસો ન કાઢવા.

જેની ખાતર કજિયો થતો હોય એ વસ્તુ ફેંકી દેવી. કારણ કે કજિયા કરતાં સંગીત એ બહુ ઊંચી વસ્તુ છે, અને એ શાંતિના સંગીત ખાતર તો મોટાં મોટાં ચિંતકોએ રાજ્યો અને વૈભવોને પણ જતા કર્યા છે. કોઈએ કહ્યું કે પૈસો તો કહે લઈ જાઓ, કોઈએ કહ્યું કે પ્રસિદ્ધિ તો કહે લઈ જાઓ, રાજ્ય તો કહે લઈ જાઓ પણ અમને શાંતિના સંગીતમાં મસ્તીથી જીવવા દો, અમારી શાંતિ disturb કરશો નહિ. જીવનને ક્ષુબ્ધ કરશો નહિ. અમને ‘ જીવન ’ જીવવા દો.

રોજ સવારે ઉઠતા એક વિચાર કરો. આજનો મારો દિવસ મારે સરસ રીતે પસાર કરવો છે અને એ રીતે પસાર કરવામાં જે વસ્તુ અંતરાય કરતી હોય એ વસ્તુને ફેંકી દેતા શીખો પછી તે પૈસો હોય કે પ્રસિદ્ધિ હોય. શાંતિ મુખ્ય છે અને તેને ટકાવી રાખવાની છે.

એટલા જ માટે તો રામચંદ્રજીએ આખી અયોધ્યા છોડી દીધી. એને થયું કે આ અયોધ્યાથી કૈકયીના મનમાં દુઃખ હોય અને મારા જીવનનું સંગીત લૂંટાઈ જતું હોય તો મારે ન[illegible]જોઈએ

## બે માલિકની સેવા !

કોઈપણ માણસ બે માલિકની સેવા નહિ કરી શકે. તે કાં તો એકને ધિક્કારશે અને બીજાને ચાહશે, અથવા એકને વળગી રહેશે અને બીજાની અવગણના કરશે. તમે પરમેશ્વરને અને પૈસાને એકી સાથે સેવી નહિ શકો.

એટલે હું તમને કહું છું કે શું ખાઈશું, શું પીશું એમ જીવનની ચિંતા ન કરશો–તમે શું પહેરશું એમ શરીરની પણ ચિંતા ન કરશો–અન્ન કરતાં જીવનની, અને વસ્ત્ર કરતાં શરીરની કિમત વધારે નથી શું ? આકાશમાંના પંખીઓ જુઓ ! તેઓ નથી વાવતા કે નથી લણતા કે નથી કોઠારમાં ભેગુ કરતાં. છતાંયે તમારા પરમપિતા તેમનું પાલન કરે છે. એમના કરતાં તમારી કિંમત વધારે નથી શું ? તમારામાંથી કોણ ચિંતા કરી કરીને પોતાના આવરદામાં એક ક્ષણનોયે ઉમેરો કરી શકે એમ છે ? અને તેમ વસ્ત્રોની ચિંતા શા માટે કરો છો ? વગડાનાં ફૂલો નિહાળો. કેવાં ખીલે છે ! નથી એ મહેનત કરતાં કે નથી કાંતતાં અને છતાં હું તમને ખાતરીથી કહું છુ કે સુલેમાને પણ, પોતાના વૈભવને શિખરે હશે ત્યારેય, એમના જેવો પોશાક પહેર્યો નહિ હોય ! એટલે આજે છે અને કાલે ચૂલામાં હોમાઈ જાય છે એવા ઘાસને જો ઈશ્વર આટલું સજાવે છે તો હે અલ્પવિશ્વાસીઓ ! તમને એથીયે રૂડી પેરે સજાવશે એમાં શંકા શી ?

અમે શું ખાઈશું, શું પીશું કે શું પહેરીશું એની ચિંતા કરશો નહિ. એ બધી વસ્તુઓ પાછળ તો નાસ્તિકો જ પડે. તમારા પરમપિતાને ખબર છે કે તમારે આ બધી વસ્તુઓની જરૂર છે. એટલે તમે સૌથી પહેલા ઈશ્વરના રાજ્યની અને એને યોગ્ય ધર્માચરણની પાછળ પડો. એટલે આ બધી વસ્તુઓ તમને આપોઆપ આવી મળશે. આથી તમે આવતી કાલની ચિંતા કરશો નહિ. આવતી કાલ પોતાનું ફોડી લેશે. રોજનો ત્રાસ રોજને માટે પૂરતો છે.

અયોધ્યા કે ન જોઈએ રાજ્ય. મારે તો શાંતિનું સંગીત જોઈએ, તે માટે જંગલ સારું છે.

આજે સાધનોનો સંગ્રહ હોવા છતાં દુઃખ છે, પણ આ વિચારથી સાધનોના સંગ્રહ વિના પણ સુખ થવાનું. એ જે આંતરિક સુખ છે, એને માટે જ ધર્મ તમને માર્ગ ચીંધે છે. ધર્મ તમને બીજું કાંઈ કહેતો નથી. ધર્મ કહે છે કે તમને જે સાજ મળ્યું છે તેમાંથી સંગીત પ્રગટાવો. આના કરતાં સારી વાત કહેનારા દુનિયામાં છે કોણ? હું તમને ફરીથી કહેવા માંગુ છું કે ધર્મ એમ નથી કહેતો કે હોમ કરો, યજ્ઞ કરો, ઘી બાળો. એ બધી વાતો સાથે આપણે સંમત નથી. જ્યારે સાચું ઘી બળતું હતું ત્યારે પણ યજ્ઞોમાં દેવો નહોતા આવ્યા તો આ vegetable ઘીથી દેવો થોડા જ આવવાના છે! શું કરવા ઘી બાળો છો?

ખરી વાત તો એ છે કે જીવન જ યજ્ઞ છે. એ યજ્ઞમાં માણસે એક જ વિચાર કરવાનો છે કે એવું કોઈ પણ કામ હું ન કરું કે જેથી કોઈને દુઃખ ન થાય. આ જગતમાં એક બહુ વિચિત્ર પણ અટલ નિયમ છે કે આજે તમે કોઈને દુઃખી કરી મનમાં હસી લો કે મેં તેને કેવો દુઃખી કર્યો, તો પણ કુદરતમાં એવી વ્યવસ્થા છે કે એ જ દુઃખ ફરતું ફરતું પાંચ દસ વર્ષે તમારી મુલાકાત લે છે. તમે પાંચ દશ વર્ષ પહેલાની એ ઘટના ભૂલી જાઓ છો અને કહો છો કે આ અણધારી આફત ક્યાંથી આવી? આવી અણધારી આફત ઘણા વર્ષો પહેલાં તમે કોઈને ત્યાં મોકલાવી હતી તે વ્યાજ સહિત બીજા રૂપે પાછી આવી!

સૌરાષ્ટ્રના એક ભાઈ અમદાવાદમાં ન્યાયાધીશ તરીકે હતા. સવારના સમયમાં એલીસબ્રિજ આગળ તે ફરવા નીકળ્યા તેમની આગળ બે માણસો ચાલ્યા જાય. એમાંથી એક માણસે બીજાનું ખૂન કરી નાખ્યું! સવારના સમયમાં, કિનારા ઉપર ઊભાં ઊભાં એમણે જોયું કે પેલો માણસ મારીને ભાગી રહ્યો છે. મરનાર બૂમ પાડીને પડ્યો! એટલામાં તો માણસો ભેગા થયાં અને પોલીસ આવી. ત્યાર બાદ પોલીસે તપાસ કરીને એક માણસને પકડ્યો. તેના ઉપર કેસ ચાલ્યો. એ કેસમાં બધાં પૂરાવા રજૂ કરવામાં આવ્યાં અને સિધ્ધ થયું કે ખૂન કરનાર આ જ માણસ છે. પેલા જ ન્યાયાધીશ પાસે આ કેસ આવ્યો હતો. નિયમ તરીકે ન્યાયાધીશ સાક્ષી બની શકતા નથી. એ પોતે જાણતા હતા કે મારનાર આ માણસ તો નહોતો જ. ખૂન થયું એ વાત સાચી, પણ ખૂની ભાગી ગયો અને આ માણસ ઝડપાઈ ગયો. બધાં જ પૂરાવા સબળ હતાં. એની પાસેથી શસ્ત્ર પણ મળી આવ્યું! ચુકાદામાં પૂરવાર થયું કે આ માણસ ખૂની છે, પણ આ ન્યાયાધીશને કુદરતમાં બહુ શ્રદ્ધા, કર્મવાદમાં અપૂર્વ વિશ્વાસ. એમણે વિચાર્યું કે, જો હું તેને નિર્દોષ જાહેર કરીશ તો પણ ઉપરની કોર્ટ તો સજા કર્યા વગર રહેવાની જ નથી, કારણકે સબળ દાર્શનિક પૂરાવા હતા. આ વિચાર ઉપર તેમણે ખૂબ મંથન કર્યું, અને આખરે એક દિવસ ન્યાયાધીશ પોતે જ ખૂનીને મળ્યા. તેમણે કહ્યું: "કોર્ટ તો સાક્ષી અને પૂરાવાઓ પર ચાલે અને કોઈકવાર એમાં સત્ય પણ અસત્ય બને અને અસત્ય પણ સત્ય બને. હું જાણું છું ત્યાં સુધી ભલે તું ખૂની તરીકે પકડાયો, અને કેસ ચાલ્યો, પણ તું આ ખૂનમાં ખોટો સંડોવાયો છે. આમ કેવી રીતે બન્યું તે મને સમજાતું નથી. તું મને સત્ય હકીકત કહે." એમણે એવા પ્રેમથી વાત કરી કે પેલાના દિલનો દરવાજો ખૂલી ગયો. એણે કહ્યું કે 'આપ જે કહો છો તે સાચું છે, પણ સાત વર્ષ પહેલાં મેં ત્રણ ખૂન કરેલાં.' ન્યાયાધીશે આશ્ચર્યથી પૂછ્યું 'ત્રણ ખૂન કરેલાં!' 'હા, પણ એ વખતે મેં એવા મોટા વકીલો રોક્યા અને પૂરાવા ઉભા કર્યા કે ત્રણ ત્રણ ખૂન કરવા છતાં પણ હું નિર્દોષ છુટી ગયો. એ ખૂનથી ભેગા કરેલા પૈસાનો મોટો ભાગ વકીલોને ગયો અને વધેલો આજ સુધી હું ઉડાવતો રહ્યો. પણ અંતે હું પકડાઈ ગયો!' આ ન્યાયાધીશે તેને જન્મટીપની સજા કરી, પણ ઉપલી કોર્ટે તેને ફાંસીની સજા કરી.


કુદરતમાં એવો નિયમ છે કે તમે સરોવરને કિનારે કાંકરો નાખો તો એ સરોવરના જળમાં અનેક તરંગો ઉત્પન્ન થાય અને છેક સામેના કિનારા સુધી જાય. થોડું અંતર વધતાં તમને લાગે કે હવે તો એ તરંગો અદ્રશ્ય થઈ ગયા છે. પરંતુ એ તરંગો અદ્રશ્ય થઈને પણ આગળ ચાલી જ જાય છે. પાણીના અંદરના થરોમાં એ વહે જ જાય છે અને સામેના કિનારે એની ધાર નહીં અડે ત્યાં સુધી એ તરંગો લંબાતા જ રહેવાના.

# વીરની વાણી

વીરપ્રભુની મીઠી વાણી, ભવરૂપ કૂપ બતાવે,
જન્મમરણ રૂપ જલ છે જેમાં, દુઃખનો પાર ન આવે;
ભાવિક ભાવના ભજતાં રે, ધર્મની લગની દિલ લાવે. ૧

કોણ છે તારું કોણ છે મારું, શું કરે મારું મારું,
તારું છે તે તારી પાસે, બીજું બધું સહુ ન્યારું;
મુખથી વીર વીર કરજો, કે દિલમાં ત્યાગ ધર્મ ધરજો. ૨

થોડો થોડો ધર્મ મિલાવો, ધર્મ વીર બનવાને,
સંયમ શક્તિ બાદ મિલતા, ત્યાગ કરો માયાને;
નિજ આતમ કેશ ધ્યાને, કરો દિલ મુક્તિ સન્માને. ૩



આત્મગુણનાં વ્હાણાં વાયાં, જિનવર સૂરજ જાગે,
ભાન ભલીને ભલા માણસો, કાં જોડાવો ભોગે ?
ધરો શિર વૈરાગી છોગે, પડો નહિ દુનિયાના રોગે. ૪

ઘાતીકર્મનો ઘોર શોર છે, દુઃખની ઘોર ખોદાતી,
જ્ઞાનકિરણથી જોઈને જાગો, કાંપી રહે ત્યાં છાતી;
ભાવના શિવસુખ લેવાની, નિરંતર ધરો રાતી રાતી. ૫

આત્મ કમલમાં લબ્ધિસૂરિના, ભાવ કરો નિજ તાજા,
કર્મ સકલને વારી ચેતન, મેવા મેળવજો તાજા;
બનો શિવપુર રાજા, બજે જ્યાં નિત સુખનાં વાજાં. ૬

પૂ. આચાર્ય શ્રી
વિજયલબ્ધિસૂરીશ્વરજી
મહારાજ

# જિંદગીની કિંમત

—કિશનસિંહ ચાવડા

અમે અરૂશાથી નૈરોબી જતા હતા. અરૂશા એ ટાંગાનિકાની ઉત્તર સરહદે આવેલું રૂપાળું નાનું શહેર છે. સુંદરતા અને હવાપાણી બંને માટે મશહૂર છે. ત્યાંથી જરાક ઉપર જઈએ એટલે કેનિયા શરૂ થાય. અરૂશા અને નૈરોબી વચ્ચે લગભગ અડધે અંતરે મસાઈઓના રહેઠાણનું ખાસ જંગલ શરૂ થાય છે. આ જંગલ વીંધીને અમે જઈશું અને રસ્તામાં મસાઈઓ જોવા મળશે એ મારું મોટું આકર્ષણ હતું. પૂર્વ આફ્રિકાની આદિજાતિઓમાં મસાઈ એ ખમીરવંત, વીર્યવાન અને વિરલ જાતિ છે. આધુનિક સંસ્કૃતિનો આ લોકોને જરાય સ્પર્શ થયો નથી. વલ્કલનો એક ટુકડો કમ્મરે લપેટી રાખવો એ જ એમનો પહેરવેશ અને પોતાના કદ જેટલું જ ઊંચું બલ્લમ જેવું કાતિલ હથિયાર એ એમનું જંગલી પશુઓ અને સંસ્કૃત માનવીઓ સામે બચાવનું સાધન. ૭ ફૂટ અને એથીય ઊંચો એમનો કદાવર દેહ કોઈ શિલ્પમૂર્તિ જેવો મનોહર અને શોભાયમાન લાગે. માનવવંશવિજ્ઞાન અને ઇતિહાસની દૃષ્ટિએ એમની ગમે તે હકીકત હોય, પણ એમને જોતાં તો આપણને ભય અને માન એકીસાથે થાય એટલા આ મસાઇ અપૂર્વ દેખાય. એમને વિષે અમે સાંભળેલું કે સિંહ અને મસાઇ એ બેમાં કોણ વધારે ક્રૂર અને બળવાન એ કહેવું મુશ્કેલ. એટલે આ રંગદર્શી આદિજાતિ માટે મારું કુતૂહલ પળે પળે વધતું જતું હતું. આ મસાઇઓને જોવા અને મળવા માટે જ અમે નૈરોબી જવાનો આ લાંબો રસ્તો પસંદ કર્યો હતો. અમારા યજમાને જંગલ શરૂ થતાં જ મોટરના દરવાજાના અને બારીઓના કાચ ચઢાવી દેવાની આજ્ઞા કરી. કારણ આ મસાઇઓના જંગલમાં સિંહોની પણ એટલી જ મોટી વસ્તી હતી. અમારી પાસે માત્ર એક જ રાયફલ હતી. અને પ્રાણના બચાવ માટે જ વાપરવાની અમને છૂટ હતી. વીસેક માઈલ સુધી અમે એ જંગલ વીંધીને આગળ નીકળ્યા હતા. મેં હિંદુસ્તાનમાં બરડા, ગિર, વિંધ્ય અને ટેહરીનાં જંગલો જોયાં હતાં, પણ આ જંગલની ભયંકરતા જોઈને આંખ ઠંડી થઈ ગઈ. સૂનકાર હતો. મધ્યાહ્ન તપતો હતો. માત્ર અમારી મોટરનો અવાજ સંભળાતો હતો. એટલામાં અમે જિરાફના એક મોટા ટોળાંને સડકની એક બાજુએથી બીજી બાજુ નાસતું જોયું.

ઇસ્માઇલે કહ્યું: "આ જિરાફની પાછળ સિંહ પડ્યો હોવો જોઇએ, નહીંતો જિરાફ નાસે નહિ." અને અમારા ભય અને આશ્ચર્ય વચ્ચે સિંહ તાડૂક્યો. પણ આ તો જિરાફની જેમ સિંહ પણ દોડતો હતો. એક જુવાન મસાઈ બલ્લમ લઈને એની પાછળ પડ્યો હતો. અંતર જરા વધે તે પહેલાં મસાઈએ બલ્લમ સિંહ તરફ તાકીને ફેંક્યું. અમારી મોટર થોડી વધુ પાસે સરકી. સિંહ જરા લથડ્યો. ત્યાં તો દોડીને પેલા ભયંકર મસાઈએ પોતાના હાથની કટારથી સિંહનું મોઢું ભરી દીધું. મરણિયો સિંહ કૂદ્યો અને ચૂકાવીને મસાઈએ પોતાનું બલ્લમ લઈને એના પેટમાં હુલાવી દીધું અને લોહીવાળી કટાર ખેંચી બીજીવાર એના ગળામાં પરોવી દીધી. આઠ દસ મસાઈઓ પોતાના હથિયાર સાથે આ વિકરાળ યુધ્ધ જોતા રહ્યા, પણ વચ્ચે ન પડ્યા. સિંહ મર્યાની ખાતરી થઈ ત્યારે બાકીના મસાઈઓએ પેલા યુવાનને ઊંચકીને નાચવા માંડ્યું, કંઈક ગાવા માંડ્યું. ઇસ્માઈલ મોટરનું બારણું ઉઘાડીને બહાર નીકળી પડ્યો. સ્વાહીલી ભાષાનો તો એ કસબી હતો. એમાંથી એક મસાઈએ કહ્યું: "હવે આ જુવાને મારી દીકરીને પરણવાનો અધિકાર મેળવ્યો છે. અમારી જાતિમાં જ્યાં સુધી કુંવારો મસાઈ બે સિંહને પોતાના હથિયારથી મારે નહિ ત્યાં સુધી એને પરણવાનો અધિકાર મળતો નથી."

ઇસ્માઈલે આ વાત મને કહી. જિંદગી માટે મોતને ભેટનાર આ મસાઈઓને જોઈને મૃત્યુના ભયથી જિંદગી ખોઈ બેસનારા આપણા ભાઈઓ મને સાંભરી આવ્યા. જંગલની ભયાનકતા ઓછી થઈ ગઈ, પણ મારા અંતરમાં સૂનકાર છવાઈ ગયો.

## અર્પણ વિના.............

(રાગ : ભૈરવી)

કાગળ તણી હોડી વડે, સાગર કદી ઉતરાય ના;
ચીતરેલ મોટી આગથી, ભોજન કદી રંધાય ના. ૧

ઔષધ તણા નામો ઉચ્ચાર્યાથી જ દરદ દબાય ના;
સેવા તણી વાતો કર્યાથી, સેવ્યના દુઃખ જાય ના. ૨

ચિંતામણીના જાપથી, ચિંતા કદી ઓલાય ના;
વિણ ધાન્ય છાલાં વાવવાથી, પાક ડાંગર થાય ના. ૩

હતવીર્યના હથિયાર દેખી, શત્રુઓ ગભરાય ના;
અક્રિય વાતો–ભવ્ય ભાષણથી વિજય વરતાય ના. ૪

જળ જળ તણાં સ્મરણો કર્યે જળ વગર તરસ છિપાય ના;
ભોજન તણી વાતો કર્યાથી, લેશ પેટ ભરાય ના. ૫

**અર્પણ વિના તર્પણ નથી,** પુરુષાર્થ વગર પમાય ના;
કહે 'સંત શિષ્ય' સદા જગતમાં, સમાજ વિણ સુખ થાય ના. ૬

—'સંતશિષ્ય'

## ગીતા–જ્ઞાન

એકવાર ફિર દેશમેં કૃષ્ણ કરો ઉપકાર
ગુંજ ઊઠે ઘર ઘર ગીતા ભક્તિકી ગુંજાર
ગીતાજીકે સિદ્ધાંત પર ચલે આજ સંસાર
કલહી ભારત દેશકા હો જાયે ઉદ્ધાર.

આવો આવો હે કૃષ્ણ-કનૈયા, સુણાવો ગીતાજ્ઞાન,
આજ અમે તો ભૂલી ગયા, નિજ ધર્મ કર્મનાં ભાન,
ધર્મ વિરોધી કેંક જનો તો, દે છે દુઃખ મહાન....આવો.

પાર્થ વીર સમ બની હૃદયમાં, રાખી આર્ય અભિમાન,
વૈદિક કર્મો નિશદિન કરીયે, યોગ યજ્ઞ તપ દાન....આવો.

આવો પ્યારા પ્રભુ અમારા, કેશવ કૃપા નિધાન,
ગાવો ગીતા ધર્મ શીખાવો, પાવો અમૃત પાન....આવો.

વ્યાપક વિશ્વપતિના પ્રતિ પળ, ગાઈએ રસથી ગાન,
માતૃભૂમિની સદૈવ સેવા, કરીએ દઈ ધન પ્રાન....આવો.

—'જય ભગવાન'

# કાશી • અને મઘા

—મંગળદાસ જે. ગોરધનદાસ

કાશી–વારાણસી તો પ્રસિધ્ધ યાત્રાનું સ્થળ છે. સૌ કોઈ ત્યાં ગયા નહિ હોય તે છતાં સૌને ત્યાં જવાની ઈચ્છા તો રહે જ છે. ત્યાં ગંગાજી વહે છે. ત્યાં મંદિરો છે. વર્ષોથી ત્યાં હિંદુત્વની ભાવના જળવાઈ રહેલી છે. હજુ પણ ત્યાં સંસ્કૃતિનું વર્ચસ્વ હોય એવું હિંદુ સંસ્કૃતિના ઉપાસકોને લાગ્યા કરે છે. ત્યાં ધર્મ છે, પંડિતાઈ છે, અને સંસ્કૃતિ પણ છે. પરંતુ ત્યાં પાપ પણ ભારોભાર ભરેલું છે. ત્યાં પ્રબોધ ભલે હશે, ત્યાં પ્રમાદ પણ છે! ત્યાં સંસ્કૃતિ ભલે હશે, ત્યાં વિકૃતિ પણ છે! ત્યાં દિવ્યતા ભલે હશે, ત્યાં દાનવતા પણ છે! ત્યાં સત્ ભલે હશે, ત્યાં છલકપટ પણ છે! કાશીમાં જઈ કરવત મુકાવવાથી નવાં જન્મમાં ઈચ્છિત ફલમેળવવાં ભલે કોઈ ભાગ્યશાળી થતું હોય! પરંતુ કાશીમાં જનારની બુધ્ધિ પર તો કરવત ફરતાં વાર લાગતી નથી. કાશીનું મરણ ઉત્તમ ગણાય છે. કાશીનું જીવન પણ તેવું ઉત્તમ હોય તે વિષે શંકા છે. લોકો શા માટે કાશી જાય છે? લોકો શા માટે ત્યાં જઈ ગંગાજીમાં સ્નાન કરે છે? પુણ્ય મેળવવાની તમન્ના જ્યારે પરાકાષ્ટાએ પહોંચે છે ત્યારે હિંદુત્વની ભાવનાનો સંઘ કાશીની જાત્રાએ નીકળે છે. વારાણસીને આપણે મુક્તિનું સાધન માનીએ છીએ. વારાણસીની કામનાથી આપણે રોમાંચ અનુભવીએ છીએ. શું આવી ભાવનામાં આપણી સંસ્કૃતિ સમાઈ ગઈ છે? આવી ભાવનાની ભાટાઈ કરવામાં આપણે આજે રચ્યાપચ્યા રહ્યા છીએ. આજે તો આવી ભાટાઈ આપણા પંડિતો, લેખકો અને કવિઓ ઠેર ઠેર કરી સંસ્કૃતિના રક્ષકો બની, ભોળી મૂઢ પ્રજાને ઠગી રહ્યા છે. **काश्याम् मरणान्मुक्तिः ।** (કાશીના મરણથી મુક્તિ છે). આ સૂત્ર શું સાચું હોવા સંભવ છે? પાપી માણસ કાશીમાં મરણ પામે તો પણ મુક્તિ પામી શકે એમ નથી. પુણ્યશાળીને તો કાશીના મરણ તો શું પણ દર્શન વિના પણ મુક્તિ મળી રહે છે. ખરી રીતે જોતાં કાશીનો અર્થ પ્રકાશ થાય છે. અને તે પ્રકાશ તે બ્રહ્મપ્રકાશ છે. તે જ્ઞાનનો પ્રકાશ છે. બુધ્ધિનો પ્રકાશ છે. સદાચરણનો પ્રકાશ છે. સદ્વૃત્તિનો પ્રકાશ છે. એવો પ્રકાશ તો કાશી ગયા વિના પણ મળી શકે તેમ છે. **काशी ब्रह्मप्रकाशः सोऽस्ति यस्यां अवस्थायां सा काशी तस्यां मरणात् मुक्तिः ।** પ્રકાશની અવસ્થામાં જે મૃત્યુ પામે તેની મુક્તિ તો સહજ છે. પરંતુ મુક્તિ મેળવવા માટે મૃત્યુ આવશ્યક નથી. મનુષ્યનું જીવન જ એવું હોવું જોઈએ કે તે મુક્તિની અવસ્થા હોય. જ્ઞાન વિના તેમ બનવું અશક્ય છે. વિમુક્તને બંધન નહિ હોય. તેને નથી પુનર્જન્મનું બંધન કે નથી મોક્ષનુ બંધન. વિમુક્ત થનાર પણ માનવી છે. માનવતાના સંબંધથી વિમુક્ત થનાર કોની સાથે સંબંધ બાંધવા માગે છે? તે સંબંધ તો કોઈ કાલ્પનિક વસ્તુ સાથે બાંધે છે. કલ્પના ગમે તેટલી ઉદાત્ત હોય તે છતાં કાલ્પનિક વસ્તુ સાથે સંબંધ બાંધનાર બ્રહ્મ નથી દેખી શકતો. તે ફક્ત ભ્રાંતિ મેળવે છે. કોઈ પણ પ્રકાશ જો પવિત્ર કરી શકતો હોય તો તે બુધ્ધિનો અને જ્ઞાનનો પ્રકાશ છે. તે પ્રકાશમાં કાશીમાં જઈ પુણ્ય મેળવવાની લાલસા ભસ્મીભૂત થાય છે. મૂઢતા અને મૂર્ખતા, અને અંધશ્રધ્ધાના બંધનમાંથી જે છૂટે છે તે જ વિમુક્ત છે. તેને બીજી મુક્તિ નથી. જ્ઞાનની ગંગામાં દરરોજ સ્નાન કરીને શુધ્ધ જીવનવ્યવહાર તે ચલાવતો હોવાથી વિમુક્ત છે. સદ્વૃત્તિ અને સદાચરણ તેને માટે તે જ્યાં જાય ત્યાં વારાણસી ઊભી કરે છે. તે તો મઘામાં જઈને પણ મઘાને પવિત્ર કરે છે. કાશીથી થોડે દૂર મઘા નામનું સ્થાન છે. તે અપવિત્ર સ્થાન મનાય છે. કાશી જેટલું પવિત્ર ગણાય છે તેટલું જ મઘા અપવિત્ર ગણાય છે. ધાર્મિક હિંદુ ત્યાં જતાં ડરે છે. પંડિત તો ત્યાં પગ નહિ મૂકે. પરંતુ સાત્વિક વૃત્તિવાળો મનુષ્ય મઘાથી અપવિત્ર નથી થતો. તે તો મઘાને પણ પવિત્ર કરે છે. પાપ અને પુણ્યથી ડરનાર અને લોભાનાર, પોતાની વૃત્તિઓથી ડરે છે અને પોતાની કલ્પનાથી સંતોષાય છે. કોઈ કબીરને જ કાશીનો મોહ ગયો છે. કોઈ કબીરને જ મઘાનો ડર નથી લાગતો.

કાશી તજી કબીરને લાગ્યો મઘા શરીર.
શ્યામસુંદર નિજ ગોદમેં લીજે દાસ કબીર.

# નિર્બળનો બળ રામ

*

—નાનાભાઈ ભટ્ટ

માનવી આ જગતમાં અવતાર ધારણ કરીને હુંપણાના અભિમાનમાં ભગવાનને ભૂલી જાય છે. આને પરિણામે તેને સંસારમાં અનેક જાતનાં દુઃખો અનુભવવાં પડે છે, આ હુંપણાનું અભિમાન એવું ઝેરી હોય છે કે અનેક દુઃખો ભોગવવા છતાં ઘણીવાર તો માનવીને એ દુઃખો એટલાં બધાં સદી જાય છે કે એ પોતે તેમને દુઃખો રૂપે જોઈ શકતો નથી, આટલું જ નહિ પણ કેફમાં ને કેફમાં એ દુઃખોને સુખરૂપ માનીને ભોગવે છે. પણ ભગવાન મહાદયાળુ છે. જીવનમાં કોઈવાર ભગવાનની કૃપાથી આવા માનવીનો અજ્ઞાનનો પડદો ચિરાય છે ત્યારે એ પોતે દુઃખમાંથી છૂટવા માટે તરફડિયાં મારે છે ને ભગવાનને શરણે જાય છે. માનવજીવનની આ હકીકત આપણા શાસ્ત્રકારોએ અનેક દૃષ્ટાંતોથી વર્ણવી છે.

પૂર્વે કોઈ બેટ ઉપર એક હાથી રહેતો હતો. આ બેટ અફાટ મહાસાગરની વચ્ચે સૂતો હતો અને મહાસાગરનાં પાણી આ બેટનાં ચરણોને નિરંતર પખાળતાં હતાં. આ બેટની બરાબર મધ્યમાં એક મોટો પર્વત હતો. આ પર્વતને ત્રણ મોટાં શિખરો હતાં: એક શિખર રૂપાનું, એક શિખર સોનાનું ને ત્રીજું શિખર માણેકનું. પર્વતના મસ્તક પરથી અનેક નાનાં મોટાં ઝરણાં નિરંતર વહ્યા કરતાં. આખાય બેટમાં આંબા, સાગ, કદંબ, પીપળા, લીમડા, ઊમરા વગેરે ભાતભાતનાં વૃક્ષો ઝૂકી રહ્યાં હતાં. અને પર્વત ઉપર રંગબેરંગી સુગંધી ફળોનો પણ સુંદર જમાવ થયો હતો. આ બેટ પરનાં ઉપવનોમાં મોર, ચાતક, મેના, કોયલ વગેરે પંખીઓ નિરંતર કિલ્લોલ કરી મૂકતાં અને બેટની શોભામાં અભિવૃદ્ધિ કરતાં. આ મહાસાગરના દૂર દૂરના કોઈ અગમ્ય ખૂણામાં શેષશાયી ભગવાન પોઢતા હતા અને એમની મીઠી દૃષ્ટિ આખાય બેટ ઉપર શાંત અસ્ખલિત વરસ્યા કરતી.

આવા બેટમાં આ હાથી પોતાની હાથણીઓ સાથે વસતો હતો. ગજરાજ બેટનાં સરોવરમાં દરરોજ સ્નાન કરવા જતો. આખુંય સરોવર રંગબેરંગી કમળોથી શોભી ઊઠયું હતું. એકવાર ભરઉનાળે ગજરાજ પોતાની હાથણીઓને સાથે લઈને સરોવરમાં સ્નાન કરવા નીકળ્યો. ગજરાજના મસ્તકમાંથી મદ ઝરતો હતો; તેના કપોલ પર ભમરાઓ ગુંજારવ કરતા હતા. ગજરાજ પોતાની સુંઢ વડે હાથણીઓને સ્પર્શ કરતો ને પરસ્પર લીલાં કૂંપણો લેતો–દેતો તેમના સ્નેહને પોષતો હતો. તેની આંખો મદથી ઘેરાયેલી હતી; તેનાં પગ પૃથ્વી પર પડતા ત્યારે પૃથ્વી જાણે તેના ભારથી નમી જતી હતી. હાથણીઓ તેમજ મીટડા ગજરાજના સ્નેહને ઝીલતાં ઝીલતાં તેની આગળ પાછળ ચાલ્યા આવતા. આમતેમ ડોલતો ધરાને ધણધણાવતો ગજરાજ સરોવર પાસે પહોંચ્યો. તેણે આખાય સરોવર ઉપર એક મદભરી નજર નાખી અને પછી ત્રિભુવનમાં કોઈને ન લેખતો હોય એમ પાણીમાં ઉતરીને જળક્રીડા કરવા લાગ્યો. ઘડીમાં પોતાની સૂંઢમાં પાણી ભરીને પોતાની વહાલી હાથણીઓને પાય, ઘડીમાં સૂંઢમાંથી પાણી ઉરાડીને ગેલ કરાવે, ઘડીમાં કોમળ કમળના દાંડા લઈને મોઢામાં મૂકે, ઘડીમાં પોતાની સ્નેહભીની સૂંઢને એકાદ હાથણીની સૂંઢમાં ભરાવે. આ પ્રમાણે રસિક જળક્રીડા કરતો ગજરાજ મહાલતો હતો એવામાં તેને પગે કાંઈક વળગ્યું–આ શું છે? નીચે નજર કરતાં એક મોટા ઝૂંડને દીઠો. આ ઝૂંડે ગજરાજના પગને બરાબર સકંજામાં લીધો ને પછી તેને ખેંચવા લાગ્યો. આથી હાથી દર્દથી ચીસો નાખવા લાગ્યો. ગજરાજની ચીસોથી હાથણીઓ ને મીટડાં સૌ બેબાકળાં બની ગયાં.

પણ ગજરાજ બળવાન હતો. તેણે જોરથી પોતાના પગને સરોવરની બહાર ખેંચવા માંડ્યો. પેલા ઝૂંડે પણ એટલા જ જોરથી તેને પાણીમાં ખેંચવા માંડ્યો. ઝૂંડ અને હાથીની આ ખેંચાખેંચી એક

**માનવ !**

માનવ! મર્યો પડયો ના રે'તો, જીવન જીવવા છે જેવું.
જોવા જેવું, જાણવાયે જેવું,
નાણવા ને માણવાયે જેવું;
જીવન મોંઘાથીયે મોંઘું વ્હાલપથી વધાવી લેવું.—માનવ !
ઊંચા ઊંચા છે આદર્શ એને માટે,
સાહસ ખેડવાનાં છે લખેલ લલાટે;
વસમી વાટે છે જવાનું, ટેક અટંકી રાખી રે'વું.—માનવ !
નંદનમાંય મળે ના એવા,
જીવનવનના અમરત મેવા;
એનું સ્વર્ગસદનનેય દૈવી વરદાન છે દેવું.—માનવ !
સુખદુઃખની રમતો રમતા,
કે ભુલભુલામણીમાં ભમતા;
અવનવ કિરણતણી કેડીએ ચાલી લક્ષ્ય અનેરું લ્હેવું.—માનવ !
રે ! શું નથી કહો આ જગમાં,
જ્યાં તો રામ રમે રગરગમાં;
પરમાનંદ તણા પ્રેમલ રસપાને સૌ પરમાત્મા જેવું.—માનવ !

—પૂજાલાલ

બે દિવસમાં પૂરી થાય એવી નહોતી. એ ખેંચાખેંચી તો પૂરાં એક હજાર વર્ષ ચાલી અને અંતે ગજરાજ સાવ રાંક જેવો થઈ ગયો. ઝૂંડના સકંજામાંથી છૂટવા માટે તેણે ઘણાં ફાંફાં માર્યાં પણ ફોગટ ! આખરે તેના કોઈ પૂર્વકર્મના ઉદયથી દૂર દૂર મહાસાગરમાં પોઢેલા શેષશાયી ભગવાન તેને સાંભર્યા. તરત જ એ ભગવાનનું એણે સ્મરણ કર્યું : "હે પ્રભો ! હે દીનાનાથ ! મારી હાથણીઓમાં અને મારાં બાળબચ્ચાંઓમાં જ લીન થયેલો હું આપને તદ્દન ભૂલી ગયો છું તે માટે મને ક્ષમા કરો. આ દ્વીપ ઉપર આપની કૃપાદૃષ્ટિ નિરંતર વહ્યા કરે છે, અને એથી જ આ દ્વીપ નિરંતર જીવંત રહે છે. આમછતાં હું આપને ઓળખી શકયો નથી. હે ભગવાન ! મારા અહંભાવમાં તણાઈને મેં આપનું કેવળ વિસ્મરણ કર્યું છે તે માટે મને માફ કરો. મારી આંખે આંધી ચડી એટલે મારા પગ નીચે કેટકેટલા ભયો છુપાયા છે તેનું ભાન ના રહ્યું. આ ઝૂંડ મને ખેંચે છે એ કાળ જ મને ખેંચે છે. આજ સુધી આપને સંભારવાની અને આપને શરણે આવવાની અનેક તકો મને મળી છે, છતાંયે મેં એનો લાભ લીધો નથી. આથી આજે આ ઝૂંડ મને ખેંચી રહ્યો છે. મારું જીવન આજે કાળના જડબામાં પડ્યું છે. આપ દીનબંધુ છો, શરણાગતવત્સલ છો, આપ કૃપાળુ છો. હે ભગવાન ! હું નથી જાણતો મંત્રતંત્રને, નથી જાણતો આપની સ્તુતિ કરતાં. હે પ્રભુ ! આજે દીનભાવે મારું અંતઃકરણ આપને ચરણે મૂકું છું. મને બચાવો.

ગજરાજ આટલું બોલ્યો ત્યાં તો ભગવાન વિષ્ણુ ગરુડ પર બેસી ત્યાં હાજર થયા. ગજરાજે વિષ્ણુનાં ચરણમાં ફૂલનો અર્ઘ્ય આપ્યો અને પછી પોતાનું મસ્તક મૂક્યું. ભગવાન વિષ્ણુએ કમળનું ફૂલ લઈને ગજરાજને પોતાની તરફ ખેંચ્યો ને સુદર્શનચક્ર વડે માથું કાપી નાખ્યું.

માનવી પણ જો એકવાર ખરા દિલથી ભગવાનને શરણે જાય તો ભગવાન તેને કાળના મોંમાંથી બચાવે છે, તો પછી જે લોકો નિરંતર ભગવાનનું સ્મરણ કરે તેમને એ બચાવે તેમાં કહેવું જ શું ?

# મહાપુરુષોનું મૂલ્યાંકન

— કૃષ્ણશંકર શાસ્ત્રી

માનવજીવનનો મોંઘો સમય વ્યર્થ વીતી રહ્યો છે. મોતના મોઢામાં બેઠેલા પરવશ પ્રાણીને મૃત્યુ ક્યારે કોળિયો બનાવી લેશે તેનીકોઈને ખબર નથી. અને કદાચ ખબર હોય તો પણ તેમાંથી છૂટવાનું સામર્થ્ય કોઈની પાસે નથી. જે ધન, માન, કુટુંબ, વિદ્યા, યશ, પ્રભુત્વ વગેરે ઉપર મદાર બાંધીને આજે તમે નાચી કૂદી રહ્યા છો, તેમાંથી એકેય ત્યારે તમને મદદ નહિ કરી શકે. ઉઘાડી આંખે, દેખતે ડોળે તેઓ હાથતાળી આપી ચાલ્યા જશે ત્યારે જ તમને દુઃખ થશે. તેની કલ્પના પણ અત્યારે નહિ થઈ શકે. તમારી પાસે તો માત્ર પસ્તાવો અને 'હાય હાય'ની જ સિલક રહેશે! મમતા બાંધનાર અને મમતાના બંધાનાર બંને જણ નિરૂપાય બની જશે. એ વખતે સાચી સમજ આવશે કે 'અરેરે! અમે બહુ મોટી ભૂલ કરી. પ્રભુની કૃપારૂપે મહામુશીબતે જે માનવદેહ મળ્યો હતો તેને સસ્તી કિંમતે વેચી નાખ્યો! પરંતુ રાંડ્યા પછીનું ડહાપણ કોઈ દિવસ કામમાં આવ્યું ખરું? ઘર બળી ગયા પછી આગ હોલવવા પાટે વલખાં મારવા એ શું વ્યાજબી છે?

માટે, જ્યાં સુધી બાજી હાથમાં છે અને કાયા સાજી છે ત્યાં સુધી પ્રભુને રાજી કરી લ્યો, મોંઘી માનવતાનું સાચું મૂલ્યાંકન કરી કાયાનું કલ્યાણ કરો. પ્રભુ સાથે તમારો સંબંધ જોડાય એમાં જ તમારું શ્રેય સમાયેલું છે. સંતોની શિખામણ હૈયામાં ઉતારી તેનું પરિપાલન કરો. તેમણે ચિંધેલા માર્ગે ડગલા ભરીને તેમનાં જેવા જ બનવાની ભાવના રાખો. જો દિલથી પ્રયત્ન કરશો તો જરૂર સફળતા મળશે. તમારામાં ઓછી શક્તિ હશે તો સંતશક્તિ તમારી વહારે ચડશે અને પ્રભુની કૃપા તો છેવટે છે જ! તમારું બળતું હૈયું આનંદ અને શાંતિના સાગરની ટાઢક અનુભવશે.

પણ હા, સંતોની બાહ્ય નકલ કરવાથી કંઈ દહાડો નહિ વળે. આધુનિક કેળવણી પામીને પોતાને કેળવાયેલા માનનાર વર્ગના મોટા ભાગને કાં તો સંતની કંઈ કિંમત નથી, અને **જેમને સંતો તરફ માનભરી લાગણી છે, તેમાંનો મોટો ભાગ સંતોની ઊંચી આધ્યાત્મિક શક્તિથી મહદ્ અંશે અપરિચિત હોય છે.** તેઓ તો તેમને મળતા લૌકિક માનસન્માન પર, તેમની પૂજા-પ્રતિષ્ઠા પર, તેમના બહારના દેખાવ પર જ લટ્ટુ બની જાય છે. પરિણામે તેઓ પણ જાણે-અજાણે દંભી બનતા જાય છે, માનસન્માન, પૂજા-પ્રતિષ્ઠા અને યશ-કીર્તિ કમાવાની મોહજાળમાં તેઓ સપડાઈ જાય છે અને તેને મેળવવાની મહત્વાકાંક્ષાને લીધે ચમત્કારોની વાતો ફેલાવે છે. યોગાભ્યાસને અભાવે જ્યારે યૌગિક વિભૂતિઓને તેઓ પ્રાપ્ત કરવા અસમર્થ બને છે ત્યારે સંતોને નામે સાચી જૂઠી વાતો ફેલાવીને તેમના સેવકવર્ગમાં તેઓ અશ્રદ્ધા પ્રગટાવે છે અને પુણ્યપંથેથી તેમને ગબડાવી તેને પાપપંથે વાળે છે.

યોગવિભૂતિઓ આવા ઢોંગી-ધૂતારાઓના નસીબમાં ક્યાંથી લખાયેલી હોય? કારણકે, યોગનાં આઠ અંગોમાં પહેલાં બે અંગો યમ અને નિયમ છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આટલાં યમ છે; અને શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાન આટલા નિયમ છે. યોગરૂપી મહાલયનો પાયો આ બે વિના કાચો છે અને કાચા પાયાવાળો મહેલ કેટલા દિવસ ટકે? એટલે જ આજે પોતાની જાતને 'યોગી' તરીકે ઓળખાવનાર ઘણા મળે છે, પરંતુ યોગસિધ્ધ સત્પુરુષોનો અભાવ જણાય છે. માટે માન-મોટાઈ મેળવવાની વાસનાને વશ થઈને સંતની નકલ ના કરશો. તેમનાં આચરણોનું અનુસરણ કરીને સાચા સંત બનવાનો યત્ન કરો.

સંતોની લીલા ખરેખર અદ્ભુત છે. તેમના મહિમાનાં ગાન કોણ ગાઈ શકે? જે અનાદિ, એક, સર્વવ્યાપી, સર્વાધાર, સર્વનિયંતા, સર્વમય છે; જેની હયાતીથી બધાની હયાતી છે, જેના સ્વતઃસિધ્ધ પ્રમાણને લીધે બધાં પ્રમાણ મનાય છે, જેની ચેતનાને અંગે બધામાં ચેતન છે, અને જેના આનંદથી બધાં આનંદિત છે, જે આ હયાતી, પ્રમાણ, ચેતના અને આનંદથી અળગા નથી; પરંતુ જે સ્વયં સત્,

## એ કદી ન ભૂલશો ! *

એ કદીયે ન ભૂલશો કે તમે એકલા નથી. પ્રભુ તમારી સાથે છે અને તમને મદદ કરી રહેલા છે, માર્ગ બતાવી રહેલા છે એ એક એવો સાથી છે, જે કદીયે તમારો સાથ તજતો નથી. એ એક એવો મિત્ર છે, જેનો પ્રેમ આશ્વાસન આપે છે, બળ આપે છે.

શ્રધ્ધા રાખો અને તમારે માટે તે બધું કરી દેશે.

—શ્રી માતાજી

પ્રમાણ, ચેતન અને આનંદરૂપ છે, જેની આવી વ્યાખ્યા તેમના એક અંગતું પણ વર્ણન કરી શકે તેમ નથી; જે વર્ણનાતીત અને કલ્પનાતીત છે એવા પરમ સતમાં જેની અચળ, અભેદ્ય નિત્ય નિષ્ઠા–પ્રતિષ્ઠા છે તે જ સત્ અને સત્ એ જ સંત છે.

સાચી વાત તો એ છે કે, સંતના સ્વરૂપનું વર્ણન કરવાનો પ્રયાસ કરવો એ જ તેમનું અપમાન કરવા બરાબર છે. અલબત્ત અચ્યુતમાં જેની પ્રતિષ્ઠા થયેલી છે તે કદીયે ચ્યુત થઈ શકે નહિ. છતાં આપણી અલ્પબુધ્ધિથી તેમનું માપ કાઢવા મથવું એ કેવળ બાળચેષ્ટા છે. હા, પણ જો એ બાળચેષ્ટા સરળ હૃદયના બાળક જેવી જ નિર્દોષ હોય તો તે પણ લાભદાયક નીવડે છે. દોષોની દૃષ્ટિ દૂર કરીને અન્ય કોઈ પણ હેતુથી સંતનું સ્મરણ ચિંતન કરવાથીયે બહુ નફો મળે છે; કારણકે સંતોનો સંગ અમોઘ છે. જે કદી નિષ્ફળ ના જાય તેને જ 'અમોઘ' કહેવાય.

આપણી ફરજ તો સંતની સાચા દિલથી સેવા કરવાની છે, તેમની આજ્ઞાનો અમલ કરવાની છે. તેમને ત્રાજવે તોલવાનું કામ આપણી શક્તિ બહારનું છે. શ્રધ્ધા અને ભક્તિ રાખી તેમની કૃપા મેળવવાનો યત્ન કરો. કોઈક દિવસ તમારા ઉપર કૃપાનો વરસાદ જરૂર વરસશે. તેઓ જ્યારે તમને સંતજીવનનું રહસ્ય બતાવશે ત્યારે તમે છક થઈ જશો. તમને તે ત્યારે સમજાશે જ્યારે જે વસ્તુની તમે કલ્પના પણ નથી કરી શકતા એવી એક નહિ પણ અનેક વસ્તુઓ તેઓ કરી શકે છે. અશ્રધ્ધાળુ સમાજ ભલે તેને હસી કાઢે, પરંતુ સંતને એની સાથે શી નિસ્બત ? કોઈ માને કે ના માને તેની તેમને બિલકુલ પરવા નથી હોતી. તેઓ તો પોતાની મસ્તીમાં મસ્ત હોય છે. જગતના પ્રમાણપત્રની તેમને કંઈ જ પડી નથી. કોઈપણ પ્રમાણપત્ર તેમની સાચી સ્થિતિનું બયાન કરવા માટે લાચાર છે. **જે પોતે ખરેખર સંત નથી છતાંયે સંતનો વેશ જેણે ધારણ કર્યો છે તેને જગતનાં 'સર્ટીફિકેટો'ની જરૂર જણાય છે; બાકી સાચા સંતો તેને કદી સ્વીકારતા નથી.**

સંત બ્રહ્મ છે, બ્રહ્મમાં સ્થિત છે, બ્રહ્મજ્ઞાની છે, બ્રહ્મપરાયણ છે, બ્રહ્મમય છે. સંત પરમાત્માનો આશ્રય છે, પરમાત્મા છે, પરમાત્માનું સ્વરૂપ છે, પરમાત્માના પ્યારા છે, પરમાત્માના શિષ્ય છે અને પરમાત્મામાં આશ્રિત છે. સંત ભગવાનની દિવ્ય નિત્ય લીલામાં સહાયક છે, નિત્ય લીલાનું પાત્ર છે, લીલાનું સાધન છે, લીલાનું યંત્ર છે, ખુદ લીલા છે અને લીલામયનું હૃદય છે. તેઓ સર્વ કાંઈ છે. અન્તર્જગત, કારણજગત બધામાં તેમનો પ્રવેશ છે, અને કારણ જગતથી તેઓ પર પણ છે. પણ એટલું ના ભૂલશો કે આ બધી વાતો સંતની છે, સંતવેશધારીની નાહ. જેનામાં આટલી શક્તિ હોય તે જ સંત છે.

આવા સંતનો સમાગમ કરો. ભગવાનને તે માટે પ્રાર્થના કરો. પ્રભુની દયા ઉતરશે ત્યારે જ આવા સંતનો લાભ મળશે. સંતોની દૃષ્ટિએ સંતનું મિલન ભગવાનના મિલન કરતાં પણ મોંઘુ છે; કારણકે પ્રભુની કચેરી( ઓફીસ )ની છેલ્લામાં છેલ્લી બાતમીથી તેઓ વાકેફ હોય છે અને તેઓ જ ભગવાનનું રહસ્ય જાહેર કરે છે. તેથી જ સંતજનો સંતમિલન માટે જ પ્રભુને પ્રાર્થે છે અને એવા સંતપ્રેમી સમાજની પ્રેમપિયાસાને છીપાવવા માટે જ ભગવાન પણ તેમને સાંભળવાનો લોભ જતો કરી શકતા નથી. જે વાતો પ્રભુ પોતાને મોઢે કરી શકતા નથી, છતાં તે જાહેર થાય એમ પોતે ઈચ્છે છે, એવી વાતો સાંભળીને ભગવાનની છાતી ગજ ગજ ફૂલે છે. તે વખતે પોતાના પ્રેમીને ભેટવાની અત્યંત તાલાવેલીને અંગે તે ત્યાં પ્રગટે છે અને

પોતાનાં માનેલા સંતોને બાઝી પડે છે. ત્યારે ભગવાન સંત બને છે અને સંત ભગવાન બને છે. આ આનંદરસ લૂંટવો હોય તો બસ સંતમિલન માટે પ્રભુને કાલાવાલા કરો.

આવા સંતના દર્શનથી તમારા હૃદયના કબાટ વગર ચાવીએ ઊઘડી જશે અને અંદરનો અખૂટ ખજાનો તમે છૂટે હાથે વાપરી શકશો. પરોપકારાર્થે ખજાનો ખરચવાથી એક પ્રકારનો સાત્વિક આનંદ ઉભરાય છે. એ આનંદ સાગરમાં ડૂબકી મારીને તેમાં એકરૂપ બની જાઓ. પછી તો તમે કલ્યાણના સાગર બની જશો અને તમારા સમાગમમાં આવનાર મુમુક્ષુઓ પણ તેમાં સ્નાન કરીને પોતાની જાતને ધન્ય બનાવશે.

કદાચ આવા સંત ના મળે તો પણ તેમની સ્મૃતિથી જ પાપ–તાપ અને અજ્ઞાન–અહંકારનો નાશ થઈ જશે.

આવા સંતોની સંખ્યા ઘણી થોડી છે, છતાં એ થોડી પણ બહુ છે. તેમના અસ્તિત્વને લીધે જ વિશ્વનું મંગલ અને જનતું કલ્યાણ ટકી રહેલું છે. તે પાખંડીઓના પાખંડને પડકારીને અજ્ઞાનનો પડદો ચીરી નાખે છે. જે અણસમજુ છે તેઓ ભલે હીરાનો અને કાચનો ભેદ ના સમજી શકે, પરંતુ સાચો ઝવેરી તો તરત જ તેને પારખી શકે છે. આટલુ હોવા છતાંયે, જે સંત છે તે જ સંતને સાચા સ્વરૂપે ઓળખી શકે છે. બીજા બધા તો દંભીઓના પંજામાં સહેલાઈથી ફસાઈ જાય છે. જે સંતોનો આશ્રય સ્વીકારવા ઇચ્છે છે તે ન અપ્રગટ–છૂપા સંતો છૂપી મદદ કરે છે. ભગવાન પણ સાચાનું રક્ષણ કરે છે માટે સંતદર્શનની ઉત્કંઠ અભિલાષા રાખો.

કદાચ મનથી તમે નકલી સંત બની બેઠા હો તો શરમને છોડીને તેનો જાહેર સ્વીકાર કરો. આથી તમને અને જગતને ખરેખર લાભ થશે. એટલું ખાસ યાદ રાખજો કે, પ્રભુને છેતરવા ઇચ્છનાર માણસ જેટલો છેતરાય છે, તેટલું પ્રત્યક્ષ પાપ કરનારને પણ છેતરાવું પડતું નથી.

સાચા સંતોના ચરણોમાં વંદન કરો, તેમનું ધ્યાન ધરો, તેમની વાણીને વેદવાક્ય સમજો, તેમની ચરણરજને પોતાની અણમૂલી સંપત્તિ સમજો, આજ્ઞા સર્વસ્વના ભોગે પાલન કરો, તેમના બોલને પડતો ઝીલી લ્યો. પછી જુઓ, તમારું કલ્યાણ કેટલી ઝડપથી થાય છે! ઝડપીમાં ઝડપી વિમાનની ગતિ પણ તેની આગળ પાછી પડી જશે.

- શાંતિ હોવી જોઈએ અથાગ, અક્ષુબ્ધતા ગહન અને પ્રશાંત, સ્થિરતા અડગ અને પ્રભુમાં શ્રદ્ધા હોવી જોઈએ સદા વર્ધમાન.
- શત્રુ પ્રત્યે સ્મિત કરવું એટલે તેને નિઃશસ્ત્ર બનાવવો.
- પોતાના સુખને માટે ચિંતા કર્યા કરવી એ દુઃખી થવાનો અચૂક માર્ગ છે.
- વ્યાધિ સામે શાંતિ અને અક્ષુબ્ધતા મહાન ઔષધો છે, જ્યારે આપણે શરીરના કોષોમાં શાંતિ સ્થાપી શકીએ ત્યારે આપણે રોગથી મુક્ત થઈએ છીએ.
- ભગવાન જે ઇચ્છે તે જ ઇચ્છવું એ છે પરમ રહસ્ય.
- પ્રભુની કરૂણા આગળ કોણ લાયક કે કોણ નાલાયક છે?
- એકાગ્રતા અને ઇચ્છાશક્તિને સ્નાયુઓની જેમ કેળવી શકાય છે. નિયમિત વ્યાયામ અને કેળવણીથી તે વધે છે.
- વાટ જોતાં શીખવું એટલે કાળને આપણા પક્ષમાં લેવો.
- હે પ્રભુ, આજે રાત્રે તેમને આ પરમ જ્ઞાન આપ્યું છે.
  અમે જીવીએ છીએ, કારણકે તારી એવી ઇચ્છા છે.
  તારી ઇચ્છા થશે તો જ અમે મૃત્યુ પામીશું.

—શ્રી માતાજી

# તેં માતાનું દૂધ લજાવ્યું!

ભારતના આર્યોની અણનમ એક જ સંસ્કૃતિ નારી છે,
કારણ સહુમાં વસતી મસ્તી રૂપે પ્રકૃતિ નારી છે,
શક્તિ શબ્દ રૂપે જે વ્યાપક સહુની આકૃતિ નારી છે,
અને પ્રેરણારૂપ જાગૃતિ નિવૃત્તિ નારી છે,
એ નારીનું સુકાન વહેમી પુરૂષ જાતને સોંપાયું
ઢળી પડી પાંપણ, આંખના અંધબારણે દેખાયું!

ઉથલાવો ઇતિહાસ તમોને પાને પાને વંચાશે,
પુરાણના પાઠોમાં એ તો પાને પાને દેખાશે,
વેદશાસ્ત્રને શ્રુતિઓનું જો સમજીને દોહન થાશે,
નારીનું શું ઓજસ છે, શું ગૌરવ છે તે સમજાશે,
એ નારીનું ગૌરવ આજે સંઘણિયામાં રંધાયું,
ઢળી પડી પાંપણ, આંખના અંધબારણે દેખાયું!

સુકન્યા, સાવિત્રી, તારા, મહાસતી અનસૂયા મા,
દ્રુપદ સુતા દ્રૌપદી, અહલ્યા જનક દુલારી સીતામા,
દેવી દેવકી, કૌશલ્યા ને અરૂંધતી જેવી રામા,
રામકૃષ્ણને મહાવીર જેવા અવતારીની જનની–મા,
નારી નર્કની ખાણ કહી તેં માતાનું દૂધ લજાવ્યું,
ઢળી પડી પાંપણ, આંખના અંધબારણે દેખાયું!

સીતા વિણ ના રામ અને લક્ષ્મણની શી કિંમત છે,
દ્રૌપદી વિણનું મહાભારત લખવાની કોની હિંમત છે,
હતી સીતા તો રામાયણ, દ્રૌપદી થકી મહાભારત છે,
મહાભારતથી ભારત પાસે ગીતા જેવું પુસ્તક છે,
નારી તારા થકી મળ્યું છે ઘણું છતાં ના સચવાયું,
ઢળી પડી પાંપણ, આંખના અંધબારણે દેખાયું!

—કનૈયાલાલ દવે

# સાક્ષીભાવ

★

સાક્ષીભાવ ત્રણ પ્રકારે રાખી શકાય. તે તદ્દન એકલો પણ રહી શકે ને વળી નિરપેક્ષભાવે પણ. આપણા વિચારો, લાગણી, ભાવના, રસ, રસની પ્રવૃત્તિ, સંબંધો, વ્યવહારના ક્ષેત્રો એવા અનેક પ્રસંગોમાં આપણે સાક્ષીભાવ અર્થાત્ અલગપણું, તો રાખવાનું છે જ. પરંતુ તે અલગપણું તદ્દન અલિપ્તપણાનું ન હોવું જોઈએ. કારણકે આપણે આપણામાં રૂપાંતર કરવું છે, અથવા તો જે આવરણો છે; તે આવરણોની પર થઈને જે સ્થિતિમાં આપણે સતત પ્રેમભાવથી–રસથી સ્થિર રહ્યા કરીએ અને જે કંઈ કર્યા કરીએ તેને સ્થિતિને અનુરૂપ કર્યા કરીએ એવી સ્થિતિ આપણે ઉપજાવવાની છે. આથી આપણે સાક્ષીભાવ રાખવાનો છે તે સાથે સાથે તેમાં આપણે એટલા જ પ્રમાણમાં રસ લેવો પડશે. પણ એ રસના સ્નિગ્ધપણાને લીધે આપણે તે બધા સાથે જો Indifferent રહ્યા કરીએ–બેદરકાર અને તદ્દન બેપરવા રહ્યા કરીએ, તેમને કંઈ ગણકારીએ જ નહિ કે પૂરતું લક્ષ ન દઈએ કે ધ્યાન ન આપીએ તો જે જે બધું થયા કરશે, તેમાંથી જે ગતિ ઉત્પન્ન થશે એ આપણને મદદ કરનાર નહિ હોય એ વાત નક્કી છે.

એ વાત બાજુએ મૂકો તો પણ આપણે જેને સાક્ષીભાવ રાખ્યા કરીએ છીએ એમ ગણીએ છીએ તે આપણી માન્યતા પણ યોગ્ય–વાસ્તવિક નથી. આપણું એ વલણ આપણને સહાયકારક નથી, પણ અવરોધ કરનારું છે. આપણે જે સાક્ષીભાવ રાખવાનો છે તે તો આ જાતનો છે. આપણે જે જે સંબંધમાં હોઈએ કે આવીએ તેમાં ભળી કે ભેળવાઈ જવાનું કે તણાઈ જવાનું અલબત્ત નથી જ, પણ તે સાથે સાથે સામાનામાં (એટલે કે તે વ્યક્તિ કે પ્રસંગ કે વાતાવરણ કે જે કશાની સાથે આપણે સંબંધ છે કે થયો છે તે સાથે) એવી રીતે રસ લેવાનો છે કે જેથી તે યોગ્ય રીતે વર્ત્યા કરે ને આપણને પરિણામે સફળતા મળ્યા કરે. આપણી અંદર જે સ્વભાવ છે એને ઝીણવટથી તપાસ્યા નહિ કરીએ અને એને વારે વારે ઉથલાવ્યા નહિ કરીએ તો એ તો એની જૂની ટેવો પ્રમાણે વર્ત્યા કરશે ને આપણું સાક્ષીપણું ક્યાંયે તણાઈ જશે. આપણને તેનું ભાન પણ ન રહે એવો યે પૂરો સંભવ છે. એટલે સાક્ષીભાવ સાથે સાથે આપણે વિવેકવૃત્તિ પણ જાળવીએ એ અતિ આવશ્યક છે.

આને એક સાધારણ નિયમ ગણીને આપણે બીજા બધા સાથે વર્તવાનું છે, પણ બીજાઓની સાથે તેમ વર્તવા જતા પાછી આગ્રહવૃત્તિ ન આવી જાય, એવો આસક્તિભર્યો રસ ન લેવાઈ જાય કે જેથી આપણે તણાઈ જઈએ, એ પણ આપણે જોવાનું છે. આપણી આગ્રહવૃત્તિ પણ હોઈ શકે છે–જો તે સાથે સાથે જ આપણે તટસ્થતા રાખી શકતા હોઈએ તો! આગ્રહઅને અનાગ્રહ કે તટસ્થતા એનો સંવાદ કેમ થાય–સુમેળ કેમ થાય એ વળી જુદો સવાલ છે, પણ એવી તટસ્થતા સાથેની આગ્રહવૃત્તિમાં પણ સામાના હિતનો જ સવાલ મુખ્યપણે આપણામાં ભાગ ભજવી રહ્યો હોવો જોઈએ.

આ બધા સાથે આપણને પ્રત્યેક પરિસ્થિતિમાં સમતોલપણું જાળવતા આવડવું જોઈએ. આ બધું એક સામટું કેમ થાય એવો વિચાર આવે, પણ આપણામાં તેવું તેવું ઊગવા માંડશે અને આપણે તે જોયા કરવાનું છે.

મેં કેટલાક એવા પણ જોયા છે અને અનુભવ્યા છે કે તેઓમાં સાક્ષીભાવ પૂરો હોવા છતાં તે બીજા સાથે ભળેલા કે ભળી ગયેલા લાગ્યા કરે. પરંતુ એવાઓનો તો એવી વૃત્તિમાં કોઈ ઑર જ પ્રકારનો હેતુ હોય છે. આથી આપણે તો બધી બાજુએથી જોઈ વિચારીને કામ લીધા કરવાનું છે.

જેને એક વખત આમાં રસ હોય તે પણ જો યોગ્ય વહેણમાં ગતિ કરી શકતા નથી તો એમની અંદરની બધી શક્તિઓ વેડફાઈ જાય છે, ને રસ માર્યો જાય છે.

# ગીતાનું મંડાણ !

—ગાંધીજી

આજથી ભગવદ્ગીતાનું વસ્તુ શરૂ થાય છે, એટલે પહેલાંના જેટલા ઝપાટાથી આપણે શ્લોકો નહિ ચલાવી શકીએ.

'નિર્દોષ સુખ, નિર્દોષ આનંદ લ્યો ગમે ત્યાંથી ભલે !' રાયચંદભાઈએ આ કહ્યું છે, તેમ ગીતાના શ્લોકોના અર્થ કરતાં આપણે અનેક વસ્તુ કાઢીએ.

અગિયારમા શ્લોકથી તે છેલ્લા અધ્યાય સુધી અર્જુનને સમજાવવાની દલીલ શરૂ થાય છે. પ્રથમ આત્મા અને શરીર નોખી વસ્તુ છે એ બતાવવાનું શરૂ કરે છે. કારણ આત્મજ્ઞાનમાં પહેલી વાત એ જ જાણવાની હોય. કેટલીક વ્યાખ્યા પહેલેથી જાણવી જ જોઈએ. ત્યાર પછી આગળ ચલાય. અર્જુનને જિજ્ઞાસુ, આત્મવાદી, યમનિયમનું પાલન કરનાર કલ્પેલો છે, એટલે તેને આત્મજ્ઞાન આપવાની શરૂઆત કરી. બ્રહ્મચર્ય અને સત્યનું પાલન કરે ત્યાર પછી જ અભ્યાસને અર્થે સવાલો પૂછવાનો હક્ક ઉત્પન્ન થાય છે અને પછી જ એને જવાબ અપાય. અર્જુનમાં આટલો અધિકાર છે, દાસત્વ છે, વિનય છે.

ગીતાનું મંડાણ શેની ઉપર રચાયેલું છે તેનો હજી આપણે પૂરો વિચાર નથી કર્યો. કાલે આપણે એ વસ્તુનો આપણે વિચાર કરી રહ્યા હતા કે અર્જુને કહ્યું છે કે સ્વજનને મારવા એ ખોટું છે, નહિ કે મારવું એ ખોટું છે. તેને કહેવામાં આવ્યું છે કે તું સ્વજન–પરજનનો ભેદ ભૂલી જા. હિંદુ ધર્મશાસ્ત્રોમાં કહેલું છે કે અહિંસા એ જ પરમ ધર્મ છે. એટલે મારવા ન મારવાનો પ્રશ્ન જ ન ઉઠાવી શકાય ! નાસ્તિક જ એવો પ્રશ્ન ઉઠાવે. અર્જુને યમનિયમનું પાલન કરેલું છે, અને તેમાં અહિંસા તો પહેલી આવે જ છે. પરંતુ અહિંસા એવી વસ્તુ છે કે જેનું સર્વાંશે પાલન અશક્ય છે. વિચારમાં એનું પાલન શક્ય હોય છે, પણ વ્યવહારમાં એનું સંપૂર્ણ પાલન અશક્ય છે. શંકરાચાર્યે કહ્યું છે કે 'સમુદ્રનું પાણી તરણાવતી ટીપે ટીપે ઉલેચીને સમુદ્રને ખાલી કરવામાં જેટલી ધીરજ જોઇએ, એથીયે વિશેષ ધીરજ મુમુક્ષુએ મોક્ષ મેળવવા માટે રાખવી જોઈએ.' એ જ પ્રમાણે સંપૂર્ણ અહિંસક થવા માટે પણ એટલી જ ધીરજ રાખવી જોઇએ. આ દેહે અહિંસાનું સર્વાંશે

પાલન અશક્ય છે. એટલા જ સારુ મોક્ષ એ પરમ ધર્મ કહ્યો છે. હિંસા નસીબે લખેલી છે. જ્યાં સુધી આંખ મટમટાવવાની છે અથવા નખ કાપવાના છે, ત્યાં સુધી કંઈક ને કંઈક હિંસા રહેલી જ છે. કર્મ માત્ર દોષમય છે, એમ આગળ કહ્યું છે. એટલે અર્જુને હિંસા–અહિંસાનો સવાલ ઉઠાવ્યો જ નથી. મોહાંધ માતા પોતાના બાળકનું તાણનારા સવાલ કરે છે તેમ સ્વજન–પરજનના ભેદનો સવાલ અર્જુન કાઢે છે.

ભગવદ્ગીતામાં દરદોનું એકીકરણ કરેલું છે. વ્યાધિની વૈદ નોખી નોખી દવા આપેલી છે. પણ આજકાલ વૈદકશાસ્ત્રની શોધ ઉપરથી વૈદો એ નિશ્ચય ઉપર આવી રહ્યા છે કે દરદો જુદાં જુદાં દેખાય છે, પણ અંતે એ એક જ છે. તેનું કારણ એક જ છે અને ઉપાય પણ એક જ છે. ભગવાન તે પ્રમાણે કહે છે કે આધ્યાત્મિક ઉપાધિ એક જ છે, કારણ એક છે અને ઉપાય પણ એક જ છે. આનું એકીકરણ બતાવવાને મોટામાં મોટો દાખલો લીધો છે. સ્વજન જો હણવા લાયક હોય તો તેમને હણી નાખવા, પૃથ્વીનો નાશ થતો હોય તો પણ અચકાવું નહિ. એમ કરવાનો અર્જુનનો અધિકાર નહિ, પણ એનું કર્તવ્ય છે. સ્વજનને મારવાની વાત આવે ત્યારે પણ અપવાદ ન હોય એવા પ્રશ્નના જવાબમાં અર્જુનને સનિશ્ચય જવાબ મળે છે એટલે આ નિશ્ચયવાદ છે. જેમ સત્યના પાલનમાં અપવાદ નથી, કારણ સત્ય પરમેશ્વર છે અને સત્યને અપવાદ હોય તો પરમેશ્વર પણ સત્યાસત્ય થઈ જાય. એટલે વગર અપવાદનો આ દાખલો છે.

શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે તું ડાહી ડાહી વાતો કરે છે. ગીતાજીમાં નથી કર્મમાર્ગ બતાવ્યો, નથી જ્ઞાનમાર્ગ કે નથી ભક્તિમાર્ગ. માણસ વૈરાગ્ય અને કર્મ ગમે તેટલું કરે, ભક્તિ ગમે તેટલી કરે, તોપણ તેને જ્ઞાન ન મળે ત્યાં સુધી તે અહંભાવ, મમત્વ ન છોડે. મમતા છોડે તો જ તે આત્મદર્શન કરી શકે. જેણે મમત્વ છોડ્યું છે તેને વિષે જ આત્મદર્શન શક્ય છે. અંગ્રેજીના 'આઈ'ને માટે સીધી લીટી કરે છે અને તેના ઉપર મીંડું એટલે શૂન્ય મૂકવામાં આવે છે. એ હું પણું ભસ્મ થાય ત્યારે જ આત્મજ્ઞાન થાય. માણસ સીધો ટટ્ટાર હોય ત્યારે તે કેટલો વળ્યો છે તે જોઈએ તો તેની ભક્તિ દેખાય, તો જ તે બગભગત નથી, તો જ તે જ્ઞાની છે, આડંબર વિનાના જ્ઞાનવાળો છે. ત્રણમાંથી એકે માર્ગ ગીતા નથી બતાવતી, પણ આ એક જ વસ્તુ બતાવવાને લખાયેલી છે એવો અનુભવ મને થયેલો છે. જેટલે દરજ્જે આપણે મમત્વ તજીએ તેટલે જ દરજ્જે આપણે સત્યનું પાલન કરી શકીએ છીએ.

એટલા જ સારુ આ સુંદર દલીલ શ્રીકૃષ્ણે કરી છે.

❋

પ્રભુએ જગતમાં કાર્યકારણનો નિયમ પ્રવર્તાવ્યો છે. એ જગતની શૃંખલા નથી પણ સંકલના છે. શૃંખલા જડ પદાર્થની બનેલી હોય, પણ સંકલના તો ચેતનધર્મ છે. આ વિશ્વની કલના કરવી–ચૈતન્યની એકતા વિના વિશીર્ણ થઈ જતા આ વિશ્વના પદાર્થોની 'સમ્' યાને એકત્ર, એકતામાં–'કલના' કરવી, અર્થાત્ એને જોડવા, (सम) અને સમજવા તથા સમજાય એવા કરવા (कलना)–એ પ્રભુ કરે છે. એ જગતને પોતાના નિયમથી બાંધતો નથી, પણ પોતાના વાસથી જીવતું અને બોલતું–ચાલતું કરે છે. બહિર્યામી અને અંતર્યામી વચ્ચે આ જ મોટો ફેર છે. બહિર્યામી બહારના નિયમથી બાંધે; પણ બાંધવામાં પોતે પણ બંધાય. અંતર્યામી માંહેથી બાંધે, પણ બાંધવામાં જ–બાંધવાની ક્રિયામાં જ જીવન આપે અને પોતે એ બંધનથી સ્વતંત્ર રહે.

—આચાર્ય આનંદશંકર ધ્રુવ

# વિશ્વગીત

**

વિશ્વગીત ગાશે હવે વિશ્વ માનવી, નવા યુગોનો આભમાં ઊગી રહ્યો રવિ
જીવનની ચેતનાઓ ચાલ ચાલે અવનવી, નવા યુગોનો આભમાં ઊગી રહ્યો રવિ
વેરાન રણમાં ફુલોની સુવાસ પાથરી મુકામે પહોંચવાને દીધો કુચ આદરી
મૃત્યુ નથી આ વિશ્વમાં અંજામ આખરી, જીંદાદીલી જીંદગીની આ મુસાફરી
અંધારા ભેદવાને લીધો સમય સાચવી....નવા યુગોનો આભમાં ઊગી રહ્યો રવિ

આગળ વધો બુલંદીથી જવાનીની કસમ
સલામ શહિદોને હવે કોઈ ના ભરમ
કમજોરી માનવીનું છે કલંક ને શરમ
મનતણી વિશાળતા છે આજનો ધરમ
સત્યમાં અસત્યની ના આગ ભારવી નવા યુગો.

ફેલાઈ રહી મુક્તિની ચારે દિશા હવા
જનતા હવે મથે છે ગુલામીને ભૂલવા
હરેક જીવ ચાહે છે સમજીને જીવવા
કણ કણમાં ધુન જાગી શાંતિને ઝીલવા
દફન કરીને હિંસાનું શાન્તિને સ્થાપવી....નવા યુગો.

એવો યુગ ઉગશે બુધ્ધિનું હસે માન
જાત પાત ભૂમિના ના મળશે નિશાન
વસુંધરા આ લાગશે સ્વર્ગ સમ મહાન
દેવ માની પૂજશે ઈન્સાનને જહાન
અવકાશી રૂપ લઈ લીધું અવનિએ છીનવી....નવા યુગો.

—ધીરજ વોરા

# સાચો ભક્ત !

★

એક વખત નારદજીને ગર્વ થયો કે હંમેશ હું 'નારાયણ નારાયણ' કહું છું, પ્રભુનું ગુણસંકીર્તન કરું છું. મારા જેવો બીજો ભક્ત કોણ હોઈ શકે વારું ?

પોતાની ભક્તિશ્રેષ્ઠતાનું પ્રમાણપત્ર ભગવાન પાસેથી મેળવવાની ઇચ્છાથી એમણે ભગવાન નારાયણને પ્રણામ કર્યા.

ભગવાને પૂછ્યું : "નારદ, શી પૃચ્છા છે ?"

"ભગવાન, એક પ્રશ્ન થાય છે."

"પૂછો" ભગવાન મલકાતા હતા. નારાયણ પ્રભુ તો અંતર્યામી હતા. એમણે નારદના ગર્વશિખરોનાં દર્શન કરી લીધા.

"ત્રણે લોકમાં તમારો શ્રેષ્ઠ ભક્ત કોણ ?"

"મારું સતત નામ સ્મરણ કરે એ જ સ્તો."

"એવો કોણ છે ?"

"નારદ મારા નામનું સતત સ્મરણ કરે છે એની મને ખબર છે. એ મને કદી ભૂલતો નથી. એનું એ જ માત્ર કામ છે."

નારદ તો ભગવાનની આ વાતો સાંભળીને ફુગ્ગાની જેમ ફૂલાવા લાગ્યા.

થોડીવાર પછી ભગવાને કહ્યું: "નારદ, આ પાત્ર ઘીથી છલોછલ ભરી પૃથ્વી પર એક આંટો મારી આવ. પરંતુ ધ્યાન રાખજે, એમાંથી એક પણ ટીપું ભોંય પર ન પડવું જોઈએ."

ભગવાનનું સોંપેલું આ સાવ જ સામાન્ય કામ નારદે ઉમંગથી ઉપાડી લીધું અને નારદ તો વીણા બાજુ પર મૂકીને ઉપડયા. ભગવાન હસતા હતા.

નારદ પાછા ફર્યા. ગર્વભેર પ્રભુને કહ્યું: "લો પ્રભુ, એક પણ ટીપું આમાંથી પડયું નથી. ખૂબ કાળજી રાખી છે. સતત એના પર જ ધ્યાન રાખ્યું છે."

"શાબાશ ! મારે આવા એકાગ્ર ભક્તની જરૂર હતી. વારું, આ પાત્રને લઈને જતાં આવતા મારા નામનું સ્મરણ કેટલી વાર કર્યું ?"

નારદ અવાક્ થઈ ગયા. મૂંઝાઈ ગયા.

પછી ધીમેથી કહ્યું: "એ તો બની શક્યું જ નહિ. પ્રભુ, માફ કરો. ! આ કામમાં એવી એકાગ્રતા હતી કે તમારું નામ જ વિસરાઈ ગયું. તમારું જ કામ હતું ને ?"

"તારી વાત તદ્દન સાચી છે. તો પછી પૃથ્વી પરના સંસારમાં સંખ્યાબંધ પુરુષો મારા સોંપેલા જ કાર્યો કરી રહ્યા છે, સંસાર ધર્મ બજાવી રહ્યાં છે. તેમ છતાં સમય કાઢીને એ મને સ્મરી લે છે."

નારદ ખૂબ શરમીંદા થઈ ગયા. એમના અહંકારના શિખરને ભગવાને આ કસોટીથી ઓગાળી દીધું. એ ભગવાનના પગમાં પડીને બોલ્યા :

"પ્રભુ ! મને કુમતિ થઈ આવી. સંસારી સ્ત્રીપુરુષો જ તમારા ઉત્તમ ભક્તો કહેવાય. મારા હાથમાં તો વીણા છે તે વગાડીને તમારી સ્તુતિ ગાઉં છું. પરંતુ સંસારી સ્ત્રી પુરુષોના હાથમાં ગમે તે ઓજાર હોય છે છતાં એ તમારું સ્મરણ કરે છે. એ લોકો જ તમારા હૃદયના સાચા અધિકારી છે."

ભગવાન નારાયણ નારદના નિવેદનથી મંદ મંદ હસી રહ્યા.

## દોહરા

હસવું અને રડવું, એ તો જીવનના પંથ.
મૂર્ખ હસતા જગતમાં, રડી રહ્યો છે સંત.

*

વિચાર કરતા વિધિ હસે છે.
શસ્ત્ર સજો ત્યાં કાળ હસે છે.
ધન દાટતાં ધરા હસે છે.
ગર્વ કરો ત્યાં પ્રભુ હસે છે.

# શિબિની

## ▲ સુવાસ

—નાનાભાઈ

ઘણાં ઘણાં વર્ષો પૂર્વે શિબિ નામનો એક રાજા હતો. શિબિ એકવાર પોતાની યજ્ઞશાળામાં બેઠો હતો. ત્યાં તેના ખોળામાં એકાએક એક હોલો આવી પડ્યો. હોલાના શરીરે ચાંચના જખ્મ હતા, તેની પાંખો વિખરાયલી જેવી હતી, તેની આંખો ભયથી વિહ્વલ હતી, તેનું આખું શરીર હાંફતુ હતું, તેના પગ ટટ્ટાર થઈ શકતા ન હતા. હોલો ચીસ પાડીને ખોળામાં પડ્યો કે તરત જ રાજાએ તેને લઈ લીધો, તેના પર ઠંડુ પાણી રેડ્યું અને પછી તેની પાંખ પર હાથ ફેરવીને તેને ચૂમીઓ લેવા લાગ્યો.

એટલામાં સામેથી અવાજ આવ્યો : "રાજન્! આ હોલો મારો છે. તું મને એ સોંપી દે." રાજા આંખ ઊંચી કરીને જુએ છે તો સામે એક ટોડલા પર બાજ બેઠેલો. બાજની આંખમાં ક્રૂરતા હતી. તેના અવાજમાં કર્કશતા હતી. પોતાનો શિકાર આ પ્રમાણે છટકી ગયો તેથી તે ચિડાયો લાગતો હતો.

બાજના વચન સાંભળીને હોલો રાજાના ખોળામાં વધારે ઊંડો ભરાયો. રાજા બોલ્યો "પંખીરાજ! મારા ખોળામાં આવ્યા પહેલાં આ હોલો તારો હતો. મારા ખોળામાં આવ્યા પછી તે મારો થયો છે. મારો ખોળો છોડીને ઊડી જશે એટલે તે પોતે સ્વતંત્ર થશે.'

બાજથી આ સહન ન થયું. તે તરત જ બોલ્યો : "રાજન્! યજ્ઞશાળામાં બેઠો બેઠો તું આવું અધર્મ વચન કેમ બોલે છે? હોલો તો અમ બાજોનો સ્વાભાવિક ખોરાક છે. ઈશ્વરે અમારા માટે એવું નિર્માણ કર્યું છે. આ હોલો તું મને નહિ આપે તો હું અને મારો છોકરો ભૂખે મરીશું તેનું પાપ તને લાગશે. એક હોલાને બચાવીને તું બીજા કેટલાને મારશે તેનો તો વિચાર કર?"

રાજા શાંતિથી બોલ્યો : "જો, આ હોલો તો હજીયે તારી બીકથી હાંફે છે. હોલો તમ લોકોનો ખોરાક છે એ હું સમજું છું; પણ આ હોલા સિવાય મારા મહેલમાં ખાવાના અનેક પદાર્થો પડ્યા છે. તે તારા માટે ખુલ્લા છે. તું માગે તો તારા માટે અને તારા બચ્ચાં માટે તને દેશ પરદેશના અનાજો આપું; તું માગે તો દેશદેશાવરના મીઠા મેવા તારી પાસે ધરું; તું કહે તો આખી દુનિયાના શાકભાજી અહીં ખડાં કરું; તું કહે તો તારી પાસે દુનિયામાં થતા બધા ફળફૂલો હાજર કરું, પણ આ હોલો તને નહિ જ આપું. બાજ! તમ લોકોમાં દયાનો છાંટો સરખો પણ હોય તો તમે આવા ગરીબ પ્રાણીઓને ન મારો."

શિબિના આવા વચનો સાંભળીને બાજ હસતો હસતો બોલ્યો :

"મહારાજ! પૃથ્વીપતિ થઈને આવું કેમ બોલો છો? જે માનવીઓ પોતાના ઉદરનિર્વાહ જેટલું મળ્યા પછી પણ કારણ વિના શિકાર કર્યા જ કરે છે, તે માનવીઓ પોતાની જીભ પર આવા દયા જેવા શબ્દો શા માટે લાવતા હશે? રાજન્! પ્રાણી માત્ર પોતાનું પેટ ભરાય પછી જ દયાની અને ધર્મની વાતો કરી શકે છે. તું ધરાયેલ પેટે જે બોલે તે મારે ખાલી પેટે શી રીતે સાંભળવું? માટે તું આ હોલો મને આપ; હું પેટ ભરી લઉં પછી તારું ધર્મપ્રવચન સાંભળવા આવીશ."

રાજાને આવા મર્મવચનોથી સહેજ જાગૃતિ આવી હોય એમ તે ટટ્ટાર થઈને બોલ્યો : "પંખીરાજ! હું ક્ષત્રિય બચ્ચો છું. આડે દિવસે તું આવા કેટલાયે હોલાને મારી ખાતો હોઈશ. ત્યાં હું તને રોકવા નથી આવતો. પણ આજે આ હોલો મારે શરણે આવ્યો છે એટલે હું તને સોંપવાનો નથી. શરણે આવેલા પ્રાણીને બચાવવા માટે જરૂર પડતા પ્રાણ સુધ્ધાંયે પાથરવા એ અમારો ક્ષત્રિયોનો અણલખ્યો ધર્મ. શિબિ આ ધર્મનો ત્યાગ કરે તો શિબિનું જીવતર ધૂળધાણી થઈ જાય. ત્યારે તો શિબિ જીવતે મૂઆ જેવો બને!"

બાજે ચાલાકીથી સંભળાવ્યું : "મહારાજ! શું શિબિ ક્ષત્રિય અવતર્યો એ બાજનો અને તેના બચ્ચાંઓનો ગુનો? શિબિને જો ક્ષત્રિયવટ જાળવવી જ હોય તો મને અને મારા બચ્ચાંને મારીને શા માટે જાળવે છે? તું મારા માટે બધા કોઠારો ખુલ્લા મૂકવા તૈયાર છે તો એ કોઠારો તારી ગરીબડી પ્રજા માટે ખુલ્લા મૂકી દે એટલે ક્ષત્રિયવટની હદ આવી જાય. બે પાંખવાળા નાનકડા શા હોલાને પકડી રાખવામાં શી ક્ષત્રિયવટ છે?"

રાજા ઘડીભર તો અકળાયો, પણ વળી પાછો સ્વસ્થ થઈને બોલ્યો : “પંખીરાજ ! ક્ષત્રિયવટ એ સાવ એવી વેપારની ચીજ નથી કે આપણા ત્રાજવામાં તોળાય. એવી એવી વાતોને તોળવાના ત્રાજવા પ્રભુએ સંતોના હૃદયમાં જ ગોઠવ્યા છે. કોઈ પણ ઉપાયે હું તને આ હોલો આપવાનો નથી. તેને બદલે તું બીજો જે આહાર માગે તે આપવા હું તૈયાર છું.”

બાજ જરા વધારે નજીક આવીને બેઠો અને બોલ્યો : “રાજન્ ! આ હોલાનું લોહી માંસ જેવું મીઠું છે એવું મીઠું લોહી માંસ તું મને ક્યાંથી આપીશ ? તેં મોટા મોટા યજ્ઞો કર્યા છે એટલે કદાચ તારા લોહી માંસ મીઠાં હોય ?”

રાજા તરત જ બોલી ઊઠ્યો : “તો હું મારો આખો દેહ આપવા તૈયાર છું. ભલા બાજ ! તેં ઠીક માર્ગ કાઢ્યો.”

બાજ વળી હસ્યો અને બોલ્યો : “તારો દેહ તો છે જ પણ મારાથી એ શી રીતે લેવાય ? તારા પર આ આખી પ્રજાનો આધાર. તારા પર વર્ણાશ્રમ ધર્મનો આધાર. તારા પર આ હોલા જેવા અનેક દીન જીવોનો આધાર. એ બધાયના આધારનો નાશ કરું એ કેમ પાલવે ? અને રાજા ! તું પણ એક હોલા માટે આ ત્રણ લોકનું રાજ્ય, આ જુવાની, આવો સુંદર દેહ—આ બધું ફના કરવા તૈયાર થયો છે, એટલે તારા જેવો મને બીજો કોઈ મૂર્ખ દેખાતો નથી.”

રાજાએ હરખાતાં હરખાતાં જણાવ્યું : “પંખીરાજ ! તારી વાત સાવ સાચી છે. વટને સાચવવાનો આગ્રહ રાખનારા લોકો મૂર્ખ જ હોય છે. ડાહ્યા લોકો મોટેભાગે વટ જેવી ચીજને માનતા નથી, અને માને છે તો પ્રસંગ આવ્યે વટને જતો કરતા અચકાતા નથી. દુનિયા આવા ડાહ્યા લોકોથી જ ચાલે છે. તું સાચું બોલ્યો એવું સાચું ભાગ્યે જ કોઈ બોલે છે. સાચું ન બોલવું એ પણ એક ડહાપણ જ છે ને ? ભાઈ ! હવે તું ક્યારનો ભૂખ્યો છે એટલે મને ખાવા માંડ. તું ખાતો જા અને આપણે વાત કરતા જઈશું.”

બાજ ફરીવાર હસ્યો અને બોલ્યો : “રંગ છે શિબિ રાજા ! રંગ છે. તારે જેવી ક્ષત્રિયવટ છે તેવી મારે પક્ષીવટ છે. મારો અધિકાર આ હોલાના લોહીમાંસ જેટલા જ લોહીમાંસ પર છે. હું તને એમને એમ ખાવાનો નથી. તું મને આ હોલાની ભારોભાર લોહીમાંસ તોળી આપ એટલે હું તે લઈ લઈશ અને અમે બધાય તેનું ભોજન કરીશું.”

બાજના આ વાક્યો સાંભળીને રાજાએ તરત જ યજ્ઞશાળામાં જ ત્રાજવા મંગાવ્યા. એક મોટી છરી મંગાવી, માંસને તોળનારો બોલાવ્યો, અને પછી દેહનો કાપ મૂકવો શરૂ કર્યો. ત્રાજવાના એક પલ્લામાં હોલો બેઠો એટલે બીજા પલ્લામાં રાજાએ પોતાનો જમણો પગ કાપીને મૂક્યો.

રાજાએ જમણો પગ કાપીને મૂક્યો અને તોળનારે ત્રાજવું ઊંચું કર્યું એટલે તરત જ બાજ બોલ્યો : રાજન્ ! હજુ ઓછું છે. હોલાવાળું ત્રાજવું ઊંચું પણ નથી થતું.”

રાજાએ તરત જ પોતાનો ડાબો પગ કાપીને પલ્લામાં મૂક્યો. ત્રાજવું ફરીથી ઊંચું થયું અને બાજ બોલ્યો : “રાજન્ ! હજી થોડું ઓછું લાગે છે આ હોલો તો ભારે વજનદાર છે.”

ત્યાર પછી તો રાજાએ જમણી જાંઘ મૂકી, ડાબી જાંઘ મૂકી અને છતાંયે ત્રાજવુ ઊંચું પણ ન થયું એટલે તો રાજા પોતે જ આખો પલ્લામાં બેસી ગયો અને બોલ્યો : “પંખીરાજ ! હું નહોતો કહેતો કે મને જ ખાવા માંડ ! હવે તારો પણ વટ રહ્યો. લે આવ.”

રાજા આ પ્રમાણે બોલે છે ત્યાં તો આકાશમાંથી પુષ્પવૃષ્ટિ થઈ ! લોકો બધા સ્તબ્ધ થઈ ગયા અને રાજાની સન્મુખ બે તેજસ્વી દેવો આવીને ખડા થયા.

“રાજન્ ! તને ધન્ય છે. તારા ત્યાગથી તેં ત્રણ લોકોને આંજ્યા છે. અમે દેવો તારી પરીક્ષા કરવા માટે જ બાજ અને હોલો થઈને આવ્યા હતા. તું જેને ડાહી દુનિયા કહે છે તે ડાહી દુનિયા તારા જેવા મૂર્ખાઓના પ્રભાવથી જ ફાવે છે એમ ખાતરી રાખજે. માનવીઓ તો શું, પણ અમે દેવો પણ આવી મૂર્ખતાઓના પાઠ લેવા માટે તારા જેવાને ઢૂંઢીએ છીએ. રાજન્ ! અમને રજા આપ.”

શિબિ ત્રાજવાના પલ્લામાંથી ઊભો થયો અને બંને દેવોને પ્રણામ કરતો બોલ્યો : “પ્રભો ! મારાં પર આપે કૃપા કરી. આપની શી સેવા કરું ?”

દેવો ચાલતા થયા અને જતાં જતાં કહેવા લાગ્યા : “તારા જેવા સાધુ પુરુષોનું અસ્તિત્વ એ જ માનવ સમાજની મોટામાં મોટી સેવા છે. તારા જીવનની સુવાસ આસપાસ ફેલાય એથી વધારે મોટી સેવા બીજી શી હોય ?” એમ કહી દેવો અંતર્ધાન થઈ ગયા.

# અમુલા પાઠ શમદમના

(ગઝલ)

સરસ સૌથી ખરા સુખકર, અશો જરથુસ્ત પયગંબર,
રહેમદાતા નમન કોટિ, સ્વીકારો આપ છો રહેબર. ૧

દારુણ દુઃખો નિવારીને, સદા રક્ષા તમો કરતા,
રટણ હા આપનાં ભૂલી, અમો ગુમ દિલ થઈ ફરતા. ૨

સુણુનો સત્ય ગાથાના, અમારા અંતરે વ્યાપો,
રહ્યા અજ્ઞાનના પડદા, દયાળુ તાતજી કાપો. ૩

રુઝાવો ઘા પડયા ઊંડા, ખતા સૌની ક્ષમા કરશો,
સ્તવન હા આપનાં થાએ, જીવનમાં હામ તે ભરશો. ૪

મળો જરથોસ્તી આલમને, મિનાઈ જ્ઞાનના લ્હાવા,
જહાંના રાહ સૌને ભૂલી, ચહે તમ ગાનને ગાવા. ૫

હાનિ કરતા સકળ દોષો, દયાળુ સર્વના હરશો,
ગિરા 'ગાથા' તણી કિમતી, અમારા અંતરે ભરશો. ૬

રહે અમ રંકનાં મનડાં, અચળ મઝહબને વળગી,
વહે સૌ નેક ફરમાને, સદા રહે આફતો અળગી. ૭

કિરીટ કિંમતી તમો વ્હાલા, અમો જરથોસ્તી આલમના,
લહે સૌનાં 'હૃદય' શીખી, 'અમુલા પાઠ શમદમના.' ૮

—હૃદયયોગી

# આત્મશ્લાઘા

—જ્યોતિન્દ્ર હ. દવે

હું કેવું તુચ્છ, પામર, દીન, હીન, નિર્બલ ને નિસ્તેજ માનવસળેકડું છું. હું કંઈપણ કરી શકતો નથી. હું જમું છું ને પચાવવાની મારામાં શક્તિ નથી. હું વિચારુ છું ને આચારમાં મુકવાની મારામાં શક્તિ નથી. હું કમાઉં છું ને બચાવવાની મારામાં શક્તિ નથી. નાનામાં નાના કામ માટે મારે બીજા ઉપર આધાર રાખવો પડે છે. કશુંય ધાર્યું હું કરી શકતો નથી. જો કોઈ પણ વિષયમાં મારી યોગ્યતા કેટલી બધી ઓછી છે એને હું શાંત ચિત્તે ને લાગણીથી દોરવાઈ ગયા વગર વિચાર કરું છું ત્યારે શરમથી મારું માથું નીચું કેમ નથી નમી જતું તેની જ મને નવાઈ લાગે છે. હું કેવળ સ્વાર્થી અને અધમ છું. કોઈનું કલ્યાણ કરવા ખાતર જરા પણ શ્રમ લેવો મને રુચતો નથી અને મારું કામ સર્વ કોઈ કરી આપે એવી હું આશા હંમેશ રાખું છું. કોઈ મારું કામ ન કરી આપે તો જાણે એણે ભારે ગુનો કર્યો તેમ હું ધારી લઉં છું. હું આળસુ છું, પ્રમાદી છું, સમય અને પૈસાનો માત્ર દુર્વ્યય કર્યા કરું છું. સેકેલો પાપડ ભાગવાની મારામાં તાકાત નથી, અને છતાંય દુનિયા આખીને ઉથલાવવાની મારામાં શક્તિ હોય એવો ઘમંડ રાખતો ફરું છું. સદ્‌ગુણની ખાણ હોઉં એવો મારો બાહ્ય વ્યવહાર રાખું છું, પણ અંતરમાં તો મેલના થરના થર બાઝ્યા છે તેને દૂર કરવાની ઇચ્છા સરખી પણ મને થતી નથી. એના અસ્તિત્વની કોઈને જાણ ન થાય એની જ ફક્ત હું કાળજી રાખું છું.

આવા આવા વિચાર મને આવે છે. પણ ઘણી વાર તો—

મારી આસપાસ આટલા બધા મનુષ્યો છે તેના કરતાં કોઈ રીતે હું ઉતરતો નથી, અને ઘણી બાબતોમાં હું એ બધાથી ચઢિયાતો છું. મારા પાડોશી નગીનલાલ સગાવહાલાના પૈસા ઉચાપત કરી તાલેવંત બન્યા છે એમ મેં કદી કર્યું નથી. પારકા પૈસાની ઉચાપત કરવાની બે ત્રણવાર મને તક મળેલી. તક મેં, અલબત્ત, કંઈ કચવાતે મને પણ જતી કરી છે. પેલા આદર્શ શિક્ષક ગણાતા ભાઈ પોતે જેને ભણાવવા જતા એ કન્યાને લઈને ભાગી ગયા એ રીતે મેં કોઈ કન્યાનું અપહરણ કરવાનો વિચાર કર્યો નથી. કદાચ મારા સુસુપ્ત માનસમાં એવું વિચારવું પડ્યું હશે તો તેને ઉગવા દીધું નથી, જાગૃત માનસ સુધી એને આવવા દીધું નથી. બદલાની આશા વગર મેં કરેલા ઉપકારોનું વિસ્મરણ કરી મારા પ્રત્યે અપકાર કરનારાઓને પણ મેં જતા કર્યા છે. હું આળસુ છું એ સાચું ને તેથી મેં બહુ લખ્યું નથી એ પણ ખરું, પરંતુ હું લખવા માગું તો ગુજરાતના કોઈપણ લેખક કરતાં ઘણું સારું લખી શકું. અત્યારના ઘણાં કવિઓ કરતા વધારે સારા કાવ્યો હું રચી શકુ એમ છું. આપણા લબ્ધપ્રતિષ્ઠિત વિવેચકો કરતાં હું વધારે સારી કોટિના વિવેચનો લખી શકું અને નવલકથા હું જો ને જ્યારે લખીશ તો ને ત્યારે ગુજરાત આખું સ્તબ્ધ થઈ જશે. અલબત્ત કોઈવાર મારું મન ખરાબ વિચાર વડે કલુષિત બને છે, પણ અંગારા પરની રાખને ફૂંક મારી દૂર કરી નાખીએ તેમ સદ્‌વિચારોની સહાયથી હું એ વિચારોને દૂર કરી દઉં છું. એકંદરે જોતા હું સત્યપરાયણ છું, ન્યાયપ્રિય છું, માનવકલ્યાણની ભાવના સેવતો ઘણીવાર બને તે રીતે અન્યોનું ભલું પણ કરું છું. હું સ્વાર્થી છું એની ના નથી પાડતો પણ સ્વાર્થી કોણ નથી? મેં ભૂલો કરી છે, ઘણીવાર કરી છે. પણ ભૂલ ન કરી હોય એવો પૃથ્વીતલ પર કોઈ પુરુષ પાક્યો છે ખરો? પણ સ્વાર્થ સાધવા પણ મેં

**માગો એટલે મળશે.**

માગો એટલે મળશે, શોધો એટલે જડશે, ખખડાવો એટલે બારણાં ખૂલી જશે. કારણ, જે કોઈ માગે તેને મળે છે, જે કોઈ શોધે છે તેને જડે છે, અને જે કોઈ ખખડાવે તેને માટે બારણાં ખૂલે છે. તમારામાં એવો કોણ છે કે જે, પુત્ર રોટલી માગે તો રોડું આપે? અથવા માછલી માગે તો સાપ આપે? આમ તમે ખરાબ હોવા છતાં પોતાનાં બાળકોને સારી વસ્તુ આપવાનું સમજો છો, તો તમારા પરમપિતા પોતાની પાસે માગનારને સારી વસ્તુ આપે જ એમાં શંકા શી?

"લોકો તમારી સાથે જે રીતે વર્તે એમ તમે ઇચ્છતા હો તો તે જ રીતે તમે પણ તેમની સાથે વર્તો. એજ ધર્મસંહિતા અને પયગંબરોની વાણીનો સાર છે.

"તમે સાંકડે દરવાજેથી દાખલ થજો, કારણ, વિનાશ તરફ જતો માર્ગ મોકળો છે, અને તેનો દરવાજો વિશાળ છે, તેમ તેમાં દાખલ થનારાઓ ઘણા છે. પરંતુ જીવન તરફ જતો માર્ગ સાંકડો છે. અને તેનો દરવાજો સાંકડો છે, તેનો દરવાજો નાનો છે, તેમ એને શોધી કાઢનાર ઓછા હોય છે.

**પ્રભુ.**

વિદ્વાન લોકોએ જોરદાર દલીલો કરી કરી મારી આગળ સાબિત કરી આપ્યું કે જગતમાં પ્રભુ છે જ નહિ અને એમનું કથન મેં સ્વીકારી લીધું. પણ પછી તો મને પ્રભુનાં દર્શન થયાં, કેમકે એ પોતે જ મારી પાસે આવ્યા અને મને બાથમાં લઈ લીધો. તો મારે હવે આ બેમાંથી કઈ વસ્તુ સાચી માનવી, પેલા વિદ્વાનોની દલીલો કે મારો પોતાનો અનુભવ?

એક વિદ્વાન શાસ્ત્રાર્થ કરતા હતા કે પ્રભુ તો આવા આવા જ હોવા જોઈએ. એ પ્રમાણેના જો તે ન હોય તો પછી પ્રભુ હોઈજ ન શકે. પણ મેં તો જોયું કે હું તો માત્ર પ્રભુ શું છે તેટલીજ વસ્તુ જાણી શકુંછું, પ્રભુએ કેવા કેવા હોવુ જોઈએ એ વાત તેમને મારાથી કેવી રીતે કહી શકાય તે હું સમજી શકતો નથી. કારણકે આપણી પાસે એવું કયું ધોરણ છે જેના વડે આપણે પ્રભુની બાબતમાં નિર્ણય બાંધી શકીએ? પ્રભુને વિષેના આપણી પાસે જે નિર્ણયો પડેલા છે તે તો બધા આપણા અહંકારની મૂર્ખ ક્રિયાઓ જછે. **—શ્રી અરવિંદ**

કોઈનું અહિત થાય એવી પ્રવૃત્તિ કદીયે ઉપાડી નથી. મારે હાથે ભૂલ થઈ હશે તો તે કબૂલ કરતાં મેં કદી પણ આંચકો ખાધો નથી. હું મારે મોંઢે મારા વખાણ નથી કરતો તેથી મારામાં વખાણવા જેવું કંઈ નથી એમ માનવાની કોઈએ, મારે પોતે પણ ભૂલ કરવી જોઈએ નહિ. મારા કેટલાક અવગુણો કદાચ જગતથી છુપા રહ્યા હશે પણ એથીયે ઘણાં વધારે સદ્‌ગુણો મારા છૂપા રહ્યા છે તેનું શું? મારા નિકટના કુટુંબીઓ, મિત્રો ને પરિચિતો પણ, મારા એ ગુણો જોઈ શકતા નથી, તેની કદર બૂઝતા નથી તો દુનિયાને તો એની ખબર પણ શી પડે?

આ પ્રકારનું મારું મૂલ્યાંકન કરું છું.

આત્મનિંદા ને આત્મસ્તુતિ બંનેમાં હું આમ પ્રવૃત્ત થાઉં છું અને મારી પેઠે બીજા અનેક મનુષ્યોને પણ આવો જ અનુભવ થાય છે, છતાં આત્મશ્લાઘા ગર્હણીય છે. આત્મનિંદા એ ઉન્નતાની, નમ્રતાની, નિરાભિમાનતાની પરાકોટિ છે એવી ભાવના પરાપૂર્વથી ચાલી આવે છે. પારકાના ગુણોને મોટા કરવા અને પોતાના ગુણોને નાના કરવા એ સંતપુરુષોનું કર્તવ્ય છે એમ મનાય છે. ગમે તેવો મોટો માણસ પણ પોતાના વખાણ કરતો હોય છે તો તે સાંભળવું આપણને ગમતું નથી.

'હું કહેતો હતો તેમજ બન્યું ને? હું હંમેશ કહું છું તેમજ થાય છે. આનું પરિણામ આવું આવવાનું એમ મને અંતઃકરણમાંથી પ્રેરણા થાય છે. પણ હું એ કહું છું ત્યારે કોઈ માનતું નથી ને કેટલાક તો મારી મજાક પણ કરે છે.' આ પ્રકારની ફરિયાદ મારા એક ઓળખિતા સજ્જન ઘણું ખરું કરે છે. "મારો અનુભવ, માનસશાસ્ત્રનું મારું ધ્યાન, સાચા જૂઠાનો તોલ કરી શકનારી મારી બુધ્ધિ, ઇત્યાદિ સર્વના એક પગ એક પ્રમાણ મળ્યા છે છતાંય એ વિષે હું કંઈ કહું છું તો લોકો મને બડાઈખોર ગણી કાઢે છે, એવી ફરિયાદ ઘણા માણસના મોંઢેથી મેં સાંભળી છે.

'તમે આટલા બધા વર્ષ મારી સાથે રહ્યા પણ હજી મને બરાબર ઓળખી નહિ.'...'ને હું પણ આટલા વરસથી તારી સાથે રહું છું છતાં મારા ગુણની કિંમત તને હજી સમજાઈ નહિ!' વીસેક વર્ષના દાંપત્યજીવનનો લહાવો લઈ રહેલા

પતિપત્ની વચ્ચેના સંવાદ સાંભળવાના લાભ મને થોડા વખત પર જ પ્રાપ્ત થયો હતો.

'મારા ગુણની કદર જોઈએ એવી થતી નથી.' એવી ફરિયાદ લગભગ આપણે બધાને જ કરવાની હોય છે. છતાં શરમના માર્યા આપણે એ કરી શકતા નથી. બીજા ભલે ન કરે પણ આપણે તો આપણા ગુણની કદર કરવી જોઈએ એમ માની આપણે આપણી જાતના યોગ્ય વખાણ કરીએ તો તે પણ લોકોને ગમે નહિ એ તો અન્યાયની પરિસીમા કહેવાય. આત્મશ્લાઘા એ દુર્ગુણ છે એમ કોણ જાણે કોણે ખાલી ભ્રમ દુનિયામાં ફેલાવ્યો છે, અને આપણે બધાય એના ભોગ થઈ પડ્યા છીએ. હું પોતે પણ કોઈ પોતાના વખાણ કરે તો ખમી શકતો નથી. એ જ રીતે હું મારા વખાણ કરીશ, તો બીજાને નહિ ગમે એમ માની મારી જાતની ઘણી ઇચ્છા હોવા છતાંયે વખાણ કરી શકતો નથી અને હું સાધુ કે સંત નથી એટલે બીજા આગળ ખોટી કે ખરી રીતે આત્મનિંદા કરવા પ્રવૃત્ત થતો નથી. આમ આ દુનિયામાં જે વિશે સૌથી વધારે રસ છે તે મારી જાતના સંબંધમાં મારે મૌન પાળવું પડે છે અને મારા વખાણ હું નથી કરી શકતો પણ બીજા કરે તે માટે સદાસર્વદા આતુર ને સોત્કંઠ રહું છું.

પણ વધારે ઊંડો વિચાર કરતાં મને લાગે છે કે આત્મશ્લાઘા એ દુર્ગુણ નથી. પોતાને માટે માનવો ને બીજા પાસે મનાવવો એ મનુષ્યની સ્વાભાવિક આકાંક્ષા છે. એ વૃત્તિથી જ પ્રેરાઈને મનુષ્ય મહાભારત કાર્ય માથે ઉપાડે છે અને બીજાઓથી અદૃષ્ટ રહેલા પોતાના સદ્‌ગુણોને વ્યક્ત કરવાની એ મહેચ્છા હંમેશ સેવતો હોય છે. આત્મસ્તુતિ કરતાં જ્યારે એ અતિશયોક્તિ ને અસત્યનો આશ્રય શોધે છે ત્યારે ઘણીવાર જગતની સમતુલા જાળવવા ખાતર તે પોતાની જાતને જેટલી ઉંચે ચઢાવે છે તેટલા જ નીચે અન્યોને ઉતારી પાડે છે. જેટલા પ્રમાણમાં પોતાનામાં બુધ્ધિનું આધિક્ય છે તેટલા જ પ્રમાણનાં સાંભળનારમાં મુર્ખતાનું પ્રાબલ્ય છે એમ જ્યારે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે એ સૂચવે છે ત્યારે એની આત્મશ્લાધા શ્રોતાઓને અપ્રિય થઈ પડે છે. પરંતુ તેથી વિવેકપુરઃસર ને યોગ્ય પ્રમાણમાં

## મનોહર મુકુર

મોર મુકુટકી લટક પર
અટક રહે દ્રગ મોર
કાન્હ કુંવર સખી યમુના તટ,
નાચત નંદકિશોર.

—સૂરદાસ

## —નિરાભિમાનતા—

તુલસી તુલસી કયા કરો
તુલસી સબકા દાસ
અબ તો ઐસા હો ગયા
(જૈસે) પાઁવ તલેકા ઘાસ

—તુલસીદાસ

## —ફકીર—

ફિકર સબકો ખા ગઈ
ફિકર સબકા પીર
ફિકરકી ફાકી કરે
ઉસકા નામ ફકીર

—કબીરદાસ

× × ×

બડે બડે કો દેખકર
છોટે કો મત માર
કામ પડેગા સૂઈ કા
(તબ) કયા કરેગી તલવાર?

આચરવામાં આવતી આત્મશ્લાઘા હેય છે એમ સિધ્ધ થતું નથી. આત્મીયની પ્રશંસા આપણે કદીયે હેય ગણી નથી તો આત્મપ્રશંસા શા માટે હેય ગણાવી જોઈએ ? પોતાનું કુળ, પોતાની જ્ઞાતિ, પોતાનો દેશ, પોતાનો ધર્મ, પોતાની સંસ્કૃતિ, એ સર્વ પ્રશંસા કરવા યોગ્ય, અને એની પ્રશંસા કરવી તે અધમ કેમ કહી શકાય ?

પ્રાચીનકાળમાં જ્યારે કુટુંબભાવના વધારે સબળ રીતે પ્રસરેલી હતી ત્યારે આત્મપ્રશંસાની બહુ આવશ્યકતા નહોતી રહેતી. આત્મીયજનો પરસ્પર પ્રશંસા કરી ચલાવી લેતા. એક જ કુટુંબમાં મામા, કાકા, ભાણેજ, ભત્રીજા વગેરે રહેતા ને એકબીજાની કોઈક વાર પ્રશંસા તો કોઈક વાર નિંદા પણ કરતા. માંહોમાહ્ય પ્રશંસા કરતાં નિંદાને વધારે અવકાશ રહેતો હશે, પણ બહારની પોતાના કુટુંબની આબરૂ સાચવવા ખાતર, ને એ આબરૂ કુટુંબીઓની આબરૂ વધાર્યા વગર વધારી શકાય એમ ન હોવાથી, એક-બીજાની પ્રશંસા જ વધારે પ્રમાણમાં કરવામાં આવતી. આથી આત્મસ્તુતિની વધુ જરૂર પડતી નહિ. હવે જમાનો બદલાયો છે. કુટુંબભાવના કથળી ગઈ છે, ને વ્યક્તિવાદ વિકાસ પામતો જાય છે. આત્મીયભાવ કરતાં આત્મભાવ વધારે પ્રમાણમાં પ્રસરતો જાય છે. અસલ ભત્રીજો કાકાનાં, ભાણેજ મામાના, કાકો ભત્રીજાના, મામી ભાણેજના વખાણ કરતાં તે સુંદર પ્રથા હવે લગભગ લુપ્ત થઈ ગઈ છે.

હવે તો ભત્રીજો કાકાને ને કાકો ભત્રીજાને, ભાણેજ મામાને ને મામો ભાણેજને–કોઈ કોઈને દાદ દેતા નથી. એટલે સૌએ પોતપોતાના ગુણોની જાહેરાત જાતે કરી લેવી પડે છે. આમ આત્મીય પ્રશંસા પરથી આપણને આત્મપ્રશંસા તરફ વળવું પડ્યું છે અને એમાં કંઈ ખોટું પણ નથી.

એક વિચારકે કહ્યું છે કે દુનિયામાં માણસો પોતાની પ્રશંસા ને બીજાની નિંદા કરે છે તેને બદલે પોતાની નિંદા ને બીજાની પ્રશંસા કરતા રહે તો એ કદી દુઃખી ન થાય. ભર્તૃહરિએ પણ આવી જ સલાહ આપી છે. પરંતુ ખરી રીતે જોતાં આ વસ્તુ બિનકુદરતી, બિનજરૂરી ને તેથી અહિતાવહ છે

પોતાની નિંદા ને બીજાનાં વખાણ કરવાં એ તદ્દન બિનકુદરતી છે. માણસ પોતાના પર જેટલો પ્રેમ રાખે છે તેટલો બીજા પર રાખી શકે નહિ. અન્ય માટે જે પ્રેમ એને હોય છે તે પોતાને માટેનો પ્રેમ ઉભરાઈ જઈને બહાર ઢળી જાય છે તેનો જ અંશ હોય છે. મોટા મોટા તત્વજ્ઞાનના ગ્રંથોમાં પણ આત્મરતિ કેળવવાની જ ભલામણ કરવામાં આવી છે. દેહ તરફથી પ્રીતિ ઓછી કરાવવા માટે પણ એ તત્ત્વચિંતકોને 'દેહ તારો નથી' એમ કહેવું પડ્યું છે. દેહને પારકો ગણ્યા પછી જ એના પ્રત્યેની પ્રીતિ ખેંચી લેવાની છે. એટલે પોતીકી વસ્તુ માટે અથવા પોતાને માટે પ્રીત ન રાખવી એમ કહેવાની હિંમત તો કોઈ વૈરાગ્યપરાયણ સાધુ પુરુષો પણ કરી શક્યા નથી !

આત્મપ્રશંસાની વૃત્તિ કુદરતી છે એ ખરું પણ કેટલીક વાર કુદરતી વસ્તુને દાબી દઈને બિનકુદરતી વસ્તુને સ્થાન આપવું પડે છે. દાખલા તરીકે શિખંડ, પૂરી ને ઢોકળાં બિનકુદરતી છે. નાનાં પ્રાણીને મારીને તેનું ભક્ષણ કરવું અથવા વનસ્પતિ પર નિર્વાહ કરવો એ કુદરતી છે પણ તેને બદલે રસાસ્વાદને


## આશીર્વાદ માટે.....

## આટલું તો જરૂર કરો !

* 'આશીર્વાદ'ના ગ્રાહક બની ચારિત્ર્ય, નીતિ, માનવતા અને રાષ્ટ્રિયતાના ઘડતરમાં તમારો સહયોગ આપો.

* 'આશીર્વાદ'ના ગ્રાહક બનવા બીજાને પ્રેરણા આપો.

* 'આશીર્વાદ'ના સેવાભાવી પ્રતિનિધિ બની ભારતીય સંસ્કૃતિના પ્રચારમાં તમારો ફાળો આપો.

* યાદ રાખો 'આશીર્વાદ' એટલે શ્રધ્ધા, ભક્તિ, અને સત્સંગનો ત્રિવેણી સંગમ.

ખાતર આપણે રાંધીને ખાવાની બિનકુદરતી પ્રથા દાખલ કરી છે. તે જ રીતે આત્મશ્લાઘાની વૃત્તિ ભલે કુદરતી હોય પણ તેથી કંઈ તેને યથેચ્છ વિહાર કરવા દેવો એ ઉચિત છે એમ સિધ્ધ થતું નથી એમ કોઈ કહે તો તે યોગ્ય નથી. કારણ કે ખાદ્ય પદાર્થો કુદરતી કે બિનકુદરતી છે એ સાથે આ સરખામણી ઘટતી નથી. ખાદ્ય પદાર્થ ગમે તે હોય, ખાવાની વૃત્તિ કુદરતી છે ને તેને સંતોષવાની છે એ હકીકત જ મહત્વની છે. એજ રીતે આત્મપ્રશંસા કરવાની ઇચ્છા કુદરતી છે. તેને માર્ગ કઈ રીતે આપવો એ જુદો સવાલ છે. એ ઉપરાંત શિખંડ, પૂરી આદિની વ્યવસ્થા રસાસ્વાદની તૃપ્તિને અર્થે આપણે કરીએ છીએ તેમ આત્મનિંદા ને પરપ્રશંસા એ બિનકુદરતી વસ્તુનો વિકાસ કરવાથી આપણું કંઈ શ્રેય થાય એમ હોય તો જુદી વાત, પરંતુ વસ્તુસ્થિતિ એથી વિપરીત છે.

આત્મનિંદા કરવાથી આધ્યાત્મિક ઉન્નતિ સધાય છે એમ જો કોઈ માનતું હોય તો તે બરાબર નથી. એનાથી કોઈ પણ પ્રકારની ઉન્નતિ સાધી શકાતી નથી, એટલું જ નહિ પણ એને લીધે અધોગતિ થવાનો સંભવ રહે છે. આપણે જાણીએ છીએ કે કોઈની નિંદા કરવી સારી નહિ. હવે જે અનિષ્ટ વસ્તુ હોય તે સર્વ અનિષ્ટ જ રહેવાની. સર્વ સામાન્ય નીતિના ધોરણોને દિક્કાલની મર્યાદા હોઈ શકે નહિ. દાખલા તરીકે સાચું બોલવું એ ઉત્તમ છે અને સર્વ કાળમાં, સર્વ સ્થળે, સર્વ પ્રસંગે ને સર્વના વિષયમાં એ ઉત્તમ રહેવાનું એ દૃષ્ટિએ જોતાં કોઈની પણ નિંદા કરવી–પછી તે પોતાની હોય તોયે શું ? તે અનિષ્ટ છે. ને કોઈની પણ સ્તુતિ કરવી–પછી તે આત્મસ્તુતિ હોય તોયે વાંધો નહિ. તે સર્વથા ઇષ્ટ છે.

માણસ પોતાની નિંદા કરવા પ્રવૃત્ત થાય તોય પહેલાં તો એ એમ અનિચ્છાથી જ કરશે. પછીથી એનો અણગમો ઓછો થાય અને અંતે આત્મનિંદાને ચાહવા પણ માંડે. કેટલાય સંતો, ભક્તો ને મહંતો આમ આત્મનિંદાને પંથે ચઢી એમાં કુશળ બની જાય છે. મારા જેવો કુટિલ, ખલ, કામી કોણ ? એમ એ કહે છે. હું પાપીમાં પાપી છું એવો એ ઉદ્‌ઘોષ કરે છે. પણ તે વેળાએ એના અજ્ઞાત મનમાં એમ હોય છે કે આ કોઈ માનવાનું નથી ને આમ કહું છું તે પણ મારો સદ્‌ગુણ જ લેખાશે. દીનતા નિરાભિમાન, નમ્રતા વગેરે તરીકે જગત એનાં વખાણ કરશે. અને પાપી, ખલ, કામી વગરે તરીકે પોતાને ગણાવતાં પણ તે પોતાની જાતને એ વર્ગ પૂરતી શ્રેષ્ઠ કોટિમાં મૂકે છે તે પણ જોવા જેવું છે. એ એ ખરેખર જાણતો હોય છે કે એના કરતાં વધારે મોટા પાપી, ખલ વગેરે છે. છતાં 'હું મોટામાં મોટો પાપી છું, એમ કહી એ શ્રેષ્ઠત્વનો દાવો કરે છે એ પ્રકારાન્તરે આત્મશ્લાઘા જ છે. આમ સાચી કે જૂઠી આત્મનિંદા કરતાં કરતાં એમને આત્મનિંદા તરફ પ્રીતિ ઉત્પન્ન થાય છે. એ પછી એમની નિંદાપ્રિયતાનું ક્ષેત્ર વિશાળ થાય છે ને એ જનતા તરફ વળે છે અને અંતે એ આખા જગતને વ્યાપી લે છે. કેટલાક જ્ઞાનીઓ, કવિઓ ને ભક્તો તેમજ સુધારકો ને કટાક્ષ લેખકો આખી દુનિયાને, માણસ જાતને, પોતે મહાપુરુષ અથવા સદ્‌ગૃહસ્થ હોવા છતાં મહાપુરુષ કે સદ્‌ગૃહસ્થને ન છાજે એવી રીતે છોલાટે છે. તે પણ ઉપર્યુક્ત વૃત્તિનું જ પરિણામ છે. આમ આત્મ-

## હાર્દિક ધન્યવાદ

આશીર્વાદ પ્રત્યે મમતા અને સદ્‌ભાવના બતાવી નીચેના સેવાભાવી પ્રતિનિધિભાઈઓએ ડીસેમ્બર ૧૯૬૬ સુધીમાં દરેકે ૫૦૧ ગ્રાહક બનાવવાની તત્પરતા બતાવી છે તે માટે 'આશીર્વાદ' તેમને હાર્દિક ધન્યવાદ આપે છે.

(૧) શ્રી હરીવદન ભટ્ટ (૨) શ્રી બાલગોવિંદ પટેલ
(૩) શ્રી વિપીનચંદ્ર ગોવિંદલાલ, ડભોઈ.
(૪) શ્રી મુકુંદલાલ જાની (૫) શ્રી. પુરુષોતમદાસ મોદી

નિંદા પરથી મનુષ્ય પરનિંદા તરફ સ્વાભાવિક રીતે જ વળે છે. આ પરિણામ કોઈને સુભગ ને હિતકારક જણાતું હોય તો ભલે, મને તો એમ લાગતું નથી.

આજ રીતે આત્મશ્લાઘાપરાયણ પુરુષ અંતે બીજાની પ્રશંસા કરતો થઈ જાય છે. પોતાનાં વખાણ ન કરી શકે તે બીજાનાં શું કરવાનો હતો? હવે કોઈ મનુષ્ય પોતાનાં વખાણ કરતો હોય છે ત્યારે મને, બીજા ઘણાઓને થાય છે તેમ, દિલગીરી કે ક્ષોભ થતો નથી. મને લાગે છે કે આ મનુષ્ય થોડા વખતમાં હવે મારી પ્રશંસા કરવા માંડશે. જો કે ઘણીવાર એમ બનતું નથી, પણ એમ બનવાનો સંભવ મને હંમેશ દેખાય છે. પોતાની ને પારકાની નિંદા કરનાર કરતાં સ્વની ને સર્વની પ્રશંસા કરનાર વધારે સારો એમાં શો સંશય ! જાતજાહેરાતના આ જમાનામાં જુદી જુદી સંસ્થાઓ, કંપનીઓ, શાળા-પાઠશાળાઓ, વૈદ્યો, ડૉક્ટરો ને રાજામહારાજાઓ પણ પોતાના વખાણ કરે છે. તેને કોઈ રીતે અધમ લેખતા નથી તો આપણે શા માટે એમ ગણવું જોઈએ ? અને આત્મશ્લાઘાની તરફેણમાં સારામાં સારા દાખલા પણ આપણી પાસે મોજૂદ છે. ભવભૂતિ ને જગન્નાથ સમા પ્રાચીન તેમજ બર્નાડ શૉ સમા અર્વાચીન સાહિત્યસ્વામીઓ, આપણા દેશના ને પ્રાંતના કેટલાક કવિવરો, કલાધરો ને પદવીધરો એ સર્વએ આત્મશ્લાઘાને કદી અવમાની નથી. ખુદ શ્રીકૃષ્ણે પોતેય ગીતામાં ક્યાં પોતાના ગુણ ઓછા ગાયા છે? "મારું ભોજન કર. મારી પાસે આવ. હું તને તારી દઈશ." ઈત્યાદિ ઈત્યાદિ વાક્યો વડે એમણે પણ આત્મસ્તુતિ નથી કરી શું ? તો જે પક્ષે સ્વયં ભગવાન હોય તે જ પક્ષે સત્તા પણ હોય એ સહેજે સમજાય એવું છે.




# सर्वेऽत्र सुखिनः....

* *
*

★

—શ્રેયાનંદ સ્વામી.

सर्वेऽत्र सुखिन : सर्वे सन्तु निरामया ।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद् दुःख माप्नुयाश्रत् ॥

'અહીં (આ જગત પર) બધા જ સુખી થાઓ, સર્વ નિરામય હો, બધા જ કલ્યાણને જુઓ. કોઈ પણ દુઃખ ન પામો.'

આશીર્વાદ આપવાનો હક્ક કોઈ અમુક જ વ્યક્તિને આપેલો નથી હોતો, કેમકે આ જગતમાં સર્વ વિચારવાન પ્રાણીને શુભ ભાવનામાં જીવવાનો અધિકાર છે.

આશિષની જે નિર્મળ વાણી આપણા ઋષિઓના અક્ષરમાંથી નીકળી છે એનાં આંદોલનો આજ વર્ણન આપણને સંભળાવ્યા કરે છે, આપણી ભાવનાની – શુભ ભાવનાની ક્ષિતિજને વિસ્તાર્યા જ કરે છે.

આ ભાવના કયારેય જૂની બનતી નથી. એ નિત્ય નૂતન છે. કેમકે એમાં માનવમાત્રની એકમાત્ર ઈચ્છાને પૂર્ણ કરી આપવાનું ગુંજન છે. ઉપરાંત આ આશીર્વાદ માત્ર ઠાલા શબ્દો નથી. નહિતર ખોખાંની જેમ આપણને વાગત. પરંતુ એમાં તો સુખી થવા માટેની તાર્કિક પધ્ધતિ આપેલી છે.

ઋષિએ પ્રથમ તો એ ભાવના પ્રગટાવી છે કે બધા સુખી હો. કયાં? તો કહે કે अत्र – અહીં. આ જગત ઉપર. કોઈ પરજગત–કે સ્વર્ગલોકના સુખના આ આશીર્વાદ નથી. આ તો છે આ ધરતી પર સુખી થવાની આપણી એકમાત્ર ઈચ્છાને મળતી શુભેચ્છાની હૈયાધારણ. પણ સુખી થવું કેવી રીતે?

એ આપણા હાથમાં છે. પણ ચાવી તો આ આશીર્વાદમાં છે. કોઈ કહે કે 'તમને ખૂબ રૂપિયા મળશે.' એટલે કાંઈ જાદુ ન થાય. એ માટે મહેનત કરવી પડે. પુરુષાર્થ આદરવો પડે. એ જ રીતે 'તું સુખી થઈશ.' એટલું કહેવાથી કે સાંભળવાથી સુખી કરાતું નથી; સુખી થવાતું નથી. એથી સૌ પ્રથમ તો સૌ નિરામય હો. શરીર સુદૃઢ હોવું એ જરૂરી તો છે જ પણ નિરોગી હોવું જોઈએ. રોગ અંદર પ્રવેશીને ઘર કરી જાય એવું આપણા પ્રભુનું ઘર કાચું ન રખાય. એટલે સુખની પહેલી વાત તો શરીર પરથી થાય. આ ભાવનામાં કેટલી વાસ્તવિકતા રહેલી છે. કોણ કહેશે કે આપણી સંસ્કૃતિ કેવળ આકાશની જ વાતો કરતી હતી? બીજી વાત મનની સ્વસ્થતાની છે. મનનો સ્વભાવ જ કોણ જાણે એવો છે કે એની નજરે અભદ્રતા જલ્દી આવે છે. અને એને જોઈને એ રાચે છે. કેમકે એને એ સરળ લાગે છે. પરંતુ મનને એ તરફની ગતિથી બીજી દિશામાં વાળવું એ મહત્વનું છે. એટલા માટે તો કહ્યું કે બધા જ ભદ્રને જુઓ. કશું પણ અભદ્ર નજરે ચડે તો મનને એમાં આળોટવા ન દેશો. એથી મનની ભૂમિકા રગદોળાશે નહિ. અને ભદ્ર જોવાથી, બધેથી કલ્યાણનાં દર્શન કરવાથી મન અપૂર્વ શાંતિ અનુભવે છે.

આમ શરીર અને મનને કેવી રીતે નરવાં રાખવા એનું દર્શન આ ભાવનામાં ઋષિએ કરાવ્યું છે. અને એથી છેલ્લે ખાતરી આપતાં કહ્યું છે કે કયારે ય પણ કોઈને કશું દુઃખ ન હો તો જ દુઃખ ન પમાય.

સુખી થવા માટે ફાંફા મારતી, આજની ભૌતિક સુખોમાં રાચતી માનવજાતિને વર્ષોથી ઈશારા કરતી આ ભાવનાવાણી જલદીથી સંભળાય અને એ ચરિતાર્થ થાય એવી અધિકાર ભાવના મૂળ ભાવનામાં ઉમેરીએ.

## શબરી તું બડભાગી!

શબરી તું બડભાગી!
સૌ સૂતેલા શાણા વચ્ચે
એક તું પાગલ જાગી!....શબરી....

નિશદિન પળપળ ચાલી રહી જ્યાં
વિષયોની વરણાગી,

અણદીઠા અણસુણ્યા પિયુની
બની મિલન અનુરાગી....શબરી....



ઠૂંઠાં મહોર્યાં, ખંડેરોમાં
વેણુ વસંતની વાગી

પંથ વિહોણા પાષાણોમાં
પ્રભુ પદ પંક્તિ પરાગી!
શબરી તું બડભાગી.

—કરસનદાસ માણેક

## હૈયા વરાળ



મારી કાઢું છું હૈયા વરાળ, પ્રભુ! તારી પાસે રે
તૂટી પ્રિતલડીની પાળ, નવાજૂની થાશે રે........(૧)

કાં તો આ પાર પેલે પાર, નક્કી માની લેજે રે,
કેડ બાંધીને હું છું તૈયાર, તૈયારીમાં રહેજે........(૨)

કહેતાં કૂચાં વળી ગયા, જીભ છતાં માન માગે રે,
તને ફાવે તે ખૂણામાં છીપ, ભાગીને ક્યાં જાશે રે........(૩)

જખ મારીને આવજે આમ, ચાલી સામે પગલે રે
'પુનિત' છોડે છે તારું નામ, જાહેરાત જગને રે—(૪)

—સંત 'પુનિત'

# સાચું શિક્ષણ

—અતિથિ

પોતાની તમામ ઇન્દ્રિયો તથા **મન બુધ્ધિને** જે મનુષ્ય પ્રભુના પવિત્ર કાર્યમાં જોડી રાખે છે તે જ બુધ્ધિમાન ભક્ત છે. જીભથી ગોવિંદના ગુણ ગાઓ, નયનોથી સંતોનાં દર્શન કરો, કાનથી ભગવત્–કથા **સાંભળો**, હાથથી હરિની સેવા કરો, પગથી તીર્થયાત્રા કરો, મનથી મોરલી–મનોહર મોહનનું ચિંતન કરો અને બુધ્ધિથી પ્રભુનો વિચાર કરો. **આથી** તમારું જીવન પવિત્ર અને પ્રભુમય બની જશે.

'જેવો સંગ તેવો રંગ' માનવની ઉન્નતિ યા અવનતિમાં કેવળ સંગ જ કારણભૂત છે. સંગના બે પ્રકારો છે: સારો અને બૂરો. માત્ર માણસોનો જ નહિ, ઇન્દ્રિયોના વિષયોને લીધે પણ સારો યા ખોટો સંગ લાગે છે. **સત્સંગને સત્કારો, દુઃસંગને દેશવટો દઈ દો.** કાન વડે અશ્લીલ વાતો ના સાંભળો, આંખો વડે અહિતકર દૃશ્યો ના જુઓ, જીભ વડે કટુવચન ના વદો, હાથ વડે કાળાં–ધોળાં ના કરો, પગ વડે પાપના ભાગીદાર ના બનો, મન વડે અનિષ્ટકારી ચિંતન ના કરો અને બુધ્ધિ વડે હલકા વિચારો ના કરો. આથી તમે તમામ સંગોથી આપોઆપ વિમુક્ત બની જશો.

વિષયો તરફ વૃત્તિઓનું વહેણ વળે એવાં પુસ્તકો ભૂલેચૂકે પણ ના વાંચવાં, પછી ભલે લોકો તેને 'શાસ્ત્ર'ને નામે જ ઓળખાવતા હોય. વિષય-વિમુખ બનવાની અને પાપપાશમાંથી છૂટવાની પ્રેરણા આપનાર પુસ્તકોનું જ પઠન કરવું; એવી જ વાતો સાંભળવી અને જ્યાં સાંભળવાની ના મળે ત્યાં પગ ના મૂકવો.

વિષયના વિચારો એ વિનાશનો પાયો છે, અને ભગવત્ ચિંતન એ દુઃખ–દરિયાને તરવાનો અમોઘ ઉપાય છે. ખૂબ સાવચેત બનીને વિષયચિંતનરૂપી રાક્ષસને હૃદયના રાજમહેલમાં પ્રવેશવા ના દેશો. જેટલો સમય મળે તેટલા સમયનો ઈશ્વરની આરાધનામાં ઉપયોગ કરો. **વિષયચિંતનની માત્રામાં જેટલો ઘટાડો થશે અને પ્રભુચિંતનની માત્રામાં જેટલો વધારો થશે તેટલા પ્રમાણમાં તમે સુખ અને અને શાંતિના શાશ્વત સ્થળે પહોંચી જશો.** વિષયચિંતન સદાચારના સર્વોચ્ચ શિખરે બેઠેલાને પણ ગબડાવી પાડે છે, અને પ્રભુચિંતન દુરાચારની ઊંડી ખીણમાં પડેલાને પણ ઉપર લાવી વંદનીય બનાવી મૂકે છે.

બે કેન્દ્રો છે—એક દુઃખનું અને સુખનું. દુઃખના કેન્દ્રમાં બેસીને, સુખની ગમે તેટલી લાંબી લાંબી વાતો કરવાથી પણ સુખની ઝાંખી નહિ થાય અને સુખના કેન્દ્રમાં પહોંચ્યા પછી દુઃખનાં દર્શન અલભ્ય બની જાય છે. વિષયોનો આશ્રય એ દુઃખનું કેન્દ્ર છે અને ભગવાનનો આધાર એ સુખનું કેન્દ્ર છે. જ્યાં સુધી વિષયના આશ્રયથી સુખ મેળવવાની આશા છે ત્યાં સુધી તેને સ્વપ્ને પણ સુખ મળવાનું નથી. આગના ભડકાઓથી ઘેરાયેલા માનવીને કેવળ વાતો કર્યાથી શીતળતાનો અનુભવ કદાપિ થતો નથી. માટે પ્રભુનું શરણું સ્વીકારો. જેવી રીતે હિમાલયની ગોદમાં બેઠેલા માણસને ગરમી કંઈ અસર કરી શકતી નથી, તેવી જ રીતે સુખના કેન્દ્રમાં બેસવાથી 'પ્રપંચના ધામ' સમા સંસારની તમામ ખટપટોથી તમે નિર્લિપ્ત રહી શકશો.

'સર્વત્ર પ્રભુ બિરાજે છે' એમ સમજીને બધાંનું સન્માન કરો. કદાચ સન્માન ના કરી શકો તો અપમાન તો કોઈનું પણ ના કરશો. **તમારા સ્વમાનને તિલાંજલિ આપીને તમે બીજાનું સન્માન કરશો અને બીજાના સ્વમાન પર તરાપ નહિ મારો તો તમે તમામ વર્ગના હૃદય-સિંહાસને આસન મેળવશો.** પછી તમને તમારી લાયકાત કરતાં પણ વધારે માન મળશે અને તમે તમારી મરજી મૂજબ, તેમાંના મોટા ભાગને, સન્માર્ગે ચડાવી શકવા સમર્થ બનશો.

# રામજી રખવાળ

જેનો રામજી રખવાળ,
એનો વાંકો ન થાયે વાળ....જેનો.
પગલે પગલે પરચા પૂરે,
કેવા દીનદયાળ
બળતાં નિભાડેથી ઉગાર્યાં,
બિલાડીનાં બાળ..........જેનો.
તેલ કડામાં નાખ્યો સુધન્વા
(તોએ) અંગે ન લાગી જ્વાળ,
પાંચાળીનાં ચીર પૂર્યાં,
કેવા કૃષ્ણ કૃપાળ...........જેનો.
જે જન થાયે હરિના,
(તેની) હસીને લે સંભાળ
શ્વાસે શ્વાસે હરિ સ્મરી લે,
જૂઠી જગ જંજાળ........જેનો.

પૂજ્ય કીર્તનાચાર્ય શ્રી વિજયશંકર મહારાજ

— × —

# — નોબત —

વાગી રહી નોબત શીરે
હે માનવી હુંશિયાર થા
દિલ દેવને જોવા સમજવા
પામવા તૈયાર થા
નરવીરને શું મંદતા
પુરુષાર્થને શું પ્રાપ્તતા
છેદી જટિલ મન વાસના
તું મુક્તિનો વરનાર થા
પાછું નહિ ફરવું પડે
એવો સુખી જાનાર થા
નિજ ધર્મ કેરો મર્મ સમજી
કર્મનો કરનાર થા
પ્રભુ પ્રેમના પ્યાલા ભરી
પીનાર ને પાનાર થા
ભગવાનનાં મહિમાભર્યાં
રસ ગીતડાં ગાનાર થા.

'જય ભગવાન'

બીજાઓ પાસેથી જેવા વર્તનની તમે આશા રાખતા હો તેના કરતાં જરા પણ ઊલટી રીતે વર્તવાનો તમને કોઈ અધિકાર નથી જો તમે બીજાઓ પાસેથી સન્માન, સત્કાર, ઉપકાર, દયા, સેવા, સહાયતા, મિત્રતા, અને પ્રેમ આદિ સદ્‌ગુણોની અપેક્ષા રાખતા હો તો તમારી એ અનિવાર્ય ફરજ છે કે બીજાઓ પ્રત્યે તમારે એવી ઉદારતા દાખવવી જોઈએ.

તમારી સારી વાત બીજાને પ્રેમપૂર્વક જરૂર કહો, પરંતુ એવો દુરાગ્રહ રાખવાનો તમને કોઈ અધિકાર નથી, કે બીજાઓ તમારી એ વાત સ્વીકારી જ લે અને તમારી એ વાતને ન માનનારાઓને ન તો ધિક્કારો કે ન તો તેમના પ્રત્યે મનમાં ધિક્કારની લાગણી પેદા થવા દો. તેમને તમારી વાત સ્વીકારવાનો નહિ, પણ સમજાવવાનો પ્રયાસ કરો. માનભંગના ભયથી તમારી ભૂલને સાચી ઠેરવવાનો પ્રયત્ન કરશો તો એટલું લખી રાખજો, કે ભૂલનો સ્વીકાર કરવાથી તમને જરાયે નુકશાન થવાનું નથી. જ્યારે ભૂલનો ઇન્કાર કરવાથી બીજી અનેક ભૂલોની ભૂતાવળ તમે ઊભી કરી બેસશો.

તમારી વાતનું સમર્થન થાય એવી આશાથી કોઈનો અભિપ્રાય પૂછતા નહીં. માર્ગદર્શન મેળવવાની દૃષ્ટિથી જ તેમની સલાહ લો અને ભૂલ બતાવે તેના પર ખોટું ન લગાડતાં તેનો ઉપકાર માનવો. તમારામાં ના હોય એવી ભૂલ કોઈ બતાવે તો પણ બીજાની દાનત પર શંકા ના લાવશો. બલ્કે તેના પર ઊંડો વિચાર કરીને જુઓ, કે તમારા હૃદયમાં કોઈ ખૂણામાં તે ભૂલ લપાઈને–સંતાઈને બેઠી તો નથી ને! કદાચ ભૂલ ના મળે અને બતાવનારની જ ભૂલ હોય તો પણ તેનો ઉપકાર માનો; કારણ કે તમારી જીવન સુધારણા માટે તેણે પોતાના અમૂલ્ય સમયનો ભોગ આપ્યો છે.

તમારા કહ્યા પ્રમાણે કોઈ ના વર્તે તો જરાય ખોટું ન લગાડશો અને તેના તરફ દ્વેષભાવ ના રાખશો. વળી, તમારા અભિપ્રાયથી ઊલટું વર્તન કરવાથી તેને કોઈ નુકશાન થયું હોય અને ફરીથી જ્યારે તે સામે મળે ત્યારે એને એવું મહેણું કદાપિ

ના મારવું, કે 'મારી સલાહની અવગણનાનું આ ફળ છે.' તેની સાથે પ્રેમભાવથી વર્તો, યથા સમયે ફરીથી તેને સારી સલાહ આપો અને તેના જીવન-પ્રવાહને સન્માર્ગે વાળવાની કોશિશ કરો.

કોઈ માણસમાં એકાદવાર કોઈ દોષ દેખાય તો એવો કાયમી નિર્ણય ન કરી રાખો કે 'આ માણસ તો ખરાબ જ છે.' સંભવ છે કે, દોષ જોવામાં તમારો જ દોષ હોય અથવા કોઈ વિશિષ્ટ સંજોગોનો ભોગ બની, અનિચ્છા હોવા છતાંયે તેને દોષના ભાગીદાર બનવાની ફરજ પડી હોય. જેમ ગુલાબના છોડમાં કાંટા અને ગુલાબ બંને હોય છે તેમ દરેક વ્યક્તિમાં સારા અને ખોટા બંને જાતના ગુણો હોય છે. ડાહ્યા માણસે ડહાપણનો સહારો લઈ કાંટાને કાઢી નાખવા અને ગુલાબને ગ્રહણ કરવા. તમે પોતે ગુણગ્રાહી બનશો તો તમારામાં ગુણો વધશે અને તમે દોષદર્શી બનશો તો તમારામાં દુર્ગુણો વધશે.

ખરેખર સામો માણસ દોષિત હોય તો પણ તેનું અપમાન ના કરો, અથવા ક્રોધનાં કડવા પ્રયોગ દ્વારા તે દોષને દૂર કરવાનો પ્રયાસ પણ ના કરો. ઘણીવાર એવું બને છે કે તમારા અપમાન યા ક્રોધથી દોષિત માનવીની દૂષિત વૃત્તિ દબાઈ જાય છે. પરંતુ એ વૃત્તિ જડમૂળથી ઉખડતી નથી. તમે ફેંકેલા વાક્યોના બાણ તેના હૃદયમાં કારી ઘા કરશે અને જો તેનું મગજ બગડ્યું તો તે પોતાના દોષને માટે પશ્ચાતાપ કરવાને બદલે, તમે કરેલા અપમાન યા ક્રોધનું વેર વાળવાની તક શોધ્યા કરશે. આથી તેનામાં નવા દોષોની ઉત્પત્તિ થશે અને તેની દુશ્મનાવટભરી હિલચાલથી ભડકીને તમે પણ વધુ ક્રોધી અને હિંસક બની જશો. કોઈનાં દોષનું ઉન્મૂલન કરવું હોય તો તેના પ્રિય બનીને, તેની સેવા-ચાકરી કરીને, તેના હૃદયને જીતી લો, અને પછી તેને સમજાવવાનો પ્રયાસ કરો. મોડીમોડી પણ તમને સફળતા જરૂર મળશે; અને એ સફળતા સ્થાયી હશે. **યાદ રાખજો કે રાજ્ય, સમાજ અને વ્યક્તિઓએ દંડ કરી કરીને જ ગુન્હેગારોની સંખ્યામાં ઉમેરો કર્યો છે.** જે પોતે દોષ કરે છે અને રાગદ્વેષને વશ થઈ સાચા અર્થમાં દોષનો

# પ્રારબ્ધ કર્મ

**આટલી વાતનો નિશ્ચય રાખવો યોગ્ય છે કે, જ્ઞાની પુરુષ પણ પ્રારબ્ધ કર્મ ભોગવ્યા વિના નિવૃત્ત થતો નથી, અને અણભોગવ્યે નિવૃત્ત થવાને વિષે જ્ઞાનીને કંઈ ઇચ્છા નથી. જ્ઞાની સિવાય બીજા જીવને પણ કેટલાક કર્મ છે, કે જે ભોગવ્યે જ નિવૃત્ત થાય, અર્થાત્ તે પ્રારબ્ધ જેવા હોય છે; તથાપિ ભેદ એટલો છે કે, જ્ઞાનની પ્રવૃત્તિ પૂર્વોપાર્જીત કારણથી માત્ર છે, અને બીજાની પ્રવૃત્તિમાં ભવિષ્ય સંચારનો હેતુ છે, માટે જ્ઞાનીનું પ્રારબ્ધ જુદું પડે છે. એ પ્રારબ્ધનો એવો નિર્ધાર નથી કે, તે નિવૃતિરૂપે જ ઉદય આવે. જેમ શ્રી કૃષ્ણાદિક જ્ઞાની પુરુષ, કે જેને પ્રવૃત્તિરૂપ પ્રારબ્ધ છતાં જ્ઞાનદશા હતી. એ પ્રારબ્ધ નિવૃત્ત થવું તે માત્ર ભોગવ્યાથી સંભવે છે.**

**— શ્રીમદ્ રાજચંદ્ર**

—×—

# સુભાષિત

**બીજા શું કરે છે? શું નથી કરતાં? તેની તપાસ ન રાખો. બીજાઓની ભૂલ અને અવગુણ ન દેખો. તમે ક્યાં ભૂલ કરો છો અને ખોટું કરો છો તેની તપાસ હરઘડી કરતાં રહો.**

**કબજે થયેલું નિર્મલ મન જેટલું સુખ આપે છે, તેટલું સુખ સંસારનું કોઈ પ્રાણી કે પદાર્થ આપી શકતા નથી.**

**ચંચળ મન જેટલું દુઃખ આપે છે, તેટલું દુઃખ સો મૃત્યુ પણ આપી શકતા નથી.**

**મન બળે એટલે લોહી બળે, લોહી બળે એટલે શરીર બળે અને એ ત્રણેય બળીને માનવીને રાખનો ઢગલો બનાવી દે છે.**

નિર્ણય નથી કરી શકતો તેને બીજાના દોષ જોવાનો અને તેનો દંડ કરવાનો શું અધિકાર છે ?


એક વાતનો ખાસ ખ્યાલ રાખો. તમારો પુત્ર, ભાઈ, નોકર યા તમારાથી નીચી કક્ષામાં કોઈપણ માણસનું, બીજા માણસોની રૂબરૂમાં અપમાન ના કરો. દરેકને પોતાનું સ્વમાન વ્હાલું હોય છે, પોતાનું અપમાન થાય એમ કૂતરુ પણ ઈચ્છતું નથી! અપમાનિત માણસ કદાચ સારો જવાબ નહીં આપી શકે, પરંતુ તેના દિલમાં જરૂર દુઃખ પેદા થશે અને પોતાનું અપમાન વ્યક્ત કરનાર વ્યક્તિ પ્રત્યે તેનામાં બૂરી ભાવના જરૂર પેદા થશે. માટે કોઈને ચેતવણી આપવાની જરૂર જણાય, તો એકાંતમાં જ આપવી, અને તે પણ શક્ય હોય ત્યાં સુધી પ્રેમ અને સહાનુભૂતિના શબ્દોમાં જ.

તમે કોઈને દોષ કરતાં જોઈ લો અને તેને પણ થઇ જાય કે તમે તેના દોષના સાક્ષી છો તો પછી તેને ઠપકાનો એક પણ શબ્દ ના કહેશો. તે પોતે જ શરમમાં ડૂબી જશે. ઠપકાનાં ઊભરો ઠાલવીને તેના સંકોચની સીમા ઓળંગીને તેને બે-શરમ ના બનાવો.

જેમ પોતાના નફા-નુકશાન પ્રત્યે તમે સચેત રહો છો તેમ બીજાનું પણ ધ્યાન રાખો. કોઈને ત્યાંથી ઉછીની લાવેલી ચીજ બગડે નહિ અને કામ પુરુ થયા પછી તરત જ તેને સહિસલામત પહોંચી જાય તેનું વિશેષ ધ્યાન રાખો. નહિતો, તેથી તેને દુઃખ થશે અને લોકો ઘરમાં વસ્તુ હોવા છતાંયે 'નથી' એમ જુઠું બોલીને, કોઈને જોઈતી વસ્તુ ઊછીની આપશે નહિ અને આમ થતાં તમને કદાચ નુકશાન નહીં થાય તો અધુરાં સાધનોવાળા ગરીબોને મળતી સગવડ બંધ થશે. વળી જેમ બીજાઓ પાસેથી તમે ચીજ મંગાવો છો તેમ બીજાઓને પોતાની ચીજ વાપરવા અર્થે આપવામાં જરાય સાંકડુ દિલ ના રાખશો. સૌથી ડહાપણ ભરેલું કામ તો એ છે કે, **જ્યાં સુધી જે ચીજ વિના ચાલી શકતું હોય ત્યાં સુધી તે ચીજની કોઇની પાસે માંગણી કર્યા વિના નિભાવી લો.** માંગીને સંકોચમાં પડવું એના કરતાં આ શું ખોટું છે ?

દુઃખી અને ગરીબ ભાઈ-બ્હેનો સાથે વિશેષ પ્રેમ અને સરળતા દાખવો. તેમની સેવા કરવામાં એવો ખ્યાલ ના રાખો અને તમને જાણવા ના દો કે તમે મોટા માણસ છો. તમે ઉપકાર યા અહેશાન કરી રહ્યા છો એવી છાપ તેમના હૃદય પર ના


ગૃહજીવનના સાથી.....



નારણ લાલા મેટલ વર્કસ પ્રાઇવેટ લિમિટેડ ની ૨ અનુપમ બનાવટો



અજન્ટા લેન્ટર્ન અને સ્ટવ

- ટેકનિકલ દૃષ્ટિએ સંપૂર્ણ
- મજબૂતાઈમાં બિનહરીફ
- તકલીફ વિના અવિરત સેવા
- દેખાવમાં અધિક સુંદર

નારણ લાલા
મેટલ વર્કસ
પ્રાઇવેટ લિમિટેડ
—નવસારી (જી. સુરત)

પડવા દો. ગરીબ ભાઈ–બહેનોની સેવા કરવાનું સૌભાગ્ય સાંપડે તો ભૂલે-ચૂકે પણ તેમને તેનું સ્મરણ ન કરાવો, એટલું જ નહિ પરંતુ મનમાં પ્રભુનો પાડ માનો કે તમને સેવા કરવાની તક આપી અને જેમની સેવા કરી છે તેમનો પણ આભાર માનો, કે તેમણે તમારી સેવાનો સ્વીકાર કર્યો, પરંતુ આ કૃતજ્ઞતાને પણ તમારા હૃદયમાં જ સમાવી લો, બહાર પ્રગટ ના કરશો. અન્યથા તેમના મનમાં એવું ઠસી જશે, કે સીધી કે આડકતરી રીતે તમે તમારા ઉપકારની તેમને યાદ આપો છો. આથી તેને ક્ષોભ થશે અને પોતાની દુઃખી દશાને સંભારીને તે વધુ દુઃખી થશે. જે માણસ નામના મેળવવા માટે કોઈને મદદ કરે છે તે તો તેમને સળગાવવા માટે આગ પ્રગટાવે છે એમ જ માનવું. તેના હૈયાના ભડકા બૂઝાવાને બદલે નવા ભડકા ના ચેતવશો.

ગરીબોની સેવા કરવાની ભાવના હોય તો અત્યંત ગુપ્તરૂપે કરો; બની શકે તો તેને પણ ખબર ના પડવા દો. સેવા કરીને તેણે હૃદયમાંથી કાયમ માટે કાઢી નાખો—એમ માનો કે તમે કશું જ કર્યું નથી.

જેમ તમને પોતાના સમયનું ભાન રહે છે તેમ બીજાના સમયની પણ કિંમત આંકો. કોઈ પણ ભલા આદમી પાસે જઈને કામ વિના વધુ વખત ના બેસો. શિષ્ટાચાર યા કોઈ ખાસ કામપ્રસંગે ન છુટકે જવું પડે તો તેની અનુકૂળતા જોઈને જાઓ અને કામ પતી ગયા પછી તરત જ રજા માગી ત્યાંથી ઊભા થઈ જવું. બીનજરૂરી વાતો ઉમેરીને સામી વ્યક્તિને સંકોચમાં ના નાખો. જો ત્યાં બીજા માણસો બેઠા હોય તો પોતાની વાતને ઝટપટ સંકેલીને ચાલવા માંડો, જેથી બીજા માણસોને પણ વાત કરવાનો અવસર મળે.

બે માણસ વાત કરતા હોય તો તેમની ખાનગી વાતમાં માથું મારી ખલેલ ના પહોંચાડો. તમારી હાજરીથી તેને સંકોચ થતો હોય તો, તેના હૃદયનો ભાવ સમજીને ત્યાંથી તમે દૂર ખસી જાઓ. પાછળથી તે વાતનું પિષ્ટપેષણ કરી તેને મુશ્કેલીમાં ના મૂકો. જો તેની વાત ખાનગી હશે તો, કાં તો તમારા આગ્રહને વશ થઈ તે સંકોચના સકંજામાં સપડાઈ જશે અને કાં તો તેને છૂપાવવા માટે તમને આડાઅવળું સમજાવીને તે ભાગીદાર બનશે. આગળ ઉપર તેને વધુ નુકસાન વેઠવું પડશે.

દુઃખના દિવસોમાં કોઈની પાસે મદદ માગવાનું અનિવાર્ય જણાય અને સામો માણસ રાજીખુશીથી આપે, તો હૃદયથી તેના પ્રત્યે આભાર વ્યક્ત કરી તેનો સ્વીકાર કરો. કોઈ પરોપકારી માણસે તમારા દુઃખથી દુઃખી થઈને તમને એકવાર સહાય કરી હોય તો તેને વારંવાર હેરાન ના કરશો.

કોઈ પણ માનવી સાથે વાત કરતાં પહેલાં તેની વાત સાંભળો. દુઃખની વાત હોય તો વિશેષ રસપૂર્વક સાંભળો. તમારી દૃષ્ટિએ તે દુઃખ ભલે નાનું હોય છતાંયે તેની દૃષ્ટિએ તે મોટું છે. તેને સાંત્વન આપો, સમજાવો અને બની શકે તો સહાયતા કરો. ખાસ કરીને ગરીબોની વાત સાંભળીને કદી તોછડાઈથી ના વર્તશો. તેની સાથે એવી રીતે વર્તો કે જેથી તે ભય અને સંકોચથી મુક્ત થઈ, તમને પોતાનું દુઃખ સહેલાઈથી સંભળાવી શકે–તમને પોતાનો સ્વજન સમજે.

બીજાઓ સાથે વાતચીત કરતી વેળાએ તમારા ગુણનાં બણગાં ના ફૂંકશો, અને તમારા સગાસંબંધીઓની વધુ પડતી પ્રશંસા ના કરશો કારણકે બોલનાર વ્યક્તિને પોતાની વાત સંભળાવવામાં જેટલો આનંદ આવે છે તેટલો આનંદ તમારી યા તમારા સંબંધીની વાત સાંભળવામાં તેને નથી આવતો. તમે એની વાત કાળજીપૂર્વક સાંભળો. અને એને લગતી કે મળતી હોય એવી પ્રિય વાત કરો, જેથી એના હૃદયમાં ટાઢક વળે અને તમારા માટે પ્રેમ અને મિત્રતાની લાગણી ઉદ્ભવે. જેમ માની પાસે એના નાના બાળકની વાત કરવાથી એને સુખ મળે છે અને એનું હૃદયકમળ ખીલી ઊઠે છે તેમ એની સાથે વાત કરો.

વાત કરનારાઓની વચમાં ટપકી પડીને ચાલુ વાતનો પ્રવાહ ન અટકાવો, અને કોઈને કાંઈ કહેતી વખતે વચમાં એની વાતનો વિરોધ પણ ન કરો. બોલ્યા વિના કામ નીકળી જતું હોય તો સૌથી સારું. જો વિરોધ અનિવાર્ય ગણાય તો તેના શાંત પડયા પછી શાંતિ અને સન્માનસહિત નમ્રતાયુક્ત વચનો વડે તમારા અભિપ્રાયો રજૂ કરો.

ઇન્દ્રિયો અને મન પર વિજય મેળવવાની તૈયારી કરો, તમારી નિર્બળતાઓથી સાવધ રહો, ધીરજ રાખીને–ભગવાન પર ભરોસો રાખો, ઇન્દ્રિયોને વિષયોના ખાડામાં પડતી અટકાવો. મનને ઈશ્વિર ચિંતનના કાર્યમાં પરોવીને કુબુધ્ધિનો કચરો કાઢી નાખો.

જેમ ઘડિયાળની કમાન છટકે છે તેમ મગજની કમાન ના છટકે તેનું ધ્યાન રાખો. ધૈર્ય ધારણ કરીને તમારી જૂઠી નિંદાને પણ સહન કરતાં શીખો. પછી શાંત ચિત્તે વિચાર કરો કે એ તમારી નિંદા શા માટે કરે છે? ઊંડી શોધ કરવાથી જરૂર કોઈ કારણ મળશે. મોટેભાગે તો તમારી કમજોરી જ કારણભૂત હશે. તેને દૂર કરી નિંદા કરનારનો ઉપકાર માનો.

ફૂલીને ફાળકાં થશો નહીં, હર્ષ ઘેલાં બનશો નહિ. તમારી 'વાહ–વાહ' સાંભળીને તમારા આંતર–બાહ્ય દુશ્મનોને ભૂલશો નહિ અને તેના તરફ જરાય દયા દાખવશો નહિ. તમારા મસ્તક પર પ્રશંસાના પુષ્પો ચડે તો તેથી તમારી જાતને મહત્વ આપીને અભિમાનમાં અંધ ના બનશો 'સારું યા ખોટું જે કંઈ થાય છે એ બધું ઈશ્વિર–ઇચ્છાને આધિન છે' એમ સમજીને, જે પ્રભુએ તમને પ્રશંસા પામવામાં નિમિત્ત બનાવ્યા તે પ્રભુને પ્રણામ કરો. વળી પ્રભુને સાચા દિલથી પ્રાર્થના કરો કે ભવિષ્યમાં તમારા યશોગાન ના ગવાય. કીર્તિરૂપી કાતિલ કટારીને ભાઈબંધની જેમ સાથે ના રાખો. સત્કાર્ય જરૂર કરો પણ પ્રશંસાથી પર રહીને. આજ સાચું શિક્ષણ છે.



# લવાજમ ભરવા સંપર્ક સાધો :

## સ્થાનિક પ્રતિનિધીઓ

શ્રી લક્ષ્મીનારાયણ સત્સંગ મંડળ
c/o મોહનલાલ પ્રાણલાલ મહેતા
મહાલક્ષ્મી ઘી ભંડાર
વાડીગામ, દરિયાપુર — અમદાવાદ

શ્રી પુષ્પરાય અંબાલાલ ભટ્ટ
અંબાજી માતાનું મંદિર, દિલ્હી દરવાજા બહાર
જૂના માધુપુરા — અમદાવાદ

શ્રી ચીમનલાલ ધનેશ્વર મહેતા
સદ્દમાતાની પોળ, શાહપુર — અમદાવાદ

શ્રી બાલગોવિન્દ છગનલાલ
ગરનાળાની પોળ, શાહપુર — અમદાવાદ

શ્રી ચંદુભાઈ પરસોતમદાસ પટેલ
કીડીપાડાની પોળ, શાહપુર — અમદાવાદ

શ્રી પરસોતમદાસ સી. મોદી
c/o મોદી બ્રધર્સ, દિલ્હી ચકલા
અમદાવાદ

શ્રી મધુ ટી સ્ટોલ
દિલ્હી ચકલા — અમદાવાદ

શ્રી હીરાલાલ સોમનાથ પટેલ
૫૫૧, મોટી હમામ, ધીકાંટા — અમદાવાદ

શ્રી શંકરલાલ મોહનલાલ પટેલ
દૂધવાળી પોળ, ધીકાંટા — અમદાવાદ

શ્રી બળદેવદાસ મણીલાલ પટેલ
છીપાપોળ, સ્વામીનારાયણના મંદિર પાસે
કાલુપુર — અમદાવાદ

શ્રી દેવીપ્રસાદ છોટાલાલ જાની
c/o જાની એન્ડ કું., ટીંબાપોળ
કાળુપુર — અમદાવાદ

શ્રી ભાનુભાઈ આચાર્ય
કાયત્રાડો, રાયપુર — અમદાવાદ

શ્રી મહેશભાઈ ચીમનલાલ પટેલ
જેઠાભાઈની પોળ, ખાડીયા — અમદાવાદ

શ્રી ભોગીલાલભાઈ
c/o પુનીત સ્ટોર્સ, હવેલી પાસે
રાયપુર — અમદાવાદ

શ્રી ચન્દ્રકાંતભાઈ c/o વિભુતી સ્ટોર્સ
શામળાની પોળ — અમદાવાદ

શ્રી જયંતિલાલ મણીલાલ રાવળ
સદ્દમાતાની પોળ, સાંકડી શેરી, માણેકચોક
અમદાવાદ

શ્રી શાન્તિલાલ ત્રિવેદી
સ્વસ્તિક ટાઇલ્સ, ગાંધી રોડ — અમદાવાદ

શ્રી મુકુન્દલાલ પુંજાલાલ શાહ
સોનીનો ખાંચો, ધનાસુતારની પોળના નાકે
રીલીફ રોડ — અમદાવાદ

શ્રી જે. ટી. ત્રિવેદી
આરબ મંઝીલ, ઝકરીયા મસ્જિદ પાસે
રીલીફરોડ — અમદાવાદ

શ્રી ગોપાળ ભજન મંડળ
ટોકરશાની પોળ, જમાલપુર — અમદાવાદ

શ્રી રસિકલાલ ગોવિંદલાલ પટેલ
શહેર દાણાપીઠ, નવોવાસ — અમદાવાદ

શ્રી ભાલચંદ્ર દશરથલાલ બારોટ
૩૦૨, હરીપુરા, જૂના અસારવા. — અમદાવાદ-૧૬

શ્રી રમણલાલ શકરાભાઈ પટેલ
પગીવાસ, જૂના અસારવા — અમદાવાદ-૧૬

શ્રી જીવણલાલ મદનગોપાળ દામાણી
૧૦૬, બાલકુંજનો ખાંચો
પોલીસ ચોકી પાસે, મણીનગર — અમદાવાદ

શ્રી કેશવલાલ ભોગીલાલ પટેલ
નાની સાળવીવાડ, સરસપુર — અમદાવાદ

શ્રી ગોવિંદલાલ ભોગીલાલ છીંકણીવાળા
છીંકણીવાળા એસ્ટેટ, ગોમતીપુર — અમદાવાદ

શ્રી હરીવદન ભટ્ટ
શ્રી શેરી ખોખરામહેમદાવાદ — અમદાવાદ

શ્રી પુનમચંદ જેઠાલાલ પટેલ
ગોકુળનગર, ઉસ્માનપુરા, આશ્રમ રોડ, — અમદાવાદ

શ્રી પુરસોતમદાસ પી. વ્યાસ
શ્રીનગર સોસાયટી, સ્ટેડીયમ સામે
નવરંગપુરા — અમદાવાદ

શ્રી મુકુન્દરાય જે. જાની
સાબરમતી પાવર હાઉસ, સાબરમતી — અમદાવાદ

## બહારગામના પ્રતિનિધીઓ

**આણંદ**
શ્રી બિપીનચંદ્ર ભટ્ટ
વ્યાસ ફળીયા — આણંદ

**કપડવંજ**
શેઠ બાબુલાલ દલસુખરામ
બજારમાં — કપડવંજ

**કઠલાલ.**
ડૉકટર ગણપતલાલ — કઠલાલ

**ખેડબ્રહ્મા**
શ્રી ભાઈશંકર ત્રીવેદી
માતાજીનું મંદિર — ખેડબ્રહ્મા

**જંબુસર**
શ્રી જયંતીભાઈ
હસીખુશી સ્ટૉર્સ — જંબુસર

**ડભોઈ**
શ્રી વિપીનચન્દ્ર મગનલાલ
વસાઈવાળા જીન — ડભોઈ

**ધનસુરા**
શ્રી વાડીભાઈ શાહ — ધનસુરા

**નડિયાદ**
શ્રી રજનીકાન્ત ચોકસી
સિંદુશીપોળ — નડિયાદ
શ્રી ચન્દ્રવદન મણીલાલ ઠાકર
કંસારા બજાર — નડિયાદ
શ્રી બંસીલાલ પ્રાણલાલ શાહ
લલ્લુજોષીની પોળ — નડિયાદ

**નવસારી**
શ્રી ધનજીભાઈ કાલીદાસ ચોકસી
મોટા બજાર, પોલીસ ચોકી સામે — નવસારી

**પાટણ**
શ્રી જયંતિલાલ વિશ્વામિત્ર વૈદ
ખેજડાનો વાડો, ગીમટો — પાટણ

**મહેમદાવાદ**
શ્રી નટવરલાલ વાડીલાલ શાહ
દેસાઈની પોળ — મહેમદાવાદ

**ભૂજ**
શ્રી મોતીલાલ ગોપાળજી
દવાની દુકાન — ભૂજ
શ્રી જમનાદાસ વ્હોરા
કચ્છ મિત્ર — ભૂજ

**ભરૂચ**
શેઠ શ્રી કંચનલાલ કાનસુપઠા
નવા દહેરા પાસે — ભરૂચ

**રાજકોટ**
શ્રી રમણલાલ મફતલાલ શાહ
ભરત કુમાર એન્ડ કું.
પરા બજાર — રાજકોટ

**વડોદરા**
શ્રી ધર્મિકલાલ ચુનીલાલ વ્યાસ
સુલ્તાનપુરા — વડોદરા

**વલસાડ**
શાહપુરજી માંજરા
તીથલ રોડ — વલસાડ

**વઢવાણ**
શ્રી શાન્તિલાલ શાહ વોચ કું. સુરેન્દ્રનગર (સૌરાષ્ટ્ર)

**મુંબઈ-પ્રતિનિધી**
શ્રી વસનજી ભવાનજીની કું.
૨૧૬, કાલબાદેવી રોડ — મુંબઈ
શ્રી કુંવરજી રણસી
જવાહર મેડીકલ સ્ટૉર્સ
મસ્જીદ બંદર રોડ — મુંબઈ
ડૉ. ત્રીભોવનદાસ નાળીયેરવાળા
કુંભાર ટુકડા-ભૂલેશ્વર — મુંબઈ
શ્રી ધારસીભાઈ રામદાસ
જોષી લેન, ઘાટકોપર — મુંબઈ
શ્રી પુરૂષોતમ ખેરાજ
મુલુન્દ — મુંબઈ
શ્રી મીઠુભાઈ શાહ
સહરા કિરણ સ્ટૉર્સ
રાનડે રોડ, દાદર — મુંબઈ

---

આશીર્વાદ પ્રકાશન વતી પ્રકાશક : શ્રી દેવેન્દ્રવિજય વિજયશંકર દવે, રાયપુર, ભાઉની પોળની બારી પાસે, અમદાવાદ.
મુંબઈ કાર્યાલય : માનવમંદિર, માનવમંદિર રોડ, મલબાર હીલ, મુંબઈ-૬.
મુદ્રક : શ્રી અંબાલાલ હીરાલાલ પટેલ, એન. એમ. પ્રીન્ટીંગ પ્રેસ, દરિયાપુર ડબગરવાડ, અમદાવાદ.

આશીર્વાદ પ્રકાશનના ઉદ્દ્ઘાટન પ્રસંગે

હાર્દિક શુભેચ્છા સાથે:–

સત્ય અહિંસા દયા નીતિનું ધર્માલય
ભારતની સહુ લલિતકલાનું વિદ્યાલય
સેવાધારી માનવનું આ છાત્રાલય
સદાય જાગૃત દેવોનું આ દેવાલય
માનવ મંદિર, માનવ મંદિર, માનવ મંદિર...



# ગોદાવરી સુગર મીલ્સ

ફાઝલભાઇ બીલ્ડીંગ,
મહાત્મા ગાંધી રોડ,
**મુંબઇ–૧.**



ફોન : { ૨૫૪૦૪૨
૨૫૫૩૩૭

Phones : 20396 } Sales.
23430

42654 Office.

Grams : CONWEST.

Kashmere Gate, Delhi-6
Branches : New Mount Road, Nagpur-1
Relief Road, Ahmedabad-1

# CONWEST PRIVATE LIMITED

**448, Lamington Road, BOMBAY 4.**

Distributors of : GM Parts & Accessories see for Chevrolet Vauxhall/ Bedford. Wellworthy Pistons, Rings & Liners, Clevite Thin Walled Beoarings, Repco Fly Wheel, Ring Gears Qhl-Rane Tie Rod Ends, Tranco & Ate Engine Valves. Borg & Beck and F&S Clutch Parts, Marelli ignition Parts, Metropolitan Springs & Leaves-BLS Autotive Wires & Cables- B and A Electrical Parts-TMI Hubs and Drums.

Stockists of : Ferodo Brake and Clutch Linings, Parts for Tata-Mercedes-Benz, Perkins P-6, Fiat Jeep and other Popular Vehicles.